પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

|| ૨૯ ||




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ



પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૯ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

ॐ ह्रीँ अर्हं नमः

- **HASTAKSHAR NU AKSHAY PATRA**

  Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


- **VOLUME - 29**

  March 2020
  300 Copies / 224 Pages
  For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
  Mumbai / Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Shri C. K. Mehta
  Mumbai

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle

---


- **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

  C/o Shri Sudhirbhai Pandya,
  'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
  Jamkhambhaliya - 361305.
  (Dist: Devbhumi Dwarka)
  +91 2833 - 254156


- **ખાસ વિજ્ઞપ્તિ**

  ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

ॐ नमः




સાધકની રોજનીશી... એટલે દરરોજના આધ્યાત્મિક ચિંતનોના આલેખનનો કાર્યક્રમ!

પરમ પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની ૨૨૪ જેટલી હસ્તલિખિત રોજનીશીઓમાંથી પસાર થતાં તેઓનું ચિંતન કેવું વિશિષ્ટ તથા અનુભૂતિ સહિતનું હતું તે સ્પષ્ટ થાય છે. ચોવીસે કલાક આત્માનુપ્રેક્ષામાં લીન રહેતા સાહેબજીનું એક એક મંથન આજે ૬૦-૭૦ વર્ષો પછી પણ સૌના જીવન માટે આદર્શસ્વરૂપ છે.

હાં... શાસ્ત્રોમાં 'તાત્ત્વિક ભવનિર્વેદ' અને 'મોક્ષાભિલાષ' કોને કહેવામાં આવે છે તે વિષે હમણાં આ ગ્રંથની ડાયરીમાં વાંચવામાં આવ્યું કેઃ ''ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા અને અપકારી પ્રત્યે ક્ષમાપના શીખવનાર મંત્ર તે 'નમામિ' અને 'ખમામિ' છે. વ્યવહારધર્મના બીજ કૃતજ્ઞતા અને ક્ષમાપના છે. કૃતજ્ઞતામાંથી ઉત્પન્ન થતા ક્ષમાપનાનાં મૂળ ઘણાં ઊંડા હોય છે. 'જેટલો ઉપકાર હું લઉ છું, તેટલો ઉપકાર હું બીજાને કરી શકતો નથી' આ વિચારના ખેદમાંથી ઉત્પન્ન થતી ક્ષમાપના જીવની અત્યંત શુદ્ધિ કરી આપે છે. 'ઉપકારીઓના ઉપકારનો બદલો હું વાળી શકતો નથી, કેમકે એ બદલો તો જ વળે કે હું જેટલાનો ઉપકાર લઉં છું, તેનાથી અધિક ઉપકાર હું બીજા ઉપર કરૂં.' આ વિચારને આચારમાં લાવવો તે સંસારમાં તો શક્ય નથી, તેથી અનંતકાળ સુધી જ્યાં પરોપકાર જ થઈ શકે એવું જે સિદ્ધપદ છે, તેને મેળવવાની તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય, તેનું જ નામ તાત્ત્વિક ભવનિર્વેદ અને તાત્ત્વિક સંવેગ કે મોક્ષાભિલાષ છે.'' સાહેબજીનું આવું મૌલિક આત્મચિંતન ધર્મધ્યાનની ભૂમિકાથી ઉપર ઉઠીને ભાવધર્મની અનુભૂતિએ પહોંચાડી દે તેવું છે.

ॐ नमः

જ્ઞાની ભગવંતો કહે છે તેમ આગમના એક એક પદો મંત્રસ્વરૂપ છે. એમાંથી બે પદોઃ 'नमामि सव्व जिणाणं - खमामि सव्व जिवाणं'ની અર્થભાવના કરતા પૂજ્ય સાહેબજીએ આગમિક વર્ણોને મંત્રભાવોથી ભાવિત બનાવીને કેવો અર્ક કાઢ્યો છે, તે જોઈએઃ

'જિનસ્વરૂપ પ્રાપ્ત થયેલ સર્વને હું નમું છું, કેમકે તેઓ તરફથી મને અનુગ્રહ પ્રાપ્ત થાય છે કે જેના વડે હું મારા જિનસ્વરૂપને પામું છું. એ પામવામાં મારાથી થતાં પ્રમાદ, અજ્ઞાન અને મિથ્યાત્વને હું નિંદુ છું. મારા તે અપરાધને સર્વ જીવો પાસે હું ખમાવું છું. સર્વ જીવોને જિનસ્વરૂપની પ્રાપ્તિ માટે આલંબનરૂપ થવામાં મારાથી થતા વિલંબ અને વિઘ્નરૂપ મારા દરેક અપરાધોની હું ક્ષમા માંગુ છું. સર્વ જીવો મારા તે અપરાધોને ખમો અને ક્ષમા આપો. એ રીતે અર્થભાવનાપૂર્વકના થતા આ બે પદોના ધ્યાન અને સ્મરણથી મારા આત્માને હું શુદ્ધ-નિર્મળ કરૂં છું. રાગાદિથી ભિન્ન અને જ્ઞાનાદિથી અભિન્ન એવા મારા શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ અર્થે મંત્રસ્વરૂપ આ બે પદોનું હું નિરંતર ભાવથી સ્મરણ કરૂં છું.'

આવા અત્યંત આત્મસ્પર્શી ચિંતનોની ખાણ એટલે આ હસ્તલિખિત ડાયરીઓ.

હાં... આટલા વર્ષો તે જાણે ભંડારમાં ભંડારાયેલી રહી પણ કોઈ સુભાગ્યના યોગે પંન્યાસજી મહારાજના જીવનચરિત્ર 'પારસમણિ'ના આલેખન થકી ખૂબ જ ભાવિત થયેલા રાજકોટના સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાના પુત્રવધુ **ભારતીબેન દિપકભાઈ મહેતા**એ ગુરૂકૃપા થકી આ પ્રકાશન માટે સંકલન કરવાની સમગ્ર તૈયારી સંભાળી લીધી અને ૩૦થી વધુ વ્યક્તિઓનું જૂથ તૈયાર કરીને ઑક્ટોબર, ૨૦૧૫થી જબ્બર કાર્યયજ્ઞ શરૂ કર્યો... પણ '૫૦-૫૦ જેટલા વોલ્યુમનો ખર્ચ એટલે જેની કિંમત કરોડો ઉપર જાય! તે માટે આર્થિક રીતે કેવી રીતે કરશું?' એવો વિચાર કરીએ તે પહેલા તો પૂજ્ય સાહેબજીના પરમ ભક્ત અને મુંબઈના પરમ દાનવીર સુશ્રાવક **સી.કે.મહેતા**એ અર્થસારથિ તરીકે સંપૂર્ણ જવાબદારી સ્વીકારી લેતાં સુફળરૂપે આજે ૨૯મા ભાગમાં જે સહજતાથી પ્રવેશ કરી રહ્યા છીએ, તેનો નિરવધિ આનંદ છે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

માર્ચ, ૨૦૨૦









શારદાસુપ્રસાદેન, કાવ્યં કુર્વન્તિ માનવાઃ ।
તસ્માન્નિશ્ચલભાવેન, પૂજનીયા સરસ્વતી ॥
સરસ્વતી મયા દૃષ્ટા, દેવી કમલલોચના ।
હંસયાનસમારૂઢા, વીણાપુસ્તકધારિણી ॥

ॐ नमः

<u>ભીડા, ૧૫-૪-૧૯૬૭, સં. ૨૦૨૩, ચૈત્ર સુદ-૫, શનિવાર</u>

## ભેદાભેદ રત્નત્રયી

'નમો અરિહં તાણં।' આ ૩ પદ રત્નત્રયસૂચક છે.

નમો = અભેદભાવે નમન = તત્ત્વરુચિ.

અરિહં = શુદ્ધ આત્મતત્ત્વ = તત્ત્વબોધ.

તાણં = ભવભયથી ત્રાણ = તત્ત્વરમણતા.

'નમો અરિહં તાણં।' આ ૩ પદ જે અર્થને જણાવે છે,

એ અર્થ ભેદરત્નત્રયીની દૃષ્ટિએ છે.

અભેદરત્નત્રયીની દૃષ્ટિએ પણ તેનો અર્થ ઘટાવી શકાય.

अर्हमेव तात्त्विकः नमस्कारः। આ જ તાત્ત્વિક નમસ્કાર.

જેમ अर्हं એ તાત્ત્વિક નમસ્કાર છે,

તેમ તાત્ત્વિક ત્રાણ પણ अर्हं જ છે.

अर्हमेव = अर्हम् + एव. અહીં एव કાર વડે

નમો = નમસ્કાર અને अर्हं = अरिहं

આમ એ બે નો અભેદ સૂચિત કર્યો છે.

એ રીતે अरिहंमां ત્રણે સમાઈ જાય છે અથવા

દરેકમાં શેષ બેને સમાવી શકાય કે નમો अरिहंताणंના

સંપૂર્ણ અક્ષરમાં પણ એ રીતે ઘટના થઈ શકે.

મંત્રસાધનાનું મહત્ત્વ અર્થની દૃષ્ટિએ નહિ

પણ ભાવની દૃષ્ટિએ છે.

નવકારના પ્રથમ પદમાં કઈ રીતે ભેદરત્નત્રયી પણ છે?

નમો - એ શ્રદ્ધાસૂચક છે.

અરિહં - એ સર્વહિતાનું જ્ઞાન હોવાથી જ્ઞાનસૂચક છે.
તાણં - એ મનન ક્રિયારૂપ હોવાથી ચારિત્રસૂચક છે.
આમ નમો અરિહંતાણંમાં ભેદરત્નત્રયી પણ રહેલી છે.
નમો એ ધર્મ પ્રતિ મૂલભૂત વન્દના હોવાથી દર્શનરૂપ છે.

શ્રદ્ધા વિના સાચું નમન ન હોય.

અરિહં જ્ઞાનજ્ઞાન છે જ.

યોગશાસ્ત્રમાં તેને સર્વ જ્ઞાનપ્રકાશક મંત્ર કહ્યો છે.
તાણં = ત્રાણ. એ મનન વિના ન હોય, મનન તે ચારિત્ર છે.
[illegible] મંત્રની સાધનાનું મહત્ત્વ શબ્દની દૃષ્ટિએ નહિ હોતું, કિન્તુ મંત્રનું મહત્ત્વ જ્ઞાનની દૃષ્ટિએ હોય છે.
જાગ્રતાદિ ૪ અવસ્થાઓ = વૈખરી આદિ ૪ વાણીઓ.

મંત્રને જો વ્યાપક અર્થમાં લઈએ તો

ચૌદ પૂર્વનો સાર નમસ્કાર નહિ પણ નમસ્કાર મંત્રગત મંત્રત્વ છે. રક્ષકશક્તિ મંત્રની છે. સમગ્ર દ્વાદશાંગી મંત્રરૂપ છે. તેમાં નમસ્કાર વિશિષ્ટ જે મંત્ર તે સર્વ-પ્રધાન છે, શબ્દો તેનો અર્થ છે. મનોગુપ્તિ મંત્રનો એક અંશ છે, મંત્ર તેથી મહાન છે. મંત્ર એટલે આત્મા.

# શ્રી નવકાર મંત્રનો અર્થ

નવકારના પ્રથમ પદનો અર્થ એ છે કે:

અરિહં, અરહં તથા અરુહંને જે જાણે, તેને નમસ્કાર.

અરિહં (ધર્મકાર - જૈન જાણે),

અરહં (કર્મકાર - બ્રાહ્મણ જાણે) અને

અરુહં (તત્ત્વકાર - મરમી જાણે)ને નમસ્કાર.

અરિહંતોને નમસ્કાર એ ત્રાણસ્વરૂપ છે.

'અરહં' એ શબ્દબ્રહ્મ હોવાથી પરબ્રહ્મનો વાચક છે.

પરબ્રહ્મ એ પરમાત્મસ્વરૂપ છે.

તે ચૈતન્ય પરમાત્માથી એકરૂપ છે.

તેનો નમસ્કાર એટલે તદ્રૂપ પરિણમન, જે નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનું કારણ હોવાથી ભવભયથી રક્ષણ કરે.

અરિહં, અરહં કે અરુહં એ આત્મસ્વરૂપ છે.

તેનો બોધ થવાથી શ્રુતસામાયિકની ઉત્પત્તિ થાય છે.

શ્રુતસામાયિક સમ્યક્ત્વ સામાયિકનું કારણ છે.

અરિહંતને ભાવનમસ્કાર એ સમ્યક્ત્વ સામાયિકરૂપ છે, કેમકે તેમાંની આત્માની અભેદભાવે પ્રતીતિનું ફળ સર્વવિરતિ સામાયિક, અપ્રમત્તભાવ, અકષાય ભાવની પરંપરાએ સયોગી અને અયોગી અવસ્થાને અપાવે છે,

તેથી તેમાં સાધુ તથા સિદ્ધ નમસ્કાર વગેરે નમસ્કારથી આવરણ ખપે છે. અભેદભાવે આત્મતત્ત્વની પ્રતીતિ થયા વિના ઉપરના ગુણસ્થાનકોની પ્રાપ્તિ અશક્ય છે, અર્થાત્ પ્રથમ ગુણસ્થાનકથી વધુ આગળ વધાતું નથી.

સંગ્રહનયનું સામાયિક એ જ ભાવનમસ્કાર અને
ભાવનમસ્કાર એ જ સંગ્રહનયનું સામાયિક.

તેમાં સ્વરૂપાસ્તિત્વ રૂપે અને સાદૃશ્યાસ્તિત્વ રૂપે આત્મતત્ત્વની એકતાનું જે ભાન થાય છે, તે અનાદિ અજ્ઞાનગ્રન્થિનો છેદ કરે છે. અનંતાનુબંધી કષાયજન્ય હિંસાદિ પાપસ્થાનકોનું તેથી સેવન થતું નથી, કુદેવ-કુગુરુ-કુધર્મમાં સુદેવ-સુગુરુ-સુધર્મની બુદ્ધિ થતી નથી તથા સુદેવ-સુગુરુ-સુધર્મની ભક્તિમાં પ્રમાદ થતો નથી.

નમસ્કાર મહામંત્ર એ
ચૈતન્ય પરમાત્મરૂપ આત્મતત્ત્વની
એકતાનો બોધ કરાવી વૈર-વિરોધનો નાશ કરે છે અને
સ્નેહપરિણામની વૃદ્ધિ કરે છે.
તે દયા, દાન, પરોપકાર આદિ અનેકાનેક
સદ્ગુણોને સહજ બનાવે છે અને
અલ્પકાળમાં જ મુક્તિસુખની પ્રાપ્તિ કરાવે છે.

## નમસ્કાર અને મનસ્કાર

આ નવકાર મંત્ર વિષે વારંવાર કહેવાનું મન થાય છે કે:
નમસ્કાર મંત્ર એ ભવભયથી પીડિતને શરણદાયી છે,
ભવસમુદ્રમાં ડૂબતાને દ્વીપકલ્પ છે,
અનર્થનો પ્રતિઘાત કરવા માટે પ્રબળ સાધન છે,
આત્મધનથી દરિદ્રને ધર્મધનની પ્રાપ્તિ કરવા આશ્રયસ્થાન
અને ભવકૂપમાં પડતા જીવો માટે આલંબન આપનાર છે.

## નમસ્કારમાં આ સામર્થ્ય શાથી છે?

નમસ્કાર એ સંસાર તરફ ઢળતા મનને
મોક્ષ તરફ વાળવાનું પરમ સાધન છે.
મનસ્કાર એ જો સૃષ્ટિ છે, તો
નમસ્કાર એ તેનો સંહાર છે.
નમસ્કારથી બાહ્યસૃષ્ટિનું સર્જન કરનાર મનને રોકીને
આત્માની આંતરસૃષ્ટિ તરફ વાળવાનું કાર્ય થાય છે.
નમસ્કાર મનને આત્મા તરફ વાળવાનો પ્રયોગ છે.
નમસ્કારથી જ સાધક માટે
બહિરાત્મભાવનો ત્યાગ કરી,
પછીના અંતરાત્મભાવમાં સ્થિર થઈ,
પરમાત્મભાવ તરફ વળવાની ક્રિયા શક્ય છે.

'નમો અરિહંતાણં ।'

તે પ્રકૃતિની પ્રાપ્તિના સકલ ઉપાયોનો સંગ્રહ છે.
નમો + अरिहं + ताणं = 3 મળીને પ્રકૃતિ મંત્ર સર્જાય છે.
આ મંત્રના મનન વડે આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

o નમો = 3 અવસ્થા, 3 ભેદ, 3 યોગ વગેરે.
अरिहं = અર્ધમાત્રા - ઈશ્વરકૃપા - પ્રકૃતિ.
ताणं = પ્રકૃતિની પ્રાપ્તિ.

o નમો = Nonresistence,
अरिहं = peace, ताणं = bliss.

o નમો = શ્રવણ - જાગ્રત અવસ્થા,
अरिहं = મનન - સ્વપ્ન અવસ્થા,
ताणं = નિદિધ્યાસન - સુષુપ્તિ અવસ્થા.

o નમો = સત્કર્મ = સાત્વિક કર્મ,
अरिहं = તત્કર્મ = નિષ્કામભાવે તાત્વિક કર્મ,
ताणं = ૐકાર = પરમાત્મસ્વરૂપ.

o નમો = શ્રુત, શ્રોતવ્ય, अरिहं = ચિન્તા, મંતવ્ય,
ताणं = ભાવના, નિદિધ્યાસિતવ્ય.

o નમો = કર્મયોગ, अरिहं = ભક્તિયોગ,
ताणं = રાજયોગ.

## 'નમો અરિહંતાણં'માં...

o નમો = અપરાધની ક્ષમાપના.
અરિહં = આત્મદ્રવ્યનો નમસ્કાર ત્રાણસ્વરૂપ છે.
તાણં = ગુણનો સ્વીકાર, આત્મદ્રવ્ય.

o નમો = विमुक्तकल्पना जालं = કામબંધ.
અરિહં = समत्वे सुप्रतिष्ठितं = ક્રોધબંધ.
તાણં = आत्मारामं मनः = લોભબંધ.

o નમો = પશુ, અરિહં = મનુષ્ય, તાણં = પ્રભુ.

o નમો = પૃથ્વી, અરિહં = અંતરિક્ષ, તાણં = સ્વર્ગ.

o नमो = त्यक्तार्तरौद्रध्यानस्य ।
अरिहं = त्यक्तसावद्यकर्मणः ।
ताणं = मुहूर्तं समता या तां सामायिकव्रतमुदीरितं ।

નિર્વિકલ્પ આત્મદ્રવ્યનું સ્મરણ શરણભૂત છે.
નિર્વિકલ્પતા એ જ ત્રાણરૂપ છે અને
તે આત્મદ્રવ્યના અવલંબને જ પ્રકટે છે.

o यच्छेद् वाङ्मनसी प्राज्ञः
तद् यच्छेद् ज्ञान-आत्मनि ।
ज्ञानमात्मनि महति-नियच्छेत्
तद् यच्छेत् शान्त-आत्मनि ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## મંત્ર અને મનોગુપ્તિ

મનોગુપ્તિ = મંત્ર સોપાનપંક્તિનું પહેલું પગથિયું.

મનોગુપ્તિ વિના મંત્ર સિદ્ધ ન થાય.

મનોગુપ્તિ તે ધ્યાનની પૂર્વભૂમિ છે.

જો મનોગુપ્તિ એ અરિહન્તરહસ્યની ઉપષ્ટંભક છે, તો
મંત્ર એ તાત્ત્વિક અરિહન્તરહસ્ય છે.

જો મનોગુપ્તિ એ સંવરરૂપ છે, તો
મંત્ર નિર્જરા અથવા મોક્ષસ્વરૂપ છે.

જો મનોગુપ્તિ એ સુષુમ્ણારૂપ છે, તો
મંત્ર તે સુષુમ્ણામાં ઊર્ધ્વગતિરૂપ છે.

જો મનોગુપ્તિ એ મંત્રના આગારસ્વરૂપ છે, તો
મંત્ર તો પોતે જ આત્મા છે.

જો મનોગુપ્તિ એ બલ્બ છે, તો મંત્ર તેનો પ્રકાશ છે.

મંત્રસાગરમાં મનોગુપ્તિ એ બિન્દુની જેમ અંતર્ગત છે.

ત્રાણ એ તો મંત્રનો સ્થૂલ અર્થ છે, કિન્તુ
મંગલરૂપતા તે જ મંત્રનો સૂક્ષ્મ અર્થ છે.

સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને અર્થો નવકારની ચૂલિકામાં છે.

અષ્ટપ્રવચનમાતા પોતે પ્રવચનરૂપ નહિ પણ પ્રવચનની ઉત્પાદક-પાલક-પોષક છે, મંત્ર સ્વયં પ્રવચનરૂપ છે.

નમસ્કારરૂપી મંત્રરાજના ધ્યાનના પ્રભાવથી
'પરમાત્મતત્ત્વ શું છે' તે વધુને વધુ સ્પષ્ટ થાય છે.
આ તે તત્ત્વ છે કે જેના ધ્યાનથી સર્વ કામિતો પરિપૂર્ણ
થાય છે. જેમ બીજમાં વટવૃક્ષ શક્તિથી રહે છે, તેમ
અર્હં તત્ત્વમાં સમગ્ર ધર્મકલ્પવૃક્ષ શક્તિરૂપે રહેલ છે.
સોઽહં કે અર્હં એવું જે શબ્દબ્રહ્મ તે જ આગમ છે,
જે શીઘ્ર કર્મકચરાને બાળીને આત્મતત્ત્વજ્ઞાન કરાવે છે.

મંત્ર એ મનન અને ત્રાણ કરે છે.

'મનન' એટલે પરમાત્માભેદનું અનુસંધાન.

શાસ્ત્રોમાં જ્યાં જ્યાં જિનપદ આવે છે,
ત્યાં ત્યાં પોતાનો આત્મા મુખ્યત્વે અભિપ્રેત છે.

## તાત્ત્વિક નમસ્કાર અને પ્રતિષ્ઠા

તાત્ત્વિક નમસ્કાર અને તાત્ત્વિક પ્રતિષ્ઠા એકાર્થક છે.
નમસ્કાર્યની સાથે જ્યારે નમસ્કારકર્તા અભેદપ્રણિધાન
કરે, ત્યારે કર્તા, કર્મ અને ક્રિયા એકાકારને પામે છે.
આમ પ્રતિષ્ઠાકારક જ્યારે સ્થાપ્યની સાથે સમાપત્તિ
વડે એકતાને પામે છે, ત્યારે તાત્ત્વિક પ્રતિષ્ઠા થાય છે.
નમસ્કાર એ સ્વાત્મામાં નમસ્કાર્યનું અભેદપ્રણિધાન
કરાવનાર હોવાથી 'મહિ તદ્રૂપં, સ એવાઽહં |' ઇત્યાકારક

તાત્ત્વિક પ્રતિષ્ઠાસ્વરૂપ બને છે. તે પ્રતિષ્ઠા પરમ પ્રતિષ્ઠામાં તત્કાળ પરિણમન પામીને મુક્તિફલક બને છે. મુક્તિ એ સ્વરૂપપાલનરૂપ છે, તેમ જેવાનું પ્રધાનકારણ સમાપત્તિરૂપ તાત્ત્વિક પ્રતિષ્ઠા છે. તેનો ઉપચાર મૂર્તિ અને મંત્રમાં કરાતો હોવાથી મૂર્તિના દર્શન અને મંત્રના સ્મરણ વખતે તાત્ત્વિક પ્રતિષ્ઠાનું દર્શન-સ્મરણ થાય છે, જે ઉત્તરોત્તર પરિણામવિશુદ્ધિ કરી સ્વરૂપપાલન પમાડે છે.

### ઉપદેશ રહસ્યગ્રન્થનું મંગલાચરણ

આ ગ્રન્થનો પ્રારંભ વર્તમાન તીર્થાધિપતિ, આસન્નોપકારી પરમાત્મા મહાવીરને નમસ્કાર કરીને કરવામાં આવેલ છે.

### તાત્ત્વિક નમસ્કાર એટલે...

તત્ત્વથી, સ્વ અભેદ વડે, અંતર્ભૂત ધ્યાતાધ્યેયપણે અર્થાત્

'ધ્યાતા અને ધ્યેય સ્વથી અભેદ છે'

એવો સ્વીકાર કરીને થતો નમસ્કાર.

તાત્ત્વિક નમસ્કારમાં સકલ વિઘ્નવિચ્છેદનું સામર્થ્ય છે.

વળી ગ્રન્થની પરિસમાપ્તિમાં પણ આવનારા

સકલ અંતરાયોનો નાશ કરવાનું સામર્થ્ય

તાત્ત્વિક નમસ્કારમાં જ સમાવિષ્ટ હોવાથી શિષ્ટપુરુષોએ ગ્રન્થના પ્રારંભમાં મંગલાચરણનું આચરણ કરેલું છે.

તાત્ત્વિક નમસ્કાર એટલે...

નમસ્કાર્ય સાથે નમસ્કારકર્તાના અભેદએકત્વનું પ્રણિધાન.

અભેદ નમસ્કાર એટલે...

પરમાત્માને ઉદ્દેશીને પોતાના આત્માનું
તાત્ત્વિકસ્વરૂપ જેમાં પ્રણિધાનનો વિષય બને છે તે.

તે શા માટે એ પ્રશ્નનો સાર ?

તેમાં ધ્યાનની સાથે ધ્યાતા અને ધ્યેય એકત્વ પામે છે,
તેથી આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ બને છે માટે.

નમ-જાપનો ધ્યેય શો ?

નમ-જાપ વડે અહંત્વ-મમત્વનો નાશ એ ધ્યેય છે.
પરિગ્રહસંજ્ઞા અહંત્વ તથા મમત્વરૂપ છે,
તેને પુષ્ટ કરનાર આહારાદિ સંજ્ઞાઓ છે.
આહારસંજ્ઞા એ અહંત્વની પુષ્ટિનું મુખ્ય સાધન છે.
તેમાંથી જે ભય-મૈથુનાદિ સંજ્ઞાઓ ઉત્પન્ન થાય છે,
તે સૌ પણ પરંપરાએ અહંત્વ-મમત્વની જ પોષક છે.
તે બધાનો છેદ ઉડાવવાની શક્તિ અર્હંના જાપમાં છે.
જાપ વડે થતું અર્હંનું ધ્યાન અહંત્વનો નાશ કરે છે.
અર્હંનું સ્વામિત્વ અને અહંનું દાસત્વ સ્વીકારવાથી
પરિગ્રહસંજ્ઞાનો અંત આવે છે, તે જાપ વડે સધાય છે.

આપને સહાયક બનીને તપ આહારાદિ સંજ્ઞા નષ્ટ કરે છે.

ભવરોગનું નિદાન જ અહંત્વ - મમત્વ છે,
એનું નિવારણ તપ-જપ વડે થાય છે.
તપ-જપના શરણે રહેનારો અહંત્વ - મમત્વ અને તેને પોષનારી આહારાદિ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવે છે.

શિરોહી, ૨૩-૦૫-૨૦૬૭

## મહામંત્ર અષ્ટાપદરૂપ કઈ રીતે?

સેંકડો હાથીઓનું બળ એક સિંહમાં છે,
હજારો સિંહનું બળ એક અષ્ટાપદમાં છે.
મનરૂપી હાથીને પરાસ્ત કરનાર મંત્રરૂપી સિંહ છે.
તેમાં પણ અષ્ટસંપદાયુક્ત મહામંત્ર અષ્ટાપદરૂપ છે.

૮ સંપદાયુક્ત નવકારમંત્ર એ...
અષ્ટકર્મનો નાશક, અણિમાદિ ૮ સંપદાઓનો દાયક તથા જ્ઞાનાદિ અનંતગુણોને સિદ્ધ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

૧૪ પૂર્વનો સાર નવકાર છે.
નવકારનો સાર આત્માનું પરમાત્મા સાથે મિલન છે.
દરઅસલ પરમાત્મા પોતે જ આત્મારૂપે
વિવિધ અવસ્થાઓને ધારણ કરી રહેલ છે.
અણમોલ નમોમંત્ર = નમો અરિહંતાણં.

નમસ્કારની ક્રિયા જ્યારે અર્થભાવનાપૂર્વક થાય,
ત્યારે જીવાત્માની ગતિ પરિધિથી કેન્દ્ર તરફ થાય છે.
જીવાત્માનું એ ગમન સરળ બનાવવા નમસ્કાર મંત્રનું
ભાવપૂર્વક સ્મરણ, રટણ, ધ્યાન, અનુચિંતન સહાયક બને.

સં. 2023, વૈ-વ-2-જવાલ, તા/25-5-1967

'નમો' મંત્ર વડે મન સંક્લેશભાવથી રહિત થાય.
'अरिहं' મંત્ર વડે મન સમત્વભાવમાં સુપ્રતિષ્ઠિત થાય.
'ताणं' મંત્ર વડે મન આત્મારામ બને છે.

મનને વિસ્મયભાવથી રહિત બનાવવા માટે
નમો મંત્ર અને તેની અર્થભાવના સહાયક બને છે.
મનને સર્વ સ્થિતિ, સંયોગો અને વ્યક્તિઓ પ્રત્યે
સમાન ભાવવાળું ટકાવી રાખવા માટે
अरिहं પદ અને તેની અર્થભાવના ઉપયોગી બને છે.
મનને પુદ્ગલભાવ તથા પરભાવથી રહિત બનાવી
આત્મભાવ અને સ્વભાવમાં રમણ કરતું કરવા માટે
ताणं પદ અને તેની અર્થભાવના ઉપકારક થાય છે.
નમો વડે આર્તરૌદ્રધ્યાનનો પરિત્યાગ, अरिहं પદ વડે
ધર્મધ્યાનની ભાવના પુષ્ટ તથા ताणं વડે શુક્લધ્યાનનો
પડછો - ઝાંખી પાડી ધ્યાયી શકાય, તેથી તે મહામંત્ર છે.

मंत्राणामचिन्त्यशक्तिता । - हेमचन्द्र

## શાસ્ત્રાધ્યયનનું ધ્યેય અને ફળ એટલે...

જીવનમાં સમતા અને જીવમાત્ર સાથે મિત્રતા
અથવા તો Equanimity and Fraternity.
શાસ્ત્રાધ્યયન જેમ જેમ ઊંડું અને વ્યાપક બનતું જાય,
તેમ તેમ જીવનના પ્રત્યેક પ્રસંગોમાં સમતા
અને જીવમાત્રની સાથે મિત્રતા વધતી જાય છે.
આ સમતા અને મિત્રતા જીવનમાં કેળવવા એજ
શાસ્ત્રાભ્યાસનું ધ્યેય હોય છે, કારણ કે તે જ તેના
પ્રકર્ષને પામીને કેવળજ્ઞાન - કેવળદર્શનમાં પરિણમે છે.

### ધર્મશાસ્ત્રના પરિશીલનનો હેતુ

જીવનમાં ધર્મને જાગ્રત કરીને જીવનને ધર્મમય એટલે
અહિંસા - કરુણા - સત્ય - સમતા - મુદિતામય બનાવવાનો છે.
ચૈતન્ય સર્વવ્યાપી હોવા છતાં જ્યાં સુધી તે વૃત્તિમાં
આરૂઢ ન થાય, ત્યાં સુધી તે પોતાનું કાર્ય કરતું નથી.
પ્રભુઆજ્ઞા પ્રમાણે કરાયેલું કર્મ એવું શક્તિસંપન્ન
હોય છે કે તે પુરુષના ઇષ્ટફળનું સ્વયમેવજનક બને છે.
કર્મ = મંત્ર, દેવતા, વિધિવત્ કર્મ તથા સામગ્રીજન્ય શક્તિ.

### ઇંદ્રિયજન્ય જ્ઞાન અને વિવેકજ્યોતિ

એ બંને પ્રકારના લોકો પુરુષ માટે પ્રવૃત્તિ સિદ્ધ કરે છે.

## મન અને કેવળીપણું

'નમો'ના ઉપયોગથી મનરૂપી ચંદ્રમા આત્મારૂપી સૂર્યમાં
વિલીન થઈ જાય છે, તેથી અહંત્વ મટી અર્હત્વ પ્રગટે છે.
ન = સૂર્યવાચક, મ = ચંદ્રવાચક, ો = ઉચ્છેદવાચક.
સૂર્યમાં ચંદ્રનું મળી જવું = આત્મામાં મનનું લીન થઈ જવું.
એ જ છે કેવળીપણું, કર્મરહિત કેવળ આત્માનું રહેવાપણું.
સમગ્રસૃષ્ટિ મનનું સર્જન છે, તે મન જ જ્યારે જતું રહે,
ત્યારે સૃષ્ટિ આપોઆપ વિલય પામી જાય છે.

## એક બાજુ નમ્ર - બીજી બાજુ ઉગ્ર?

જે નમસ્કારથી અરિહંતત્વ, અર્હત્વ અને અરૂહંતત્વની
પ્રાપ્તિ થાય છે, તે નમસ્કાર મમત્વરૂપી અરિનો વિધ્વંસક
તથા સમત્વરૂપી પૂજ્યતાનો અને નિર્વિકલ્પતા રૂપી
અજરામરતાનો સર્જક છે, તેથી એક બાજુ તે નમસ્કાર
પરિપૂર્ણ નમ્ર છે અને બીજી બાજુ અત્યંત ઉગ્ર છે.
સમત્વવાન્ અર્હત્વના ઉપયોગથી અહંત્વ અને મમત્વ
ઉભયનો નાશ થાય છે. અર્હત્વ અહંત્વનું વિરોધી છે
અને સમત્વ એ મમત્વનું પ્રતિપક્ષી છે.
અહંત્વ તથા મમત્વને જે ગાળી નાખે તે મંગળ છે
અને તેથી જ નમસ્કાર એ સર્વ મંગળોમાં પ્રધાન છે,
જે અર્હત્વ અને સમત્વરૂપી ધર્મને લાવે છે.

પાપાદ્ ગાલયતિ, ધર્મં લાતિ ઇતિ મંગલં ।
પાપ ગાળવાથી સજ્જનતાની પ્રાપ્તિ અને
ધર્મ મળવાથી ભવ્યત્વનો વિકાસ થાય છે.
નમસ્કારભાવ એ ધર્મનો સંબંધ કરાવનાર
અહંત્વ-મમત્વનો વિરોધીભાવ છે અને મુક્તિનો સંબંધ
કરાવનાર અર્હંત્વ અને સમત્વભાવનો વિકાસક છે.
નમસ્કારભાવથી અહંતા-મમતા જાય છે અને
જીવનમાં અર્હંતા અને સમતા આવે છે.

## ધર્મનો સાર

ધર્મ આજ્ઞાથી પ્રતિબદ્ધ છે.
ધર્મ = આજ્ઞાકારકની ભક્તિ + આજ્ઞાપાલકની શ્રદ્ધા.
આજ્ઞા, આગમ, શુદ્ધ પુરુષનું વચન,
વચનાનુસારી ક્રિયા, ક્રિયાના ફળ ઉપર શ્રદ્ધા,
ક્રિયા વિના ફળની અશ્રદ્ધા, ભક્તિ વિના ક્રિયાની અપ્રાપ્તિ,
શક્તિ વિના ભક્તિની અનુત્પત્તિ, પ્રભુભક્તિ વિના
શ્રદ્ધાની અપ્રાપ્તિ, શ્રદ્ધા વિના ક્રિયાની અસિદ્ધિ અને
ક્રિયા વિના ફળની અસિદ્ધિ નિશ્ચિત ગણાય છે.
પ્રભુઆજ્ઞાનું બહુમાન એજ ધર્મનો સાર છે.
એ શરણાગમનના ઐદંપર્યાર્થની શુદ્ધિ છે.

મારપુર, વૈશાખ વદ ૯, ૭૪૩, ૨-૬-૨૦૫૭

## મંત્ર અને મૂર્તિનું ચૈતન્ય

'યોગશાસ્ત્ર'ના અષ્ટમ પ્રકાશમાં
સાક્ષાત્ સરસ્વતી દ્વારા પ્રાપ્ત થયેલ
પ્રવાદાનુગત વિદ્યા અને મંત્રોના આમ્નાયો છે.
મંત્ર અને મૂર્તિનું ચૈતન્ય પરમાત્મા સ્વરૂપના સ્મારક છે.
પરમાત્માની સાથે આત્માની એકતાનું સ્મરણ કરવા માટે
મૂર્તિ અને મંત્ર પરમ આલંબનભૂત છે.
સમાપત્તિનિરૂપક સ્થાપ્યનું આલંબન મૂર્તિ છે.
સમાપત્તિનિરૂપક વાચ્યનું આલંબન મંત્ર છે.
જ્યારે સમાપત્તિનિરૂપક સ્થાપ્યના આલંબન રૂપે મૂર્તિ બને,
ત્યારે 'તે મૂર્તિ પ્રતિષ્ઠિત થયેલ છે'
એવો વ્યવહાર થાય છે, તેમ જ્યારે
સમાપત્તિ નિરૂપક વાચ્યના આલંબનરૂપે મંત્ર બને,
ત્યારે 'તે મંત્ર ચૈતન્યયુક્ત થયો' ઈત્યાદિ છે.
મંત્રમાં રહેલું મંત્રચૈતન્ય
સમાપત્તિ ઘટિત વાચ્યના આલંબનત્વમાં રહેલું છે અને
મૂર્તિમાં રહેલું સ્થાપ્યત્વ
સમાપત્તિ ઘટિત સ્થાપ્યના આલંબનત્વમાં રહેલું છે.

મંત્રને ચૈતન્યસ્વરૂપ અને મૂર્તિને પરમાત્મસ્વરૂપ
બનાવનાર સમાપત્તિ ઘટકીભૂત વાચ્ય અને
સ્થાપ્યનું આલંબનત્વ છે.

'મંત્રવાચ્ય પરમાત્મા અને મૂર્તિસ્થાપ્ય પરમાત્મા
સ્વઆત્માથી અભિન્ન છે' એવી સમજ જ
મંત્ર અને મૂર્તિની ઉપાસનાનું સાફલ્ય નિપજાવનાર છે.

મૂર્તિમાં સમાપત્તિનું સ્થાપ્ય રહેલું છે, જ્યારે
મંત્રમાં સમાપત્તિનું વાચ્ય રહેલું છે.

સમાપત્તિ ધ્યાતા - ધ્યેય - ધ્યાન ત્રણેની એકતાસ્વરૂપ છે.
ધ્યાન વડે ધ્યાતા અને ધ્યેયની એકતા અથવા
ધ્યાન અને ધ્યાતાની ધ્યેયમાં વિલીનતા તે સમાપત્તિ છે.
ધ્યેયવિષયક ધ્યાતાનો ઉપયોગ જ સમાપત્તિ છે.
ધ્યાનારૂઢ આત્મા તે ધ્યાતા છે.
પરભાવનિરપેક્ષ સહજ પરમાત્મતત્ત્વ એ ધ્યેય છે
અને તે બન્ને વિષે પ્રત્યયની એકતાનતા તે ધ્યાન છે.

અરિહંતવિષયક ધ્યાતાનો ઉપયોગ
તે આગમથી ભાવનિક્ષેપે અરિહંતસ્વરૂપ છે.

નાદસ્યાન્તર્ગતં જ્યોતિર્જ્યોતિરન્તર્ગતં મનઃ ।
તન્મનોવિલયં યાતિ તદ્ વિષ્ણોઃ પરંપદમ્ ॥१॥
(પરિશિષ્ટ-૨)

## અરિહંતનો ઉપયોગ અરિહંતસ્વરૂપ

स्वनिरूपकस्थाप्यालंबनत्वेन समापत्तिः

प्रतिष्ठितत्वव्यवहारजननी ।

स्वनिरूपकवाच्यालंबनत्व संबंधेन समापत्तिः

मंत्रव्यवहारजननी ।

## ચૌદ પૂર્વનો સાર સમાપત્તિ

શાસ્ત્રમાં મુક્તિની જેમ આત્મા સર્વજ્ઞ વ્યાપક છે.

સર્વનો સાધક અનુભવાય પણ આત્માનો કદાપિ નહિ.

જીવન એ ભોગને માટે નહિ પણ ભક્તિ માટે છે.

આત્મા પરમાત્માની એકતા,

તેનો બોધ, શ્રદ્ધા અને આચરણરૂપી રત્નત્રય.

રત્નત્રય એ સમાપત્તિનાં જ 3 સ્વરૂપ છે.

જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા, અવબોધ અને આચરણ

એ વ્યવહાર રત્નત્રય છે.

આત્મામાં જ પરમાત્મતત્ત્વનો

અવબોધ, શ્રદ્ધા અને આચરણ એ નિશ્ચય રત્નત્રય છે.

આત્મા આત્મા વડે, આત્મામાં, આત્માથી,

પરમાત્માને જાણે - જુએ - સદ્દહે,

તે નિશ્ચય રત્નત્રય અભ્યંતર પરિકર છે.

## નિશ્ચય રત્નત્રય એટલે શું ?

'આત્મા પોતે જ તત્ત્વતઃ પરમાત્મા છે'
એવા જિનવચનનો બોધ - શ્રદ્ધા - પરિણતિ ધારણ કરીને
આત્મામાં જ પરમાત્માને જાણવો - જોવો - અવધારવો તે.

## શાસ્ત્ર, મૂર્તિ અને મંત્ર

શાસ્ત્ર, મૂર્તિ કે મંત્રશાસ્ત્રના આદિ પ્રરૂપક એ
મૂર્તિના સ્થાપ્યદેવ કે મંત્રના વાચ્યપરમાત્મા સાથે
કાર્ય - કારણ કે સ્થાપ્ય - સ્થાપક કે વાચ્ય - વાચકભાવનો
સંબંધ ધરાવતા હોવાથી તે ત્રણેને નમન કરવાથી
તેના કારણ, સ્થાપ્ય અને વાચ્યને જ આગળ કરાય છે.
તેને નમન કરવાથી તેની સાથે દ્રવ્ય - ગુણ - પર્યાય
વડે સામ્યને ધારણ કરનાર આત્મા જ આગળ કરાય છે,
વળી અનાત્મતત્ત્વ પ્રત્યેની પ્રીતિનો વિલય થાય છે,
આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિ - ભક્તિ જાગે છે,
જેના પરિણામે કર્મબંધનના હેતુ છૂટી જાય છે અને
કર્મક્ષયના હેતુ આવી મળે છે.
કર્મક્ષયનો પ્રધાન હેતુ આત્મજ્ઞાન છે.
આત્મજ્ઞાનની પ્રાપ્તિનો સીધો ઉપાય આત્મધ્યાન છે.
આત્મધ્યાનનું આલંબન પરમાત્મધ્યાન છે.

પરમાત્મધ્યાનનું આલંબન શરણ, મંત્ર અને મૂર્તિ તથા શાસ્ત્રમાં કહેલું વિધિનિષેધનું અનુષ્ઠાન છે, જેનાથી અનુષ્ઠાનને બતાવનાર શાસ્ત્ર તથા શાસ્ત્રના આદ્ય પ્રકાશક એવા તીર્થંકર-ગણધરભગવંતોનું ધ્યાન થાય છે.

એ ધ્યાન વડે આત્મલાભ અને આત્મલાભ વડે સકલ કર્મના ક્ષય દ્વારા મોક્ષનો લાભ થાય છે.

સમાપત્તિ = ધ્યાતા - ધ્યેય - ધ્યાનની એકતા.

ધ્યાતા ચતુર્થ, પંચમ, ષષ્ઠાદિ ગુણસ્થાનકરૂપ અંતરાત્મા છે.

ધ્યેય એ ક્ષાયિકભાવનું અવિરત સામાયિક એટલે કે ષડ્જીવનિકાય હિતરૂપ પરમાત્મતત્ત્વ છે.

ધ્યાન એ ધ્યેયમાં ધ્યાતાની ચિત્તવૃત્તિની યા મન - વચન - કાયાના વ્યાપારોની એકાગ્રતારૂપ છે.

૪થા ગુણસ્થાનકવાળા આત્મા સર્વ જીવોની હિતચિંતારૂપ વૃત્તિમાં એકાગ્ર હોય છે.

પંચમ તથા ષષ્ઠાદિ ગુણસ્થાનકવાળા આત્મા સર્વ જીવોની હિતચિંતારૂપ વૃત્તિ અને પ્રવૃત્તિ ઉભયમાં એકાગ્ર તથા સાવધાનતાવાળા હોય છે.

સર્વ જીવોની સાથે સમાનતા અને પરમાત્મતત્ત્વની સાથે એકતાવાળી ધ્યાનની એકાગ્રતારૂપ વૃત્તિ = સમાપત્તિ.

એ સમાપત્તિ જ ચૌદ પૂર્વનો સારરૂપ છે.
નવકારથી એકાગ્રતા સધાતી હોવાથી
તેને પણ ચૌદ પૂર્વનો સારરૂપ કહેલ છે.
અધ્યવસાયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ
સમતા સામાયિકના પરિણામરૂપ છે, જે નવકારમાં રહેલી છે.
નિગ્રહ = ઇચ્છા થવી તે. અનુગ્રહ = ઇચ્છાની સમાપ્તિ તે.

**મંત્ર - મૂર્તિ - શાસ્ત્ર - અનુષ્ઠાન દ્વારા શું થાય?**

મંત્ર દ્વારા પરમાત્મતુલ્ય શુદ્ધ આત્મદ્રવ્યનું
સ્મરણ, ચિંતન અને ધ્યાન થાય છે.
મૂર્તિથી શુદ્ધ આત્મદ્રવ્યનું દર્શન - પૂજન - વંદન થાય છે.
શાસ્ત્રથી શુદ્ધ આત્મદ્રવ્યનું શ્રવણ-મનન-નિદિધ્યાસન થાય.
વિહિત નિષિદ્ધ અનુષ્ઠાનનાં સેવન - વર્જન દ્વારા
શુદ્ધ આત્મદ્રવ્યનું સેવન અને કર્મના આવરણથી
આત્મદ્રવ્ય ઉપર આવેલી અશુદ્ધિનું વર્જન થાય છે.
મંત્ર, મૂર્તિ, શાસ્ત્ર અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન એ
રીતે પરમાત્મતુલ્ય આત્મદ્રવ્યના સ્મરણ, ચિંતન, ધ્યાન,
દર્શન, પૂજન, સ્તવન, શ્રવણ, મનન તથા નિદિધ્યાસન
વગેરેનું સેવન કરવા માટે પરમ આલંબનભૂત બનીને
આત્મવિકાસમાં સહાયક બને છે.

અનુષ્ઠાન દ્વારા શાસન, શાસન દ્વારા શાસ્ત્રકાર,
શાસ્ત્રકાર દ્વારા સર્વજ્ઞ પ્રભુ અને તેમના દ્વારા
શુદ્ધ આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયનું આલોચન થાય છે.
એ આલોચન જ પ્રાંતે તો તન્મયરૂપમાં પરિણમન પામે છે.

'સોપયોગિતિ વિધિઃ કલ્પનીયઃ।'

સ્વાત્મામાં પરમાત્માની સમાપત્તિરૂપ સ્થાપનાને જ
તાત્ત્વિક પ્રતિષ્ઠા કહી છે. ધ્યાનના તારતમ્યથી સમાપત્તિના
બે પ્રકાર કહેવાયા છે: તાત્સ્થ્યરૂપ અને તદંજનતારૂપ.
અપવાદથી પરમાત્મપદની પ્રાપ્તિ એ ઉદ્દેશ છે.
નિશ્ચયથી સર્વ ક્રિયાઓ અને તેના ફળનો ઉદ્દેશ
પોતાના આત્મામાં પરમાત્માની સિદ્ધિ છે.
નિશ્ચયથી તો સ્વાત્મા એ જ પરમાત્મા છે તેથી
એવી સ્થાપના કે પ્રતિષ્ઠા એ જ તત્ત્વ છે.
'સ્વાત્મામાં પરમાત્માની સ્થાપના' કરવાનો અર્થ
'સ્વાત્મામાં સ્વસ્વભાવની પ્રતિષ્ઠા કરવી' તે છે.
પરમાત્મા સ્વભાવને ઓળખાવનારા છે, તેથી લક્ષણ નહિ.
કિન્તુ ઉપલક્ષણ તો છે જ. વચનાનલ = વચનાનુષ્ઠાન.
તેમાં અનુષ્ઠાનને કહેનાર શાસનના આદ્યપ્રકાશક
પરમાત્માનું પ્રવર્તકતા સંબંધથી ધ્યાન થાય જ છે.

પ્રતિષ્ઠા સ્યાત્નિષ્ઠ હોવા છતાં તેનું આલંબન
પ્રતિમા હોવાથી ઉપચારથી 'પ્રતિમા' કહેવાય છે.
'આ પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલ છે' આવા પ્રત્યભિજ્ઞા
પ્રતિમાના વંદક - પૂજક - દર્શકને ધર્મનો હેતુ થાય છે.
કાષ્ઠ - પાષાણાદિની પ્રતિમામાં ભગવાનનો અભેદારોપ
હોવાથી પ્રતિમાને પૂજનારને ભગવાનનું જ પૂજન થાય છે.
અભેદારોપ = આહાર્ય આરોપ = ઇચ્છાજન્ય આરોપ.
ઇષ્ટસાધનતાના જ્ઞાનમાંથી ઇચ્છા જન્મે છે.
ઇષ્ટ સાધનતાનું જ્ઞાન સંપાદન કરવા માટે
શ્રુતિમાં ભગવાનનો અભેદ આરોપ કરવાનો વિધિ છે.
પોતાના આત્મામાં પરમાત્મવિષયકભાવનાં આલંબનરૂપે
'આ પ્રતિમા પૂજનીય છે' અથવા
'અભેદ સમાપત્તિના વિષયભૂત પરમાત્માની આ
સાકાર યોગમુદ્રા છે' એવા લક્ષણા વડે
પ્રતિમામાં પરમાત્માનું ધ્યાન થાય છે.
પ્રતિષ્ઠિતપ્રતિમા ભાવસમાપત્તિનું આલંબન ઉપરાંત
સમાપત્તિ ઘટકીભૂત પરમાત્માની સાકાર મુદ્રા છે.
સમાપત્તિ એ અભેદજ્ઞાનરૂપ છે તથા
અભેદજ્ઞાન એ સમાપત્તિરૂપ છે.

અર્થની સ્પષ્ટ પ્રતિભાસ કરવા માટે
શબ્દ અને જ્ઞાન બંને આલંબનરૂપ છે.
તે આલંબન સાધકને અર્થની અભિમુખ બનાવે છે.
અર્થાભિમુખતા કરાવીને પોતાનું કાર્ય પુરું કરી લે પછી
શબ્દ અને જ્ઞાનના આલંબનરહિત
અર્થમાત્ર નિર્ભાસ બાકી રહે, એનું નામ
એકાગ્રતા પરિણામરૂપ સવિતર્ક સમાધિ છે,
જે નિર્વિતર્ક સમાધિનું કારણ બને છે.
સમાધિમાં સ્વરૂપસ્થિતિ એ કૈવલ્ય છે, તેથી તે નિર્બીજ છે.
પ્રતિમા તે નિરાકારને આકાર સ્વરૂપ અર્પે છે.

કયો રંગ શેનો પ્રતિક?

નીલ રંગ - બળ - પૌરૂષનો પ્રતિક.
ભગવો રંગ - ત્યાગ, તપ, વૈરાગ્યનો પ્રતિક.
પીળો રંગ - જ્ઞાન, વિદ્યા, વિવેકનો પ્રતિક.
લીલો રંગ - અધ્યાત્મપ્રેરક વાતાવરણનો પ્રતિક.
લાલ રંગ - સર્વાધિક ધાર્મિકતા અને મંગલનો પ્રતિક.

કઈ ગતિમાં શેની અધિકતા?

દેવગતિમાં સત્વગુણની - મનુષ્યગતિમાં રજોગુણની
તથા તિર્યંચગતિમાં તમોગુણની અધિકતા રહેલી છે.

સાંખ્ય મતે પુરુષ કર્તા નહિ છતાં ભોક્તા છે.
વેદાંત મતે જગત કર્તૃત્વ છે, પણ તદ્દન ભોક્તૃત્વ નહિ.
માનવ પોતાના હૃદયમાં રહેલી ભાવનાને
શિલ્પ અને શબ્દના માધ્યમથી અભિવ્યક્ત કરી શકે છે.
અવ્યક્ત વસ્તુને વ્યક્ત કરવા તથા નિરાકાર વસ્તુને સાકાર
બનાવવા શિલ્પકલા અને શબ્દકલા પરમ સાધન છે.
ધાર્મિક માન્યતાને મૂર્તિમંત સ્વરૂપ આપવા માટે
પ્રતિમા પૂજન એ પરમ આલંબન છે.
ગ્રન્થકારો અને શિલ્પકારો પોતાની કલા દ્વારા
ઇષ્ટ દેવતાઓને મૂર્તિમંત સ્વરૂપ અર્પે છે.

## સમાપત્તિનું સ્વરૂપ

સમાપત્તિ = ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા.
સમાપત્તિથી જિનનામ કર્મની પ્રાપ્તિ અને
તેના ઉદયથી પ્રાપ્ત થતી સંપત્તિને પરસ્પર સંબંધ છે.
એકતારૂપી સમાપત્તિ મનમાં થાય છે.
વિષયની સમાપત્તિ માનસિક ભાવરૂપ છે, જ્યારે
આત્માની સમાપત્તિ તાત્ત્વિક દ્રવ્યરૂપ છે.
તે આત્મદ્રવ્યનો તાત્ત્વિકભાવ છે અથવા
આત્મામાં પરમાત્મભાવની તાત્ત્વિક પ્રતિષ્ઠા છે.

આત્મા દ્રવ્યાર્થિકનયથી પરમાત્મસ્વરૂપ છે.
તેનો તાત્ત્વિક નિર્દેશ વિષયની સમાપત્તિ વડે થતો નથી,
પરન્તુ આત્માની પરમાત્મવિષયક સમાપત્તિથી થાય છે.
પરમાત્મસ્વરૂપના ઉપયોગમાં રહેલો આત્મા
પ્રથમ નામથી પરમાત્મસ્વરૂપ બને છે.

વિષય સમાપત્તિ = નામથી પરમાત્મસ્વરૂપ બનવું તે.

સાત્ત્વિક સમાપત્તિ = ભાવથી પરમાત્મસ્વરૂપ બનવું તે.

મંત્રશાસ્ત્રમાં ગુરુ = મંત્ર = દેવતા = આત્મા.
મંત્રસિદ્ધિમાં આ ચારેની એકતાનું ભાવન અગત્યનું છે.
'આત્મા' શબ્દથી મન સાથે પ્રાણનું પણ ગ્રહણ થાય છે.

સમાપત્તિ, આત્મદર્શન, ભગવદ્દર્શન

શુદ્ધ સ્તરમાં શબ્દનો એ મહિમા છે કે
શબ્દના ઉચ્ચારણની સાથે શબ્દ પ્રતિપાદ્ય અર્થ પણ
પોતાની સામે આવિર્ભૂત થઈ જાય છે.
જ્યાં સુધી પ્રેમનો પૂર્ણ વિકાસ નથી થતો, ત્યાં સુધી
શબ્દથી પ્રતિપાદ્ય અર્થની મૂર્તિનો આવિર્ભાવ ન થાય.
પ્રથમ શબ્દ, પછી જ્યોતિ અને
છેલ્લે મૂર્તિનો આવિર્ભાવ થાય છે.
જ્યોતિમાં સ્થિતિકાળ કર્યા વિના જે રૂપદર્શન થાય છે,

તે કૃપણ મનની કલ્પના છે, તેનું જરા પારમાર્થિક મૂલ્ય નથી.

## પ્રભુદર્શન માટે શું કરવું ?

જ્યોતિ અને મૂર્તિના દર્શન માટે સાધકમાં
તીવ્ર વ્યાકુળતા અને પૂર્ણ પ્રીતિ હોવા આવશ્યક છે.
જીવો સ્વભાવત્ ચંચળ હોય છે, કિન્તુ
કોઈને પણ સજ્જનને ઘૃણા કરવી કે
પોતાને ધાર્મિક સજ્જનનું અભિમાન કરવું ઉચિત નથી.
વિવેકના અભાવમાં જીવ સ્વભાવથી જ ચંચળ હોય છે.
વિવેકના કારણે જ સ્થિર - ધીર - શાન્ત રહી શકે છે.
વિવેકના અભાવે નીચી યોનિ પ્રાપ્ત થાય છે.

## કુંડલિની જાગ્રત કઈ રીતે ?

નાભિમૂળમાં ઇષ્ટદેવની આરાધના કર્યે કુંડલિની જાગ્રત થાય.
નાભિગત મહાતેજની સાથે મસ્તિષ્કનો યોગ થવાથી
મસ્તિષ્કની શક્તિ વધી જાય છે અને
ઇચ્છા અકુંઠ થઈ જાય છે,
તેથી કુપ્રવૃત્તિ ઇચ્છાને વશ કરી શકતી નથી.
કુપ્રવૃત્તિ દ્વારા ચલિત ઇચ્છા તે કુઇચ્છા છે.
કુઇચ્છાને વશવર્તી થવાથી
આખા જીવનનો વિનાશ - સર્વનાશ થાય છે.

## અરિહંતના સ્વરૂપ માટે વિશેષણો

ષટ્ખંડાગમના પાંચમા વર્ગણાખંડમાં, ચોથા અનુયોગદ્વારમાં
રહેલા સૂત્રની વ્યાખ્યામાં દેવ (અરિહંત)નું સ્વરૂપ છે,
તેમાં કેટલાંક વિશેષણો નીચે મુજબ છે:

૧ तोसवज्जियो वि सयलजणाकप्परुक्खो । અર્થાત્: રાગરહિત હોવા છતાં સેવકજન માટે કલ્પવૃક્ષરૂપ.

૨ रोसवज्जियो वि सयलपरसमयजीवाणं कयंतोवमो । અર્થાત્: દ્વેષરહિત હોવા છતાં પરસમય - આત્મધર્મથી પરાઙ્મુખ જીવો માટે કૃતાંત સમાન છે.

૩ सव्वलक्खणसंपुण्ण - दप्पण - संकंत - माणुस - छायागारो संतो वि सयलमाणुसपहावुत्तिण्णो । અર્થાત્: દર્પણમાં સંક્રાંત સર્વલક્ષણ સંપૂર્ણ એવા મનુષ્યની છાયા જેવા આકારવાળા હોવા છતાં પણ સર્વ મનુષ્યના પ્રભાવથી રહિત - પર.

અરિહંતના આત્મદ્રવ્ય ઉપર કોઈનો ય પ્રભાવ પડે નહિ, કેમકે તેઓ રાગ, દ્વેષ અને મોહથી પર છે.

અરિહંતના ૩ વિશેષણોમાં

છેલ્લા વિશેષણમાંથી તારવી શકાય કે વીતરાગ અવસ્થા પૂર્વે આત્મા મનુષ્યલોકના ભાવોની અસર નીચે હોય છે.

વીતરાગ લોકપ્રભાવની અસરથી ઉત્તીર્ણ છે, માટે
તેમનું આત્મદ્રવ્ય સંપૂર્ણ લોક ઉપર અસર કરે છે.
એથી તેઓ કાર્યમાત્રનું પરમ કારણ છે.
પાંચ સમવાય ઉપર પણ અરિહંતોનું જ પ્રભુત્વ છે.
ઉપરના પ્રથમ બે વિશેષણ એવું કહે છે કે:
રાગ એ સર્વ અનુગ્રાહક શક્તિમાં પ્રતિબંધક છે.
દ્વેષ એ સર્વ નિગ્રાહક શક્તિમાં પ્રતિબંધક છે.
રાગ-દ્વેષ વિલીન થતાં જ આત્માની સર્વાનુગ્રાહક અને
સર્વનિગ્રાહક શક્તિ સંપૂર્ણપણે આવિર્ભાવ પામે છે.
કરુણાનો સ્વાભાવિક અનુગ્રહ છે અને
ઉપેક્ષાભાવનો સ્વાભાવિક નિગ્રહ છે.
વીતરાગમાં જો સર્વનિગ્રાહક શક્તિ માનવામાં ન આવે,
તો સર્વ લોકમાં પાપની કોઈ સીમા જ ન રહે અને
સંપૂર્ણ લોક તત્કાળ નાશ પામી જાય.

## પંચકૃત્યકારી ભગવાન

લઘુશાંતિ સ્તોત્રમાં પ. પૂજ્ય શ્રી માનદેવસૂરીશ્વરજીએ
સર્વ અરિહંત ભગવંતોને પંચકૃત્યકારી રૂપે સ્તવ્યા છે.
'પંચકૃત્યકારી' એટલે શું ?
સર્જન, પાલન, સંહાર, અનુગ્રહ અને નિગ્રહ કરનાર.

લઘુશાંતિનું પ્રધાનવાક્ય
નિર્વાણકલિકા અને કલ્યાણકલિકામાં મળે છે.

| ૫ કૃત્ય | ગા - ૧ | ગા - ૨ |
|---|---|---|
| સર્જન | શાંતિ - નિશાંત | ભગવતે |
| પાલન | શાંત | અર્હત |
| સંહાર | શાંતાશિવ | જયવંત |
| અનુગ્રહ | શાંતિ નિમિત્ત | યશસ્વિન્ |
| નિગ્રહ | શાંતિ | દમીઓના સ્વામી |

વરિવસ્યારહસ્યે પ્રથમો જયતિ સર્વોત્કર્ષેણ વર્તતે।
જે વસ્તુ મુખ્ય હોય, તે જ ઉત્કૃષ્ટ ભાવે વર્તે.

મોટી શાંતિમાં મુખ્યત્વે શું છે?

બૃહત્ શાંતિમાં શબ્દબ્રહ્મની ઉપાસના છે.
નીચેના બે પદોમાં નામગ્રહણનો ઉત્કૃષ્ટ મહિમા છે:

સુગૃહીતનામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ।
સંપાદિત - હિત - સંપન્નામગ્રહણં જયતિ શાંતેઃ।
જયતિ, જયન્તુ, જયાવહા ભવતુ। (પરિશિષ્ટ-૩)

શબ્દો જેના માટે પ્રયોજાય, તેનામાં કર્તૃત્વશક્તિ મનાય.
નામગ્રહણપૂર્વક વિદ્યાની સાધના તથા સિદ્ધિ રહેલી છે.
૬ દ્રહ દેવીઓ : શ્રી હ્રી ધૃતિ કીર્તિ બુદ્ધિ લક્ષ્મી।

એનો 'શ્રી' ને કુંડલિની કહે છે.
શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજનની પ્રતમાં અષ્ટપ્રકારી પૂજાના
શ્લોકોમાં વારંવાર 'શ્રી' શબ્દ આવે છે, તે સૂચક છે.
કુલ પર્વતો તે ચક્રસ્થાનો, દ્રહો તે ચક્રો અને
દેવીઓ તે કુંડલિનીના વિભાગોના નામો છે.

विश्वं विश्वमपि व्याप्तं, रागद्वेषादिभिर्भृशम् ।
निःशेषा यस्य ते क्षीणा, वीतरागः स दैवता ॥५५४॥
शान्तचित्तवचस्काये सर्वसत्त्वोपकारिणि ।
वीतरागे विसंवादः सहृदां हृदये कुतः ? ॥५५५॥
दुःखगर्भं सुखं रागे, निरागत्वे निरन्तरम् ।
तत् पुनः प्राप्यते देव वीतरागप्रसादतः ॥५५६॥
-भावदेवसूरीकृत पार्श्वनाथचरित्रं सर्ग-१ (परिशिष्ट-४)

આસ્તિક કોણ ?

ઈશ્વરસત્તા અને સર્વવ્યાપકતા પર જેને વિશ્વાસ છે તે.
'જગતમાં એવી કોઈ શક્તિ છે કે જે
મારાથી મોટી છે અને જેના વિના હું અપૂર્ણ છું.'
એવો નમ્રતાનો અનુભવ પ્રથમ હૃદયમાં થાય પછી જ
ઈશ્વરની સિદ્ધિ માટેનાં દરેકેદરેક
પ્રમાણો અને યુક્તિઓ પોષક અને સહાયક બને છે.

स्तवचिन्तामणिः પૃ. ૪૫માં કહ્યા મુજબ:

(१) स्तुतौ - नामग्रहणे ।

સ્તુતિ = નામ ગ્રહણ કરવું.

(२) स्मृतौ - तदर्थभावने ।

સ્મૃતિ = તેના અર્થની ભાવના કરવી.

(३) ध्याने - तदेकतानताऽऽत्मनिचिन्तने ।

ધ્યાન = આત્મામાં તેની સાથે એકતાનતા ચિંતવવી.

(४) दर्शने - तदनन्तरभाविनि साक्षात्कारे ।

દર્શન = ધ્યાન પછી તરત જ થનાર તેમના સાક્ષાત્કારમાં

(५) स्पर्शने - तद् विश्रान्तौ ।

સ્પર્શન = તેમાં વિશ્રાંત થવું.

(६) प्राप्तौ - तदेकात्म्य लाभे ।

પ્રાપ્તિ = તે જ એક મેળવવાનો ભાવ થવો.

આ ૬ પછીથી આત્મા - પરમાત્મા બને છે.

સાક્ષાદિવ સર્વતોનીક્ષતે | - યોગશાસ્ત્ર પૃ. ૮ શ્લોક - ૫૬

અહીં 'ઈક્ષતે' દર્શનના અર્થમાં છે,

એટલે કે સર્વત્ર ભગવાનનો સાક્ષાત્કાર થાય છે.

આ દૃષ્ટિએ ઉપર જણાવેલા ૬ પગથિયાં

દરેક સાધકે સાધનાકાળે ખાસ વિચારવા જેવા છે.

કઠોપનિષત્ ૨/૩માં કહ્યા મુજબ:

નાયમાત્મા પ્રવચનેન લભ્યો
ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેન લભ્યસ્તસ્યૈષ
આત્મા વૃણુતે તનું સ્વામ્ ॥૨॥

અકૃતિ: આત્મા બહુ ભાષણોથી, તર્ક-વિતર્કોથી કે ભણવા-ભણાવવાથી નથી મળતો, કિન્તુ જેને તે વરે છે, તે તેને પ્રાપ્ત કરી શકે છે, આત્મા તેની આગળ પોતાના સ્વરૂપને ખુલ્લું કરી દે છે. બધું ભણીને છેવટે પરમાત્મપદ જ મેળવવાનું છે.

## નવકારની વિશિષ્ટ શબ્દરચના

નવકારમાં વિશિષ્ટ શબ્દરચના છે.
તે વિશિષ્ટ શક્તિવાળી હોવાથી
એનાં આંદોલનો અધિક અસરકારક બને છે,
માટે જ શ્રી નવકાર મંત્રનું વિશિષ્ટ મહત્ત્વ છે.
મન જેમાં લીન બને, તેમાં આત્મા તદ્રૂપ બની જાય છે.
પરમાત્મપદમાં ઉપયોગની વૃદ્ધિ થવાથી
આત્મા પરમાત્મસ્વરૂપ બની જાય છે.
માટે પરમાત્મસ્મરણ એ સકલ શાસ્ત્રોના સારભૂત છે.

## ભક્તિ અને ઈશ્વરત્વ

ભક્તિ પોતે તો ઈશ્વર નહિ પણ ઈશ્વર વિષેની
માનવીની કલ્પના કે ભાવનાનું તે પ્રત્યક્ષીકરણ છે.
ઈશ્વરે જે દાન આપ્યું છે, તેનો ઉપયોગ ધન મેળવવા
નહિ પણ સેવા માટે કરવો જોઈએ. દાન આપવાથી કોઈનું
ધન ખૂટતું નહિ અને દાન આપનાર કોઈ દુઃખી થતો નહિ.
ભક્તિ ઉપાસના એટલે ભક્તિ દ્વારા સદ્ગુણની ઉપાસના.
ભક્તિ એક ગુણ યા અનેક ગુણ સદ્ગુણને સૂચિત કરે છે.
ભક્તિરૂપી પ્રત્યક્ષ દ્વારા સાધક ચિત્તશુદ્ધિની ઉપાસના
કે પોતાના જીવનમાં સદ્ગુણાદિકસ્વરૂપની સાધના કરે છે.
સદ્ગુણવિકાસથી પ્રથમ નિર્વિકારતા પછી નિર્વિચારતા આવે.

ધ્યાન માટેની ભૂમિકા નિરૂપાધિકતા છે.

સ્વજન, સ્વસમાજ, સ્વજાતિ, સ્વદેશ એ સર્વ ઉપાધિ છે.
સ્વદેહ નાની ઉપાધિ - સ્વસમાજાદિ મોટી ઉપાધિઓ છે.

વિશ્વપ્રેમથી તે ઉપાધિઓ દૂર થાય છે,

તેથી વિશ્વપ્રેમની ભૂમિકા ધ્યાન માટે અનિવાર્ય છે.
પ્રથમ નિર્વિકારતા લાવનાર વ્યાપક ઉપાધિઓ છે, પછી
નિર્વિચારતા લાવનાર નિરૂપાધિતા. ભક્ત શબ્દમાં વિશ્વ-
પ્રેમની ભાવના છે કે જેમાં સ્વપરનો ભેદ વિલીન થાય.

## બે પ્રકારે સદ્‌ગુણવિકાસ

(૧) પોતાનામાં જે ગુણ હોય, તેની વૃદ્ધિ કરવી.
(૨) પોતાનામાં જે ગુણ નથી, તે પ્રત્યે આદર વધારવો.

મૂર્તિપૂજા દ્વારા તથા ઉપરના બે પ્રકારે
પ્રત્યેક સાધકમાં સદ્‌ગુણવિકાસ સરળ બને છે.
મૂર્તિ એ ગુણોનું પ્રતીક છે,
તેથી ગુણપ્રતીકન્યાયેન મૂર્તિપૂજા એ અનુભવસિદ્ધ છે.
સર્વ પ્રકારની મનોવૃત્તિવાળા તથા
સર્વ સાધકોની ક્ષમતાને સ્વીકારવાવાળા ઉપરાંત
સર્વ સમાવેશક એવા ધર્મમાં
વિવિધતાનો અવકાશ અનિવાર્ય છે.
પરમાર્થની સાધનામાં જેમ અનેક ગ્રન્થો મદદગાર થાય,
તેમ અનેક મૂર્તિઓ પણ સહાયક છે.
ગ્રન્થો પણ અક્ષરાત્મક મૂર્તિઓ જ છે.
સ્તવન - સ્તોત્રોવર્ગ ઘણો વિશાળ હોવા છતાં પ્રેમના
કહેણને જેમ બાધક નથી, તેમ ઘણી મૂર્તિ, ઘણાં મંદિર
પણ ભક્તિનો વિકાસ કરનારા સાધન હોવાથી ભક્ત-
હૃદયને બાધક નથી. માતા - પિતા - ભાઈ - બહેન - સખી -
પુત્રાદિ પણ જગતમાં શરીરાકૃતિરૂપે મૂર્તિઓ જ છે.

મંત્ર ગણવાનું મૂળ કારણ શું? મંત્ર મનન માટે હોય.
શબ્દ થોડા અને અર્થ ઘણો ભર્યો હોય છે, તેથી
મનને મનનમાં લઈ જવા માટે મંત્ર જ મદદ કરે છે.
એક મંત્ર ઉપાસનાદિ વિધિનો હોય છે,
બીજો મંત્ર સ્વાધ્યાયનો હોય છે.
સ્વાધ્યાય બે પ્રકારે: એક જારણમારણાદિ અશુભ,
બીજા વ્યક્તિગત અને સામૂહિક સત્કામના.
એક ત્રીજા પ્રકારનો મંત્ર પરમાત્મભાવ માટે પણ હોય.
એક ભક્તોએ ગૂંથેલા રામ - કૃષ્ણ - હરિ સમા વ્યાપક
નામો અને બીજા પ્રણવ આદિ બીજમંત્રો બતાવ્યા છે.
જે બીજા મંત્રો હોય છે, તેનો કેવળ જપ નહિ પણ
સાથે સતત તેના અર્થનું ચિંતન પણ કરવાનું હોય છે.
આવા મંત્રો શાસ્ત્રપણે આત્મભાવ કરાવનારા થાય છે.
મૌનની વ્યાખ્યા = મનનાત્ મૌનમ્ ।
જે નિંદા - સ્તુતિ વખતે તથા ચિંતામાં ચાલતા મનને
પરિણામે મૌન રહે, તે પણ મૌની ગણાય.
આવા મનનશીલ મૌનવૃત્તિને 'મુનિવૃત્તિ' પણ કહે છે.
'મુનિ' શબ્દ ઉપરથી જ 'મૌન' શબ્દ બન્યો છે.
સત્ય સાથે મૃદુ અને રસાળ સાથે પરિમિતભાષા
એ મૌનની ભાષા છે.

વાક્શક્તિ, લેખનશક્તિ એ બધી શબ્દશક્તિ ગણાય છે.
એક શબ્દથી મૈત્રી અને એક શબ્દથી વેર વધી શકે છે,
તેથી શબ્દશક્તિને વિકસાવવી એ પણ એક સાધના છે.
શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ - બંનેમાં નિષ્ણાંત હોય,
તેવા ગુરુનો આશ્રય લેવાનું શાસ્ત્રે કહ્યું છે.
ઈશ્વરના નામ અનેક છે, પણ ઈશ્વર તો એક જ છે.
જુદા જુદા નામથી એકના જ ગુણોનું ચિન્તવન કરવાનું છે.
ઈશ્વરનું નામ ગુણાનુસ્મરણ માટે લેવાનું છે.

## નામસ્મરણનો હેતુ

હૃદય શુદ્ધ થઈને આત્મવિશ્વાસ સાથે બળ વધે તે હેતુ છે.
શરીરને જેટલી અન્નની જરૂર છે, તેથી અધિક આત્માને
ઈશ્વરના નામની જરૂર છે. નામસ્મરણ એ મનનું સ્નાન છે.
મન ઉપર ચઢેલો મિથ્યાત્વાદિનો મલ નામસ્મરણરૂપી જલ
વડે દૂર થાય. જેમ સ્નાનથી શુદ્ધિની સાથે સ્ફૂર્તિ આવે,
તેમ નામસ્મરણથી પણ મનની શુદ્ધિ અને સ્ફૂર્તિ થાય.
શરીર જેટલી વાર અસ્વચ્છ થાય, તેટલી વાર તેને
સ્નાનથી સ્વચ્છ કરવું જ જોઈએ, એમ લોકો સ્વીકારે છે.
મન માટે પણ તે નિયમને અંગીકાર કરવો જોઈએ.
નામસ્મરણને નિદ્રાની ઉપમા પણ ઘટે છે.

અભ્યાસ જેમ થકાવટને દૂર કરે છે, તેમ યોગાભ્યાસ પણ
આધ્યાત્મિક શૈથિલ્ય સૌના આત્માને તૃપ્તિ આપે છે.
ખ્રિસ્તીઓની પ્રાર્થના શાંત, મુસલમાનોની ગંભીર અને
હિન્દુઓની પ્રાર્થના આત્માને આનંદમય બનાવે છે.
એ ત્રણે પ્રકારના અનુભવો જુદે જુદે વખતે થાય છે.
આધ્યાત્મિક મૈત્રી વિચારોની હોય, તે જ સાચી મૈત્રી છે.
પુત્ર ઔરસ, દત્તક તથા માનસ - એમ 3 પ્રકારે હોય:
ઔરસ પુત્રને શરીરનો, દત્તક પુત્રને સંપત્તિનો અને
માનસ પુત્રને માતા-પિતાના વિચારોનો વારસો મળે છે.
અનેક પ્રકારના મિત્રો પણ હોય. મિત્રોમાં રહેલી ભાવો-
વિચારોની સમરસતા મૈત્રીને દૃઢ કરે. મિત્ર જો સમભાવ
ન હોય તો વિભિન્ન વિચારવાળામાં વિરોધ થાય, હોય
તો વિચારના ભેદોથી સર્વાંગસંપૂર્ણતામાં મદદ મળે છે.
પ્રાર્થનાનું રહસ્ય પ્રવચનમાં નહિ પણ એકાંતમાં બેસીને
અહંતા-મમતા, મોહ-માયાદિ છોડી પરમેશ્વરમાં લીન થઈ
જવામાં તથા આત્માના ઊંડાણમાં લીન થઈ જવાની કોશિષ
કરવામાં છે. એ માટે નિરન્તર પ્રયાસ કરવો પડે અને
એ પ્રયાસ કરવામાં આનંદ પણ માનવો પડે છે.
લીનતા = એક ધ્યેયનું જ ચિન્તન - મનન કરવું તે.

પ્રાર્થનાથી ચિત્તમાં શાંતિ આવે, મનોભાવના વધે તથા દીર્ઘાયુ થવાય છે. સૌની સાથે ભક્તિ કરવાથી જેટલો પ્રેમ વધે, તેથી અધિક સૌની સાથે બેસીને ભગવાનની પ્રાર્થના, કીર્તન તથા ભજન કરવાથી પ્રેમસંબંધ વધે છે.

## ચિત્ત અને ચક્ષુ

સૌ મનુષ્ય નેતા ન બને પણ સ્થિતપ્રજ્ઞ અવશ્ય બની શકે. નેતા બનવા માટે બહારની સામગ્રી અપેક્ષિત છે, જ્યારે સ્થિતપ્રજ્ઞ બનવા માટેની સામગ્રી અંદર ભરી પડી છે, તે સામગ્રીનો ઉપયોગ ધારે તો સૌ કોઈ કરી શકે છે. 'બધું બ્રહ્મસ્વરૂપ છે' એવી અનુભૂતિ કેવળ આપણા ચિત્તમાં જ નહિ કિન્તુ ચક્ષુમાં પણ થવી જોઈએ. અંતરાત્મામાં અનુભૂતિ કરવા વિચારો ઉપર કાબુ તથા બાહ્યઅનુભૂતિ માટે મહી તીવ્ર ઉત્કંઠા ધરાવવી જોઈએ.

## ક્રોધથી દૂર એટલા સારા...

ક્રોધને જીતવાનો એક ઉપાય સાકર છે. એક ગાંગડી ખાવી અને એક સામાને ખવડાવવી, તેથી બન્નેના મોંઢા સાકરની મીઠાશ ચાખવા માટે બંધ થઈ જશે અને ક્રોધની ભાગદોડનો બધો આવેશ શમી જશે.

આધ્યાત્મિક અર્થમાં સાકર તે પ્રેમના સ્થાને છે.

પ્રેમનો એક શબ્દ બોલવાથી અને સામાને સાંભળવાથી ક્રોધાવિષ્ટનું મુખ અને મન તે પ્રેમનો સ્વાદ ચાખવામાં, તેનું સ્મરણ કરવામાં, તેનો આધ્યાત્મિક આસ્વાદ લેવામાં લીન થવાથી ક્રોધાવેશની લાગણી આપોઆપ શાંત થઈ જશે.

પ્રભુકૃપા મેળવવાનાં સાધન : દીનતા અને શરણાગતિ.

સ્વધર્મના પાલનથી મન શુદ્ધ થાય છે અને
મન શુદ્ધ થવાથી જ પરમાત્મા મળે છે.

ચિત્તશુદ્ધિ માટેનું એકનું એક સાધન સ્વધર્મનું પાલન છે.

ગંગાતીરે હિમગિરિશિલાબદ્ધપદ્માસનસ્ય
બ્રહ્મધ્યાનાભ્યસનવિધિના યોગનિદ્રાંગતસ્ય ।
કિં તૈર્ભાવ્યં મમ સુદિવસૈર્યત્ર તે નિર્વિશંકાઃ
સંપ્રાપ્સ્યન્તે જરઠહરિણાઃ શૃંગકંડૂવિનોદં ॥૧॥

(પરિશિષ્ટ-૫)

વસ્તુઓ તો તેની તે જ છે, કિન્તુ વસ્તુઓ પ્રત્યે બદલાતા મનના ભાવો જ સુખ તથા દુઃખનાં પ્રેરક છે.

સુખ બે પ્રકારે: ક્ષણિક અને સ્થાયી.

ક્ષણિક સુખો પરપોટા જેવા - સ્થાયી સુખ સમુદ્રતુલ્ય છે.

આત્મા શરીરમાં નહિ પણ વિચારમાં વસે છે. વિચાર આત્માનું મંદિર છે, આત્મા તેમાં બિરાજેલ દેવ છે.

જો આત્મા રાજા છે, તો વિચાર એ મંત્રી છે.
આત્મારૂપી દેહની પવિત્રતાથી વિચારરૂપી મંદિર પણ
પવિત્ર બને છે અને વિચારરૂપી મંત્રીની કુશળતાથી
આત્મારૂપી રાજાનું શાસન દીપી ઉઠે છે.

પંચ પરમેષ્ઠિવાચક ૐકાર

ૐકાર અતિ અગાધ શાંતિના સામ્રાજ્યમાંથી ચાલી આવતો એક મનોહર સૂર, એને જે ઉપાસે તે અખંડ શાંતિ પામે. ૐ એ પરમાત્મવાચક ધ્વનિરૂપ સર્વ નાદનું મૂળ છે. તે પરમતત્ત્વ સાથે એકત્વ સાધી આપનારું દિવ્યતત્ત્વ છે. શાસ્ત્રોના શબ્દમાં, સંગીતના નાદમાં, સૌ વચના મનુષ્યોના આલાપમાં અ + ઉ + મનો ઉચ્ચાર સદા સાંભળવા મળે છે.

સર્વ મંત્રોનું આદિ પદ, બધા વર્ણોનો આદિ પિતા,
નાદનો સૂર, અનાહતનાદનો પ્રતિઘોષ,
પરબ્રહ્મનો ઘોતક અને પંચપરમેષ્ઠિનો વાચક ૐકાર છે.
તે યોગાનું અધિષ્ઠાન અને નિષ્કામ તથા સકામ ઉપાસકોને મનોવાંછિત દાતાર છે. દુઃખાગ્નિની જ્વાળાને શમાવનાર અને સર્વત્ર સુખ - શાંતિના મેઘને વર્ષાવનાર ૐકાર છે. પહેલાં સાધક, પછી ઉપદેશક, પછી પ્રત્યક્ષ જીવનના સદાચારમય દૃષ્ટાંત વડે પ્રેરક, પછી જગતપૂજ્ય અર્હં તથા

સર્વશ્રેષ્ઠ સિદ્ધ થવાય છે. આ સૌ ભાવો ૐ અક્ષરમાં છુપાયેલાં છે. સર્વવ્યાપી સર્વબ્રહ્માંડોમાં તેનું ગુંજન છે.

## ૐના ધ્યાને વિશ્વદર્શન - આત્મદર્શન

વ્યક્તિત્વમાંથી સમષ્ટિત્વમાં પ્રવેશવું એટલે
જીવાત્માને પરમાત્મા બનાવવા માટેનું મંથન કરવું.
આ મંથન ૐકારના સાધનથી થઈ શકે છે.

તેના ધ્યાને મન સ્થિર, વિચારો - લાગણી સમતોલ બને. જેમ સિંહગર્જનાથી હરણાંઓ ભાગી જાય, તેમ ૐકાર નાદથી દુઃખ - દારિદ્ર્ય - રોગ - શોક - આધિ - વ્યાધિ - ઉપાધિ તથા સંસારની સર્વ પ્રકારની ચિંતાઓ અલોપ થાય છે. સૂર્યપ્રકાશ સામે અંધકારની જેમ નિષેધાત્મક વૃત્તિઓ નાશ પામી જાય, સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટાવે તથા તે અસદ્ - અચિદ્ - અનાનંદના વાદળોને વિખેરી નાંખે છે. ચમત્કાર માત્ર શ્રદ્ધા, તપ, બ્રહ્મચર્ય આદિનાં ફળ છે. ૐકારના ધ્યાનથી દ્રષ્ટા અને દૃશ્ય એક બને છે.

જ્ઞાતા - જ્ઞેય, ધ્યાતા - ધ્યેયનો ભેદ મટી જાય છે.

પ્રકાશની ગતિ ૧ સેકંડમાં ૧૮૬૦૦૦ માઈલ છે,
વિચારની ગતિ એક સેકંડમાં અબજો માઈલની મનાતી છે.
ૐકારના ધ્યાનથી પૂર્ણ પ્રેમસ્વરૂપ બનાય છે અને

સમગ્ર વિશ્વ તેના પ્રેમની આણા નીચે આવે છે. એને
પરમાણું પણ તેની આણા વિરૂદ્ધ વર્તી શકતું નહિ.
ૐથી વચનસિદ્ધિ - જ્ઞાનસિદ્ધિ - ભાવનાસિદ્ધિ પ્રાપ્ત થાય.
તેના પ્રભાવે સદા પ્રફુલ્લિત અને શાંત અવસ્થા રહે.
ૐથી શક્તિ અને પ્રતિભાનું મૂર્તસ્વરૂપ પ્રાપ્ત થાય છે.
રાગ-દ્વેષ = દ્વૈતભાવ, તેનાથી પર આત્મભાવ = અદ્વૈતભાવ.
સોનું + સુગંધ કે દૂધ + સાકર = ૐ અને અર્હંનો સંબંધ.
ભાંગ પીધેલા મનુષ્યને છાશ પીવાથી જેમ નશો ઉતરી જાય,
તેમ સંસારની કલુષિત ભાવનાથી ખરડાયેલા આત્માની
શુદ્ધિ કરી સ્વસ્થતા મેળવવાનો મંત્ર 'ૐ અર્હં' છે.
પ્રતિરોમમાં જ્યારે ૐકાર ઓતપ્રોત થાય છે અને
આત્માના અર્હંનું સ્થાન જ્યારે અર્હં લે છે,
ત્યારે તે મહામંત્ર વડે સકલ કાર્યની સિદ્ધિ
અને માનવજીવનની પણ સફલતા તથા સિદ્ધિ થાય.
એટલે જ કહ્યું છે કે:

अकारादिहकारांतं रेफमध्यंसबिन्दुकं ।
तदेव परं तत्त्वं योजानाति स तत्त्ववित् ।
महातत्त्वमिदं योगी यदैव ध्यायति स्थिरः ।
तदैवानंद - संपद्भूर्मुक्तिश्रीरुपतिष्ठते ॥१॥

(પરિશિષ્ટ-૬)

આત્મસંયુક્ત આનંદને 'આર્ટ' કહેવાય છે.
માનવીય ભાષામાં ઈંદ્રિય સંયુક્ત આનંદને 'મન' કહે છે.
ઈશ્વર નિત્ય ચૈતન્યસ્વરૂપ છે. એકમાત્ર તેમની જ
કૃપા સિવાય તેમનું દર્શન અથવા પ્રાપ્તિ અશક્ય છે.

<u>ઈશ્વરકૃપા પ્રાપ્ત કરવા એમ વિચારવું કે:</u>

તે અને હું બન્ને એક જ વસ્તુ છીએ.
તે મોટા - હું નાનો છું. તે વિરાટ - હું ક્ષુદ્ર છું.
જે વસ્તુ તે છે, તે જ વસ્તુ હું પણ છું.

અનાહત ધ્વનિમાંથી જગતના સંપૂર્ણ ધ્વનિઓ જન્મે છે,
એ કારણે શબ્દમાત્ર મૂળતઃ બ્રહ્મસ્વરૂપ જ છે.
મનોમય દેહ = જે દેહ ઈંદ્રિયસંયોગથી ઉત્પન્ન થાય.
તેમાં ભૂલ અને ભ્રાન્તિ રહી શકે, જ્યારે સૂક્ષ્મદેહના
વ્યાપારમાં તે ભૂલ હોતી નથી, કારણ કે તે સ્વાધીન છે.

<u>સૂક્ષ્મદેહ ક્યારે સ્વાધીન બને?</u>

સમગ્ર બ્રહ્માંડમાં એકમાત્ર માતૃમૂર્તિ સિવાય
બીજું કાંઈપણ ન જોઈ શકવા જેવી સ્થિતિ આવે ત્યારે.
સાધનામાં આગાધારે ઈંદ્રિયોની સ્વાધીનતા આવશ્યક છે.

o

*Not by getting, but by giving...*
*one can receive.*

# મૂર્તિમાં શુદ્ધ આત્મદ્રવ્યનું મૂર્તસ્વરૂપ

ભગવાનની મૂર્તિ = શુદ્ધ આત્મદ્રવ્યનું જ મૂર્તસ્વરૂપ.
મૂર્તિ = સ્થાપના. આત્મદ્રવ્ય = સાક્ષાત્ પરમાત્મા.
પર્યાયને ગૌણ બનાવીને આત્મદ્રવ્ય તરફ જ્યારે
દૃષ્ટિને વાળવામાં આવે, ત્યારે
તે આત્મદ્રવ્ય માટે
સિદ્ધ પરમાત્માનું હો કે સંસારપરિભ્રમણી ભવાત્માનું હોય,
બન્ને આત્મદ્રવ્ય એક જ સમાન છે.
'પ્રભુમૂર્તિમાં સિદ્ધ પરમાત્મા સદૃશ પોતાનું આત્મદ્રવ્ય છે'
એવો નિશ્ચય જેઓને થયેલો છે,
તેવા પંચમહાવ્રતધારી આચાર્યપદ પર્યંત પહોંચેલા
મહાપુરુષો દ્વારા જ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાય છે, તેથી
સિદ્ધસદૃશ શુદ્ધ આત્મદ્રવ્યનાં નિરંતર દર્શન કરવા માટે
તે મૂર્તિ ભવ્યજીવોને પરમ આલંબન પૂરું પાડે છે.
પ્રતિષ્ઠિત મૂર્તિનાં દર્શન, પૂજન, વંદન, વિનયાદિ વડે
દર્શક, પૂજક, વંદકાદિ પોતાના શુદ્ધાત્માનાં
દર્શન, પૂજન, વંદનાદિ કરે છે.
તેનું પરિણામ આત્મદ્રવ્યની સાથે એકત્વની
અનુભૂતિમાં પરિણમે છે, જે મુમુક્ષુમાત્રનું પરમ ધ્યેય છે.

ભગવાનની મૂર્તિના દર્શનમાં

ચતુર્વિધ સંઘના શુદ્ધ આત્મદ્રવ્યનાં દર્શન થાય, કેમકે
આ સંઘની પ્રત્યેક વ્યક્તિ જિનદર્શનના નિયમવાળી હોય.
તેમાં તે પોતાના પાપનો નાશ તથા મંગળનો લાભ માને છે.
પાપનાશ થવાથી સમ્યગ્દર્શનનો લાભ થાય, જે મંગળ છે.

સમ્યગ્દર્શન = સ્વસ્વરૂપનું યથાર્થ દર્શન.

'આત્માનું શુદ્ધસ્વરૂપ તેના દ્રવ્યમાં છુપાયેલું છે અને
તે દ્રવ્ય સર્વ જીવોમાં રહેલું છે.'

ઉપરોક્ત જ્ઞાનના અભાવે સંસાર અને
ઉપરોક્ત જ્ઞાનના પ્રભાવે જ મોક્ષ છે.

આત્મઅજ્ઞાનનું ફળ = પાપ, દુઃખ અને સંસાર.
આત્મજ્ઞાનનું ફળ = પુણ્ય, સુખ અને મોક્ષ.

શુદ્ધ આત્માનું જ્ઞાન દ્રવ્યરૂપે એક છે,
જેનું સ્થાપન મૂર્તિમાં થયેલું હોય છે.
તેથી મૂર્તિના દર્શનમાં
સમગ્ર વિશ્વના શુદ્ધાત્મ દ્રવ્યનું દર્શન થાય છે.

ભગવાનની મૂર્તિના પુણ્યદર્શન
રાગ-દ્વેષરૂપી મળનો નાશ કરી
શુદ્ધસ્વરૂપની અભિવ્યક્તિ કરે છે.

અભેદારોપ અરિહંત એકતાની અનુભૂતિનો ભાવ.
અનુભૂતિના આ ભાવનું મૂર્તસ્વરૂપ તે મૂર્તિ.
શબ્દમાં જેમ સંકેતગ્રહ શાબ્દબોધનું કારણ છે, તેમ
મૂર્તિમાં અભેદારોપ એ ઉપાસનાનું કારણ છે.
મૂર્તિમાં પ્રતિષ્ઠાકારકનો પરમાત્મવિષયક
સ્વઆત્માનો અભેદભાવ આરોપિત થાય છે.
મૂર્તિ તે અભેદભાવનાં વિષયભૂત પરમાત્માનું સ્વરૂપ છે.
આરોપમાં નિમિત્ત અને પ્રયોજન હોવા જરૂરી છે.
નિમિત્ત સદૃશાકાર છે અને
પ્રયોજન પરમાત્માની ઉપાસના, ધ્યાનાદિ છે.
કાષ્ઠ તથા પાષાણની મૂર્તિમાં પરમાત્મસદૃશ
આકૃતિ હોવાથી તેમાં આરોપ સરળ બને છે અને
નિરાલંબનમાં પ્રવૃત્તિ કરવા મૂર્તિનું આલંબન જરૂરી છે.
પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શનથી પરમાત્મવિષયક
સ્વાત્માનો અભેદ એવં મૂર્તસ્વરૂપ ગ્રહણ કરે છે.
અમૂર્ત ભાવનું મૂર્ત મૂર્તિમાં સ્થાપન અને
મૂર્ત મૂર્તિનાં દર્શનાદિ વડે અમૂર્ત ભાવનું ભાવન,
એ રીતે પરસ્પર કાર્ય - કારણ ભાવ છે.
મૂર્તિમાં પ્રતિષ્ઠાકારક ભાવાચાર્યની સમાપત્તિનું સ્થાપન છે.

ॐ नमः

## મંત્ર, મૂર્તિ અને પૂજા

એ ઉપાસનાના મુખ્ય ત્રણ સાધનો છે.

મંત્રમાં વર્ણની પ્રધાનતા છે. મૂર્તિમાં આકારની પ્રધાનતા છે અને મંત્ર તથા મૂર્તિ - એ બે વડે જે પરમતત્ત્વની ઉપાસના થાય છે, તે ઉપાસનાનું બીજું નામ 'પૂજા' છે. પૂજા, સત્કાર, સન્માન સર્વ ભક્તિબહુમાનના ઉત્પાદક છે. ભક્તિ એ બાહ્યપ્રતિપત્તિ છે. બહુમાન એ આંતરપ્રીતિ છે.

દ્રવ્ય એ કારણ છે અને ભાવ એ કાર્ય છે.

એ મુજબ બાહ્ય એ કારણ અને આંતર એ કાર્ય છે. એ જ રીતે ભાવ એ કારણ અને દ્રવ્ય એ કાર્ય તથા આંતરભાવ એ કારણ અને બાહ્યક્રિયા એ કાર્ય એમ પરસ્પર અનુક્રમે કાર્ય - કારણરૂપે પ્રવર્તે છે.

### આલંબન ધ્યાનનો ક્રમ

મનુષ્યને અંતર્મુખ થવા આંતર તરફ લઈ જનારા પ્રતીકો, સાધનો અને બાહ્યવસ્તુઓ પરમ નિમિત્ત બને છે. એ નિમિત્તો દ્વારા આંતરિક પ્રદેશમાં જવાનું થાય છે, તેથી તેને 'આલંબન ધ્યાન' પણ કહેવાય છે.

મૂર્તથી અમૂર્ત તરફ, આલંબનથી નિરાલંબન તરફ, દ્રવ્યથી ભાવ તરફ, સ્થૂલથી સૂક્ષ્મ તરફ, એમ ક્રમ છે.

પ્રથમ અવસ્થા પછી આલંબન અનિવાર્ય છે.
પગથિયાના આલંબનથી જ શિખર ઉપર જવાય છે,
તથા એક દોરડાના ટેકાથી પર્વત પર ઉંચે ચઢાય છે,
એ નિયમ આંતરિક સાધનોને પણ લાગુ પડે છે.

એટલા માટે જ કહ્યું છે કે:

आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो योगिनां नोपजायते ॥

(પરિશિષ્ટ-૭)

## મંત્ર, મૂર્તિ અને આગમ આજ્ઞા

શબ્દ વડે વ્યક્ત થતો અભેદ તે મંત્ર છે.
આકૃતિ વડે અભિવ્યક્ત થતો અભેદ તે મૂર્તિ છે.
આજ્ઞાપાલન વડે પ્રગટતો અભેદ તે
આગમની આજ્ઞા અથવા આપ્તવચનનું અનુસરણ છે.

એકમાં વાચ્ય - વાચક સંબંધ,
બીજામાં સ્થાપ્ય - સ્થાપક સંબંધ અને
ત્રીજામાં કાર્ય - કારણ સંબંધ પ્રધાનપણે કાર્ય કરે છે.
મંત્રમાં સંઘની સમાપત્તિ વાચકતા સંબંધથી રહેલી છે,
મૂર્તિમાં તે જ સમાપત્તિ સ્થાપકતા સંબંધથી રહેલી છે તથા
આપ્તવચનમાં તે સમાપત્તિ કારણતા સંબંધથી રહેલી છે.

સ્વનિરૂપક વાચ્યાલંબનત્વ સંબંધથી સમાપત્તિ એ
મંત્રમાં રહેલ મંત્રત્વની જનની છે.
સ્વનિરૂપક સ્થાપ્યાલંબનત્વ સંબંધથી સમાપત્તિ એ
મૂર્તિમાં પ્રતિષ્ઠિતત્વ વ્યવહારની ઉત્પાદક છે.
સ્વનિરૂપક ભાવાલંબનત્વ સંબંધથી સમાપત્તિ એ
આજ્ઞાવચન અથવા આજ્ઞાનુસરણમાં
દ્રવ્યાજ્ઞાપાલનત્વ વ્યવહારની ઉત્પાદક છે.

મંત્ર વડે જ્ઞાન, મૂર્તિ વડે સમાપત્તિનું દર્શન અને આજ્ઞાપાલન વડે તેનું સમ્યગ્ આચરણ થાય છે.

'પરમાત્મરૂપ આત્મા'
એ ભાવને મૂર્તિમાં મૂર્તસ્વરૂપ આપવામાં આવ્યું છે.

'પરમાત્મરૂપ આત્મા'
એ અર્થને કહેનાર શબ્દસમૂહને મંત્રમાં ગોઠવવામાં છે.

'પરમાત્મરૂપ આત્મા'
એનું ધ્યાન કરવાની સામગ્રી આજ્ઞામાં પૂરી પડાઈ છે.

આજ્ઞાપાલનના ભાવ વડે થતા પ્રત્યેક આચરણની બધી ક્રિયા, ભાવનાઓ અને સર્વ દર્શનોની સફળતા પરમાત્મસદૃશ આત્મતત્ત્વના જ્ઞાન-દર્શન-ચારિત્રમાં છે.
જ્ઞાનથી જણાય - દર્શનથી દેખાય - ચારિત્રથી ભવાય છે.

नाणेण जाणइ भावे दंसणेण य सद्दहइ ।
चरित्तेण निगिण्हाति तवेण परिसुज्झइ ॥ અર્થાત્:
જ્ઞાનથી ભાવો જાણે છે, દર્શનથી શ્રદ્ધા કરે છે,
ચારિત્રથી નિગ્રહ કરે છે, તપથી શુદ્ધિ થાય છે.
પરમાત્માની સ્તુતિમાં, નામમંત્રમાં અને પરમાત્માના
આજ્ઞાપાલનમાં જુદી જુદી રીતે આત્માનું ધ્યાન રહેલું છે.
સ્તુતિમાં સ્થાપનાના સંબંધ વડે,
મંત્રમાં વાચ્યના સ્મરણ વડે અને આજ્ઞાપાલનમાં
આજ્ઞાકારકના સંબંધ વડે પરમાત્માનું ધ્યાન થાય છે.
તે એક પ્રકારે પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન છે,
જે સિદ્ધ કરવાનું આલંબન
સ્તુતિ, મંત્ર અને આગમ પુરું પાડે છે.
આગમ આપ્તવચનરૂપ છે, જેના આદ્યપ્રકાશક અરિહંતો છે.
તેઓનું અનુષ્ઠાન દ્વારા થતું સ્મરણ જ
આત્મામાં પરમાત્મપણાની બુદ્ધિ પેદા કરી આપે છે.
બહિરાત્માનો ત્યાગ કરી પ્રસન્નચિત્તવાળા અંતરાત્મા વડે
પરમાત્માનું ભાવન કરવાની આજ્ઞા
શાસ્ત્રોમાં ઠેર ઠેર ફરમાવેલી છે.
તેની આરાધના સ્તુતિ, મંત્ર અને આગમ વડે થાય છે.

મંત્ર વડે મનન, મૂર્તિ વડે દર્શન અને
આગમ વડે અનુસરણ થાય છે.
મનન મનથી, દર્શન ચક્ષુથી, અનુસરણ કાયાથી થાય છે.
મનથી મનનનું પરિણામ સમ્યગ્જ્ઞાનમાં આવે છે.
મૂર્તિથી દર્શન, પૂજન, સ્તુતિ, સ્તોત્રનું પરિણામ
સમ્યગ્દર્શનમાં આવે છે અને
આગમથી થતા અનુસરણનું પરિણામ ચારિત્રમાં આવે છે.
જ્ઞાન - દર્શનગુણ ઉપયોગની શુદ્ધતારૂપ છે,
ચારિત્રગુણ યોગની સ્થિરતારૂપ છે.
મૂર્તિ અને મંત્ર વડે ઉપયોગની શુદ્ધિ થાય, આત્માના જ્ઞાન
અને દર્શનગુણ નિર્મળ થાય, જ્ઞાનની સમજણ તથા
દર્શનની શ્રદ્ધા સ્પષ્ટ અને સુદૃઢ થાય, ઉપરાંત મન -
વચન - કાયાના વ્યાપારો ચારિત્રગુણ નિયમિત બને છે.
<u>આત્મામાં આત્માની આત્મા વડે જે સ્થિરતા થાય,</u>
<u>તે જ અનુક્રમે ચારિત્ર, દર્શન અને જ્ઞાનગુણ છે.</u>
પોતાના આત્મામાં જ અનુભવ કરાવી મોક્ષરૂપ બને છે.
આગમ એટલે આપ્ત વચન. આપ્ત સર્વજ્ઞ - સર્વદર્શી છે,
તેથી વચન દ્વારા થતું તેમનું
સ્મરણ સર્વજ્ઞ - સર્વદર્શી પરમાત્મસત્તાનો સ્વીકાર કરાવે.

એ સત્તાનો સ્વીકાર આત્મતત્ત્વ પ્રત્યે આકર્ષણ જન્માવી
જીવોની ભૂમિકાને અનુરૂપ વર્તનનો બોધ કરાવે છે.
ભૂમિકાને અનુરૂપ સદ્વર્તનથી જીવ અસદ્વર્તનજનિત
અશુભાસ્રવના દોષથી ઉગરી જાય છે તથા
શુભાસ્રવ અને સંવરનો અધિકારી બને છે.
પરમાત્મરૂપ આત્મધ્યાનથી નિર્જરાતત્ત્વનો લાભ થાય.
શુભાસ્રવ, સંવર અને નિર્જરા - 3 મળીને
'ધર્મતત્ત્વ' બને, જે ચારિત્રગુણને વિકસાવે છે.
સમ્યક્ચારિત્ર એ સમ્યગ્દર્શન - જ્ઞાનયુક્ત હોય છે.
તેથી સમ્યગ્દર્શન - જ્ઞાન અને ચારિત્રની એકતા થવાથી
આગમનું અનુસરણ એ મુક્તિનો માર્ગ બને છે.
આગમનું બહુમાન એ જ મોક્ષનું બહુમાન છે.
મૂર્તિ એ પરમાત્માની સાકાર મુદ્રા છે. સાકાર વડે
નિરાકારનો બોધ થાય. નિરાકાર પોતાનો આત્મા છે.
તેનો બોધ થવાથી અનાત્મતત્ત્વ તરફનું આકર્ષણ શમે,
તેનું જ નામ 'વૈરાગ્ય' છે અને આત્મતત્ત્વ તરફનું જે
આકર્ષણ વધી જાય છે, તેનું નામ 'ભક્તિ' છે. વૈરાગ્ય
એ સંસારના પ્રવાહ તરફ વહતી ચિત્તવૃત્તિને રોકે છે.
ભક્તિ એ કૈવલ્યના પ્રવાહ તરફ ચિત્તવૃત્તિને વાળે છે.

મૂર્તિના ધ્યાન વડે સાધક જે ધ્યાતા એ
ધ્યેયની સાથે એકતાનો અનુભવ કરે છે.
ધ્યાતા અંતરાત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને
ધ્યાન એ વૃત્તિનો ધ્યેયને વિષે અખંડ પ્રવાહ છે.
મૂર્તિ દ્વારા તે અખંડ પ્રવાહ સધાય છે.
તેથી જ મૂર્તિને પરમ આલંબન માન્યું છે.
મૂર્તિમાં ભગવદ્ભાવનો અભેદ આરોપ થાય છે.
આત્મામાં પરમાત્મભાવનો અભેદ આરોપ થાય છે.
આમ પરમાત્મભાવને આત્મભાવમાં ભાવવા માટેનું
પરમ સાધન પરમાત્માની પ્રતિમા જે મૂર્તિ છે.

## મંત્રનું માહાત્મ્ય

મંત્ર = મનનું રક્ષણ કરે તે જે મનન વડે રક્ષણ કરે તે.
'મનન' મુખ્યત્વે મન વડે થાય છે, તેથી મન દ્વારા
આત્માનું રક્ષણ જે સાધનથી થાય તે 'મંત્ર' છે.
મંત્રમાં મનન કરાવવાનું સામર્થ્ય વર્ણસમૂહ વડે થાય છે.
વર્ણસમૂહનું ઉચ્ચારણ પ્રાણ વડે થાય છે, અર્થાત્
મંત્ર એ મનની જેમ પ્રાણની સાથે સંબંધ ધરાવે છે.
કેવળ મનનું જ નહિ પણ
પ્રાણનું પણ જે શુદ્ધિકરણ કરે, તે મંત્ર છે.

કહ્યું છે કે: ગુરુમંત્રદેવતાઽઽત્મમનઃ-
પવનાનામૈક્યનિષ્કલનાત્ મંત્રઃ।
શબ્દનો સંબંધ પવન સાથે, પવનનો મનની સાથે અને
મનનો સંબંધ આત્મા, અંતરાત્મા, પરમાત્મા સાથે છે.
પરમાત્મા એ દેવ છે, અંતરાત્મા એ ગુરુ છે.
તે બંને સાથે આત્માની એકતા કરાવનાર મંત્ર જ છે.
મંત્ર એ પ્રાણ અને મન ઉભયની સાથે સંબંધ ધરાવે.
પ્રાણ અને મન આત્માની સાથે સંબંધ ધરાવે છે.
મંત્રનો પરમાત્મા સાથે વાચ્ય - વાચક ભાવનો અને
અંતરાત્મા સાથે સેવક-સેવ્ય ભાવનો સંબંધ છે. એ સંબંધનું
જ્ઞાન મન દ્વારા થાય અને ક્રિયા પ્રાણ દ્વારા થાય છે.
વર્ણો પ્રાણની સાથે, પ્રાણનો મનની સાથે,
મનનો આત્માની સાથે, આત્માનો પરમાત્માની સાથે
અને પરમાત્માનો અંતરાત્માની સાથે
પરસ્પર અવિનાભાવ સંબંધ છે,
તેથી વર્ણ સમૂહાત્મક મંત્રનું સાધન કરવાથી
પ્રાણ-મન, આત્મા, પરમાત્મા અને ગુરુ
એ બધાની સાથે સંબંધ બંધાય છે.
એ સંબંધનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ

જેમ જેમ વધુ પ્રમાણમાં ધ્યાન થાય, તેમ તેમ જીવની
કર્મ, કર્મજનિત અશુદ્ધિ અને અશુદ્ધિજનિત ચાર ગતિમાં
પરિભ્રમણ કરવારૂપ અનર્થથી મુક્તિ થાય છે.
મુક્તિ અનંત - અવ્યાબાધ સુખથી યુક્ત છે.
મંત્ર પાંચ પર્યાયને બતાવે છે.
મૂર્તિ પાંચ પર્યાયના આધારભૂત દ્રવ્યને બતાવે છે.
આગમ દ્રવ્યાભિમુખ પર્યાય બનાવવાની રીતને બતાવે છે.
પંચ પરમેષ્ઠિ મંત્રનું અસ્તિત્વ એમ સાબિત કરે છે કે:
'પાંચ શુદ્ધ પર્યાયનું અસ્તિત્વ આ વિશ્વમાં છે.'
શુદ્ધ પર્યાયનો આધાર તથા ઉત્પત્તિ સ્થાન = દ્રવ્ય.
તે દ્રવ્યના દર્શન કરવાનું આલંબન મૂર્તિ છે.
મૂર્તિ એ દ્રવ્યનું દર્શન કરાવે છે કે જે
દ્રવ્યરૂપી મૂળમાંથી પાંચ શુદ્ધ પર્યાયો પ્રગટેલ છે.
જો પર્યાય એ પત્ર કે શાખાના સ્થાને છે,
તો દ્રવ્ય એ મૂળ અને થડના સ્થાને છે.
પ્રત્યેક પત્ર વૃક્ષની શાખાને, પ્રત્યેક શાખા થડને અને
થડ એ જમીનમાં દટાયેલાં પણ બધાના
કારણભૂત મૂળીયાંને બતાવે છે.
એ જ ન્યાયે શુદ્ધ પર્યાયો દ્રવ્યને આધારે છે.

જો પર્યાયના સ્મરણનું સાધન મંત્ર છે,
તો દ્રવ્યના દર્શનનું સાધન મૂર્તિ છે.

'દ્રવ્યની સન્મુખ થવાથી શુદ્ધ પર્યાય પ્રગટે' એમ આગમ જણાવે છે, તેથી આગમને આપ્તવચન તરીકેની ખ્યાતિ છે.

## મૂર્તિ અને મંત્ર શેના આલંબનો ?

અરિહંતની મૂર્તિ પોતાના જ આત્માના શુદ્ધ સ્વરૂપના દર્શન, પૂજન, વંદનાદિ કરવા માટેનું આલંબન પુરું પાડે તથા અરિહંત પ્રભુનો મંત્ર સ્વાત્માના શુદ્ધ સ્વરૂપનું સ્મરણ, ચિંતન, ધ્યાન કરવાની સામગ્રી પુરી પાડે છે.

મંત્ર શ્રવણ - મનન - કીર્તન માટે થાય છે તથા
મૂર્તિ વંદન, પૂજન, અર્ચન માટે થાય છે.
મંત્ર અને મૂર્તિ નામ અને રૂપ દ્વારા
શુદ્ધ સ્વરૂપની ભક્તિના સાધનો બને છે.

ભક્તિ દ્વારા એકતાની અનુભૂતિ થાય છે, જે સર્વ ક્રિયાઓ અને સાધનાઓનું અંતિમ પાવન ફળ છે.

## મંત્ર - મૂર્તિ અને પૂજા

મંત્ર વર્ણોનો સમૂહ છે, મૂર્તિ તે આકૃતિરૂપ હોવાથી યંત્રસ્વરૂપ છે. વર્ણોનો જાપ, યંત્ર દ્વારા ધ્યાન અને તે બે વડે ઇષ્ટની પૂજા એ તંત્રનું સાધન છે.

## ભક્તિયોગમાં મંત્રનું સ્થાન

નવધા ભક્તિમાં પ્રથમની 3 ભક્તિ મંત્ર દ્વારા,
તે પછીની 3 ભક્તિ મૂર્તિ દ્વારા તથા છેલ્લી 3 ભક્તિ
સાક્ષાત્ ભગવાનની પૂર્વાપર અવસ્થા દ્વારા થાય છે.
પ્રથમ ત્રણ ભક્તિના નામ: શ્રવણ, સ્મરણ, કીર્તન છે.
પછીની ત્રણ ભક્તિના નામ વંદન, પૂજન, અર્ચન અને
છેલ્લી ત્રણના નામ દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન છે.
નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ - એ ૪ નિક્ષેપ વડે
પાંચ પરમેષ્ઠિની ૯ પ્રકારે ભક્તિ મુક્તિનું સાધન બને.

મંત્ર નામસ્વરૂપ છે, મૂર્તિ યંત્રસ્વરૂપ છે.

દ્રવ્ય એ સિદ્ધ અને સાધક અવસ્થા છે તથા
ભાવ એ વિદ્યમાન ઉપકાર કરનારી સાક્ષાત્ અવસ્થા છે.

## મંત્રમાં પ્રતિબિંબ

મૂર્તિમાં ચતુર્વિધસંઘની સમાપત્તિનો અભેદારોપ છે, તેમ
મંત્રમાં સર્વ સમ્યગ્દૃષ્ટિનો શુદ્ધ આત્મા વાચ્ય બને છે.

તેથી મંત્રસ્મરણ એ સર્વ સમ્યગ્દૃષ્ટિના
શુદ્ધ આત્માનું સ્મરણ છે, કેમકે મંત્રનું મંત્રત્વ
સમાપત્તિ નિરૂપક વાચ્યના આલંબનત્વમાં રહેલું છે.
મંત્ર એ સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવની સમાપત્તિના વિષયભૂત
પરમાત્માના સ્મરણનું આલંબન છે, તેથી મંત્રસ્મરણ

એટલે કેવળ શબ્દનું ઉચ્ચારણ નહિ કિન્તુ શબ્દવાચ્ય સમાપત્તિ ઘટકીભૂત પરમાત્માનું સ્મરણ થાય છે. સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોના વિશુદ્ધ આત્માઓ સાથે પોતાના અંતરાત્માની ગુપ્ત સંભાષણા થાય છે અને તેથી પરસ્પર ધર્મસ્નેહ વધે એ જ મંત્રચૈતન્યની જાગૃતિ ગણાય અને એ જ તત્ત્વથી મંત્રનું મંત્રત્વ છે. 'જિનાલય એટલે દેહરૂપી દેવાલય, જેમાં જીવરૂપી સનાતન દેવ છે.' આ રીતે માનનાર મહાપુરુષોના સમૂહને અને સમાન શ્રદ્ધાવાળાઓને ભક્તિ કરવાનું કેન્દ્ર એટલે જિનાલય. બાહ્યમંદિર, દેહ દેવાલય અને દેવાલયમાં અંદર રહેલ ચૈતન્યની ભક્તિ કરનાર પ્રબુદ્ધ માનવીઓનો સમૂહ, એ અર્થને પણ 'જિનાલય' શબ્દથી સંબોધવામાં આવે છે.

o ધર્મમાં ધનબુદ્ધિ = Body earth

ધર્મમાં ધનની આવશ્યકતાની બુદ્ધિ.

ધર્મમાં પ્રાણબુદ્ધિ = 5 senses.

ધર્મમાં પ્રાણથી આવશ્યકતાની બુદ્ધિ.

ધર્મમાં સ્વર્ગબુદ્ધિ = mind - Heaven.

ધર્મમાં સ્વર્ગથી આવશ્યકતાની બુદ્ધિ.

ધર્મમાં મોક્ષબુદ્ધિ = Soul - Salvation.

ધર્મમાં મોક્ષથી આવશ્યકતાની બુદ્ધિ.

શ્રુતિઓ અને તેના આકારો ભિન્ન-ભિન્ન છે.

તે આકારો ધ્યાનમાં એકાગ્રતા મેળવવાનાં સાધનો છે.

ભક્તની ઇચ્છા અને ભાવના મુજબ

ભગવાન અલગ-અલગ રૂપને ધારણ કરે છે.

જે પ્રિયતમ છે, તેના સંયોગમાં

ચાક્ષુષદર્શન છે અને વિયોગમાં માનસદર્શન છે.

સંયોગ કરતાં વિયોગમાં ચિત્ત વધારે ચોંટેલું રહે છે.

ભક્તિ એ પંચમ પુરુષાર્થ તથા બ્રહ્મચર્યની દશામાં વાડ છે.

ખરો ભક્ત કેવો હોય?

શત્રુ-મિત્ર, માન-અપમાન, શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, નિન્દા-સ્તુતિ સર્વમાં સમાનભાવનો ધારક ભક્ત હોય. તે જે કાંઈ મળે તેમાં પ્રભુપ્રીત્યર્થ સંતોષ માનનારો, મન-બુદ્ધિ પ્રભુમાં સતત રાખી પ્રભુને પ્રીતિપૂર્વક ભજનારો હોય.

ભક્તયોગી ૪ પ્રકારની મુક્તિને અનુક્રમે પ્રાપ્ત કરે:

સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય અને સારૂપ્ય.

દેહાત્મબુદ્ધિ જ નરકાવાસ છે.

દ્વાર + કા = અહીં 'ક' જળના અર્થમાં છે.

જ્યાં પ્રત્યેક દ્વારે જળ વસે છે, તે દ્વારકા છે.

શરીરના દરેક દ્વાર અર્થાત્ કે નાક, કાન, આંખ આદિ

દરેક ઇંદ્રિય ઉપર જાપને જુઓ,
તો જરા (ઘડપણ) અને મરણ પ્રવેશી શકશે નહિ.

યુવાનીમાં સતત ઈશ્વર સ્મરણ ચાલુ રહે,
તો આ જન્મ સુધરે તથા વૃદ્ધાવસ્થામાં
ઈશ્વર સ્મરણ કરનારનો હવે પછીનો જન્મ સુધરે છે.
આત્માનું સ્વરૂપ જોવા માટે અરિહંતાદિ ૪ આલંબન છે.
તેમના સ્મરણથી આત્મસ્વરૂપનું સ્મરણ થાય છે અને
આત્મસ્વરૂપનું સ્મરણ સર્વકલ્યાણનું નિધાન બને છે.
આત્મસ્વરૂપ સર્વ ગુણોની ખાણ અને સર્વ પ્રકારના
શુદ્ધ પર્યાયોની ઉત્પત્તિનું નિધાન છે. સ્વરૂપરમણતા એ
મોક્ષનું અનન્તર કારણ છે, જે અરિહંતાદિ ૪ના સ્મરણનું
સાધન છે. તેથી ઘણું અરિહંતાદિ ચારનું સ્મરણ એ
ભવસ્વરૂપનું સ્મરણ હોવાથી વિશ્રાંતિનું પરમસ્થાન છે.

કહ્યું છે કે:

जीयात्पुण्यांगजननी पालनी शोधनी च मे ।
हंसविश्रामकमलश्रीः सदेष्टनमस्कृतिः ॥

અહીં પંચપરમેષ્ઠિની નમસ્કૃતિ જ ચતુઃશરણગમનસ્વરૂપ
છે. ચતુઃશરણગમન એ જ નિશ્ચયથી આત્મસ્વરૂપરમણતા
અને એ જ મોક્ષનું અનંતર કારણ છે.
ભક્તિ ત્યારે જ વધે કે જ્યારે પૂજ્ય તથા પૂજક એક થાય.

## ઉત્તમ ગુરુ શું કાર્ય કરે?

ઉત્તમ ગુરુ એટલે તીર્થંકર ગુરુ નહીં, ગણધર ગુરુ.
તીર્થંકર ગુરુ મેઘસમાન વચનનો વરસાદ વરસાવે છે.
ગણધર ગુરુ તેના માળા ગૂંથીને લોકોપકારક બનાવે છે.

બગીચામાં વૃષ્ટિ કરવી તે મેઘનું કામ છે,
જે વૃક્ષોને જેટલું પાણી જોઈએ તેટલું આપવું,
તે ક્યારા બનાવનાર માળીનું કામ છે.

બન્ને કાર્યો જુદાં જુદાં હોવા છતાં જરૂરી છે.
ઉત્તમ પુત્ર તરીકે રામ - પિતા તરીકે દશરથનું મહત્ત્વ છે.
ઉત્તમ પિતા તે છે કે જે પુત્રને પોતાથી અધિક કરે.
ઉત્તમ ગુરુનું લક્ષણ પણ શિષ્યને અધિક બનાવવો તે છે.
જ્ઞાનના વિસ્તાર માટે શિષ્યમાં જેટલી નમ્રતા જોઈએ,
તેથી પણ અધિક નમ્રતા ઉત્તમ ગુરુમાં હોવી જોઈએ.

મુક્તિના બે પ્રકાર છે:
અંતિમ મુક્તિ અને કર્મથી મુક્તિ.
પ્રારંભિક મુક્તિ હૃદયગ્રંથિનો મોક્ષ છે.

જે શિષ્યનું હૃદય ખુલ્લું નથી,
તેને ગુરુ પણ બોધ કરી શકતા નથી.

'હૃદય ખુલ્લું હોવું'નો અર્થ પોતાના અજ્ઞાનનો સ્વીકાર.

## મુક્તિના વિવિધ પ્રકારો

સાધનનો સ્વીકાર એ પ્રથમ મુક્તિ છે.
સાધનનું વિસર્જન એ બીજી મુક્તિ છે.
પહેલી મુક્તિ અભિમાનથી - બીજી મુક્તિ સાધનથી છે.
ભક્ત વર્ગ ભક્તિને માંગે છે પણ મુક્તિને નહિ, કારણકે
તેમનો એવો નિર્ણય છે કે માનમુક્તિથી કર્મમુક્તિ થઈ શકે.
'માનમુક્તિનો પર્યાય ભક્તિ છે, તે ન થાય ત્યાં સુધી
કર્મમુક્તિ અશક્ય છે' એવા ભાવ ઉપરાંત 'માનમુક્તિ
થવા બાદ વહેલા - મોડા પણ કર્મમુક્તિ થવાની જ છે;'
એવું ચોક્કસ ભાન પણ ભક્તોને હોય છે.
ક્રમશઃ જીવે પહેલી મુક્તિ નિગોદમાંથી,
બીજી એકેન્દ્રિય - વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાંથી,
ત્રીજી અભિમાનમાંથી, ચોથી મુક્તિ સાધનમાંથી તથા છેલ્લી
જન્મ - મરણના કારણભૂત કર્મથી મેળવવાની હોય છે.

## સલાહનું વિજ્ઞાન

બીજાની સલાહ લેવી એ ગુનો નથી,
પણ જરૂર પડે પણ તે ન લેવી એ મૂર્ખાઈ હોય છે.
દોષથી બચવા સલાહ લેવી એ કર્તવ્ય છે,
દીન બનવા માટે સલાહ લેવી એ કર્તવ્ય નથી.

કયા શિષ્યને કેવા શિક્ષણ આપવા ?

સૂકું કપડું આગથી તુરત સળગે છે, કિન્તુ
જો એ કપડું ભીનું હોય તો
આગથી પહેલાં ભીનાશ સુકાય છે પછી કપડું સળગે છે.
દાહિકાશક્તિ બન્ને સ્થળે સરખી છે.
ઉપરોક્ત દૃષ્ટાંત જેવી જ સ્થિતિ
અધિકારી તથા અનધિકારી શિષ્યો માટે પણ સમજવી.

ગુરૂના ચરણસ્પર્શ શા માટે ?

ગુરૂ પગના અંગુઠા દ્વારા પોતાની શક્તિ
પ્રણામ કરનાર વ્યક્તિ કે શિષ્યમાં સંક્રમણ કરે છે તેથી.

યોગના ૮ અંગોમાં...

મુક્તિનાં સાધન રૂપે યમ-નિયમ અને આસન છે.
સાધના રૂપે પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન છે.
યોગની સિદ્ધિ રૂપે સમાધિ છે.

૨ પ્રકારે શુદ્ધિ

પૂજાની પહેલાં ભૂતશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ આવશ્યક છે.
આ શુદ્ધિથી વાસ્તવિક અધિકારિતા પ્રાપ્ત થાય છે.
ભૂતશુદ્ધિ એ કર્મયોગ છે, જ્યારે
ચિત્તશુદ્ધિ એ સાંખ્યયોગ છે.

## ॐ શાંતિ - શાંતિ - શાંતિ : 3 વાર કેમ?

લક્ષ્મી, શક્તિ અને સરસ્વતી - આ ત્રણેનું આહ્વાન
'શાંતિ' શબ્દનો 3 વાર ઉચ્ચાર કરીને થાય છે.
3 વૈદિક વિભાગ: આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક.
3 પૌરાણિક વિભાગ : લક્ષ્મી, શક્તિ અને સરસ્વતી.

## 'અદિતિ' શબ્દનો અર્થ શું?

અ + દિતિ = દા, ટુકડા કરવા.
વિશ્વના સર્વ ટુકડાઓ કે વિભાગોને સાંધીને
બ્રહ્માણ્ડમાં
એક અખંડ પોત બનાવનારી
જે અદ્વૈત શક્તિ કામ કરે છે,
તેને 'અદિતિ' એવી સંજ્ઞા આપી છે.
'અદિતિ'નો બીજો અર્થ દેવોની માતા એવો પણ થાય.

## દેહ પામ્યા પહેલાં અને પછીની જીવની દશા

'નૈતાન્ વિહાય કૃપણાન્ વિમુમુક્ષ એકઃ |' પ્રહ્લાદઃ
આ દુઃખી જીવોને છોડીને હું એકલો મોક્ષને ઇચ્છતો નથી.
દેહ પામ્યા પહેલાં પોતાના સુખ - દુઃખ - પુણ્ય - પાપની
સાથે અનુકૂળ સંબંધ રહે અને બીજાઓ પણ તેવો
અનુકૂળ સંબંધ પોતાની સાથે રાખે, એમ જીવ ઇચ્છે છે.

ધર્મ પામ્યા પછી તે જગતનાં સુખ, ગુણ, દુઃખ અને પાપને પોતાના જ ગણે છે અને જગતથી પણ તેમ જ ગણે એમ ઇચ્છે છે. તે પલટો આવવામાં મુખ્ય કારણ જીવાદિ તત્ત્વોનું, તેનાં લક્ષણ-સ્વરૂપ આદિનું યથાર્થ જ્ઞાન છે. યથાર્થ જ્ઞાન અને યથાર્થ શ્રદ્ધા જ યથાર્થ સ્વપરનો નિશ્ચિત ભેદ ઊભો થાય છે અને સ્વપર પ્રત્યે સમાન બુદ્ધિ, નિષ્પક્ષપાત વૃત્તિ, અરાગદ્વેષ અવસ્થા પ્રાપ્ત થાય છે. તે જ સાચું માધ્યસ્થ્ય છે અને એ માધ્યસ્થ્ય જ કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિનું અબાધ્ય કારણ છે.

જ્ઞાન વસ્તુતંત્ર છે.

વસ્તુનિષ્ઠા એટલે વૈરાગ્યનિષ્ઠતા.

એવી અનુભૂતિ સર્વને થાય છે કે:

'જીવન એક અને અવિભાજ્ય છે, બધાનું જીવન એક છે'

જીવનની એકતાનો આ પ્રત્યય જ્યારે ચરિતાર્થ થાય, ત્યારે મનુષ્ય મુક્ત બની જાય છે.

સમતા = સર્વ વિષયનો બહિષ્કાર અથવા સર્વ વિષયોમાં સમાન અભાવ ધારણા કરનાર વ્યક્તિ.

સર્વ વિષયોને એમ જાણે છે કે પ્રત્યેક વિષય અનંત ધર્માત્મક હોવાથી પૂર્ણપણે જાણી શકવો અશક્ય છે.

સર્વ વિષયમાં સમાન સત્તાભાવને ઉપલક્ષ્ય કરનાર જીવ
જ વાસ્તવિક રીતે સર્વને જાણનાર થશે. સદા સર્વત્ર
સર્વદા નિરભિમાની, નિરહંકારી અને નમ્ર રહી શકે છે.

બે પ્રકારના સંબંધ:

I-it relationship & I-thou relationship.

વિજ્ઞાન પ્રથમ સંબંધ સુધી પહોંચી શકે છે.
બીજા સંબંધ સુધી પહોંચવા પ્રેમનું જ સામર્થ્ય છે. તેમાં
પ્રારંભ આત્મીયતા - સમાપ્તિ તાદાત્મ્યની પ્રતીતિમાં થાય.
દ્વૈતથી અદ્વૈત તરફ જવું એ જીવનની સાચી સાધના છે.

જ્ઞાનમાં અદ્વૈત અને વ્યવહારમાં સમન્વય.
not dialectics but harmonics.
દ્વંદ્વાત્મક નહિ પણ સમન્વયાત્મક.
'વ્યવહાર' એ સંબંધદર્શક શબ્દ છે.

મનુષ્યનો મનુષ્યની સાથે, બીજા પ્રાણીઓની સાથે અથવા
મનુષ્યનો સૃષ્ટિની સાથેનો જે સંબંધ એ વ્યવહાર છે.
તે જ્યારે સમન્વયાત્મક બને, ત્યારે 'તત્ત્વ અદ્વૈતાત્મક છે'
એની અનુભૂતિ થાય છે અથવા
એ અદ્વૈતાત્મક તત્ત્વની અનુભૂતિ થાય છે,
ત્યારે જ વ્યવહાર સંપૂર્ણ સમન્વયાત્મક બને છે.

## સુખ-દુઃખ તથા રાગ-દ્વેષ

સુખ-દુઃખનો ભોગ નહિ પણ સદુપયોગ કરવો જોઈએ.
સુખ-દુઃખ બંને આદિ તથા અંતવાળા છે,
તેથી બંનેથી અતીત જે જીવન છે,
તેની શોધ કરવી જોઈએ.
બંનેમાં સમ રહી રાગ-દ્વેષ ન કરવા જોઈએ.

સાધકને માટે શું ત્યાજ્ય છે?

દુઃખનો ભય અને સુખની આસક્તિ.
પોતાને દેહસ્વરૂપ માનવું તે પોતાના જ્ઞાનનો અનાદર છે.
દેહભાવથી જ ઉત્પત્તિ થાય છે:
ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ આદિ વિકારોની
ઈચ્છાને પૂરી કરવામાં કઠિનાઈ છે, કિન્તુ
ઈચ્છાનો ત્યાગ કરવો કઠિન નથી.
પૂર્તિમાં પ્રાણી પરાધીન છે,
ત્યાગ કરવો તે સરલ અને સુગમ છે.
મન, બુદ્ધિ, ઈંદ્રિયો, શરીર તથા બાકી સઘળી સામગ્રી
અભિમાન યા દુરુપયોગ માટે તો જ ન થાય કે
'તે બધી કોઈની કૃપાથી સદુપયોગ કરવા માટે મળી છે'
એમ માનવામાં આવે.

પ્રભુપ્રેમનું મૂલ્ય સદ્‌ગુણ કે સદાચાર નહિ, કિન્તુ
પ્રેમ અને વિશ્વાસ છે. જે પ્રભુ ઉપર વિશ્વાસ કરે-
પ્રેમ ધરાવે, તે પ્રભુની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરી શકે છે.

'હું દેહ નહિ' એ વાતને જાણી લેવાથી
સમસ્ત વાસનાઓનો અંત આવે છે,
બુદ્ધિ સમ બને, સમસ્ત દુઃખોનો અભાવ થઈ જાય છે,
ઈશ્વરપ્રેમની લાલસા જાગે, જે ઈશ્વરમિલન કરાવી દે.

પોતે પોતાને પતિત માને, તો જ
પતિતપાવન ભગવાન તેનો ઉદ્ધાર કરે.

'પ્રભુને પ્રાપ્ત કરવા કઠિન છે' એમ માનવું એ ભૂલ છે.
ભગવાનથી મનુષ્યને જરાપણ દૂરપણું નહિ.
ભગવાનને શરણે જતાંની સાથે તે અપનાવી લે છે, તેમાં
આડે આવનાર કોઈ હોય તો મનુષ્યનું અભિમાન જ છે.
અભિમાન શરણાનું ઘાતક છે.

ભગવાન સર્વ શક્તિમાન, સર્વ સુહૃદ, પતિતપાવન, દીન-
વત્સલ અને સર્વગુણસંપન્ન પરબ્રહ્મ પરમેશ્વર છે.
કોઈપણ પ્રાણી ગમે તેટલો દીન, હીન, નીચ કે પાપી હોય
તો પણ તેને અપનાવવા માટે ભગવાન કોઈપણ
સ્થળે કે સમયે શરણાગતવત્સલ હોવાથી તૈયાર જ છે.

શરણાગતિ અચૂક શસ્ત્ર છે,
તેના પ્રભાવે મનુષ્યના સર્વ દોષ બળી જાય છે.
મન અને બુદ્ધિને સર્વ પ્રકારે ભગવાનમાં જોડવા માટે
વિશ્વાસ ન થવાના જેટલા કારણો હોય, તેને શોધી શોધીને
મિટાવી દેવા જોઈએ અને પ્રભુ ઉપર દરેક સાધકે
વિસ્મયરહિત અચલ વિશ્વાસ ધારણ કરવો જોઈએ.
નિરાશા એ અશ્રદ્ધા નહિ, નમ્રતા-તટસ્થતા-પ્રણિપાત છે.
કોઈપણ પરિસ્થિતિમાં ભગવાન ન ભૂલાય,
તે માટે નામજપનો અભ્યાસ વધારવો જોઈએ.
અભિમાન કરવાથી ગુણ પણ દોષમાં પલટાઈ જાય છે.
વિશ્વાસ અને પ્રેમ મન દ્વારા અભિવ્યક્ત થાય છે.
જેમ પ્રકાશનું કેન્દ્ર પાવરહાઉસ છે - બલ્બ નહિ,
તેમ પ્રેમ અને વિશ્વાસનું કેન્દ્ર - મન અને બુદ્ધિને
પ્રકાશિત કરવાવાળું ચૈતન્યતત્ત્વ છે.
પ્રેમ તે છે, જેમાં સ્વાર્થ, આસક્તિ કે વિષમતા હોતા નથી.
સુખ-દુઃખ અથવા રાગ-દ્વેષ એ કર્મનું ફળ નથી, પણ
જે પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે, તે કર્મોનું ફળ છે,
તેમાં ભાવાનુસાર રાગ-દ્વેષ થાય છે. માટે સાધકે
પરિસ્થિતિથી સદૈવ અસંગ થતાં શીખવું જ જોઈએ.

## વીર અને ધીર

કામ ક્રોધ, લોભ, મોહાદિ જેને પરાજિત ન કરે તે વીર છે.
સુખ-દુઃખ જેના ઉપર આક્રમણ ન કરી શકે તે ધીર છે.
આ વીરતા કે ધીરતામાં શારીરિક બળની કોઈ જરૂર નથી,
પરન્તુ પ્રભુમાં અનન્ય પ્રેમ કરવો તો પરમ આવશ્યક છે.

## દ્રવ્ય - ગુણ - પર્યાય

સજાતીય દ્રવ્યોથી સજાતીય દ્રવ્યની વૃદ્ધિ,
સજાતીય ગુણની એકતા અને
સજાતીય પર્યાયની સમાનતા અનુભવાય છે.

સામાયિકનો પરિણામ મધુર છે, તેમાં દ્રવ્યથી
સજાતીય ચૈતન્યતત્ત્વનો સંબંધ વૃદ્ધિરૂપ કારણ બને છે.
તુલા પરિણામરૂપ સામાયિક પર્યાય વડે લાભ કરાવે છે
સમાનતાનું અને અખંડાકારવૃત્તિ સામાયિકનો પરિણામ
ગુણ વડે એકતાનું લાભ કરાવે છે.

મધુર પરિણામ દ્રવ્યોની એકતાના લાભ વડે થાય છે.
તુલા પરિણામ પર્યાયોની સમાનતાના લાભ વડે થાય છે.
અખંડાકારવૃત્તિ પરિણામ ગુણનું અભેદસ્થાન થવાથી થાય.

મધુરપરિણામ એ સજાતીય એકતાના
સાદૃશ્યાસ્તિત્વ વડે એકતાના અનુભવ વડે થાય છે.

તુલ્ય પરિણામ ત્રૈકાલિક પર્યાયોમાં અનુસ્યૂત સ્વરૂપાસ્તિત્વ,
સ્વરૂપ સત્તાના અસ્તિત્વના ભાનથી જાગે છે અને
ખંડખંડયુક્ત પરિણામ એ ગુણોની એકતા,
અધિષ્ઠાનના અસ્તિત્વના ભાનથી થાય છે.

ગુણ પર્યાયવદ્ દ્રવ્યમ્ ।

અહીં ગુણ, પર્યાય અને દ્રવ્ય ત્રણનું વર્ણન છે.
અનંત ગુણોનો આધાર એક જ દ્રવ્ય છે.
ગુણો સહભાવિ છે, પર્યાયો ક્રમભાવિ છે.
અનંત પર્યાયોનો આધાર પણ એક જ દ્રવ્ય છે. આમ
'ગુણો અને પર્યાયોનો આધાર એક જ દ્રવ્ય છે'
એ વિચારથી જે સમત્વ આવે છે, તે અનુક્રમે
તુલ્ય પરિણામરૂપ અને ખંડખંડયુક્ત પરિણામરૂપ છે.
અનંત દ્રવ્યોમાં રહેલ સાદૃશ્ય પરિણામરૂપ એકતા
એ મધુર પરિણામરૂપ સમાધિનો અનુભવ કરાવે છે.

## મધુર પરિણામ

મધુર પરિણામ = સમસ્ત સત્ત્વવિષય સ્નેહપરિણામ.
તે સજાતીય દ્રવ્યોમાં રહેલી એકતાના ભાનથી થાય છે.
સજાતીયતા સાદૃશ્ય પરિણામરૂપ છે અને
તે એકરૂપ છે, તેથી આત્મૌપમ્ય ભાવ જાગે છે.

જેવો સ્નેહ સ્વ પ્રત્યે, તેવો સ્નેહ સર્વ પ્રત્યે જાગે છે. સ્નેહની આ દૃષ્ટિ જ મધુર પરિણામરૂપે અનુભવાય છે.

<u>વસ્તુમાત્રમાં બે ધર્મો: એક સામાન્ય અને બીજો વિશેષ.</u>

<u>સામાન્ય બે પ્રકારે: તિર્યક્ સામાન્ય - ઊર્ધ્વતા સામાન્ય.</u>

તિર્યક્ સામાન્ય ગુણને સ્પર્શે છે.

ગુણ વિશેષનો આધાર તિર્યક્ સામાન્ય સાદૃશ્યસ્વરૂપ છે. અનેક વ્યક્તિઓમાં રહેલું એક જ સાદૃશ્યસ્વરૂપ વ્યક્તિ કરતાં કોઈ ગુણ અધિક છે, તેથી તે મધુરરૂપ બને છે. વિશેષમાં રહેલી ભેદરૂપી કટુતાને દૂર કરી અભેદરૂપી મધુરતાને જન્માવે છે. ભેદબુદ્ધિજનિત કટુતાને નિવારણ કરી અભેદ બુદ્ધિરૂપી મધુરતાને પેદા કરવાનું સામર્થ્ય તિર્યક્ સામાન્યમાં રહેલું છે. તિર્યક્ સામાન્યને આગળ કરીને જે સમત્વનો અનુભવ થાય છે, તે સામાયિકમાં રહેલો મધુર પરિણામ છે. પ્રત્યેક વ્યક્તિમાં રહેલ વિશેષતામાં જે સામર્થ્ય નથી, તે તેના સમૂહમાં ઉત્પન્ન થાય છે, એનું જ નામ માધુર્ય. પર્યાયોમાં રહેલા એકતાનું ભાન તુલા પરિણામ balance of mind ઉત્પન્ન કરે અને ગુણોમાં રહેલા એકતાનું ભાન સંયુક્ત પરિણામ અર્થાત્ integrity of mind ઉત્પન્ન કરે, તેથી જે સમત્વ ઉત્પન્ન થાય છે, તે પૂર્ણ સામાયિક છે.

# એકતા, અભેદતા, પૂર્ણતા

*unity, integrity & balance of mind are the three conditions for complete ધર્મ, which is called 'સામાયિક ધર્મ'।*

આકાશની જેમ સામાયિક ધર્મ પણ સર્વ ધર્મો-ગુણોનો આધાર છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સર્વ ગુણોનો આધાર સામાયિકનો પરિણામ છે. તે આકાશની જેમ વિશાળ છે, સાગરની જેમ ગંભીર છે અને મેરૂની જેમ ઊંચો છે. વિશાળતા, ગંભીરતા અને ઉચ્ચતા જ્યારે આત્માના અધ્યવસાયમાં આવે છે, ત્યારે તે સામાયિકમય બને છે. એકતાના પરિણામમાંથી વિશાળતા આવે છે, ત્રૈકાલિકતાના વિચારમાંથી ગંભીરતા જન્મે છે અને સર્વ ગુણોના અધિષ્ઠાનની એકતામાંથી ઉચ્ચતા ઉત્પન્ન થાય છે.

*Integrity* = પૂર્ણતા, *identity* = એકતા.

ગુણોનું અધિષ્ઠાન, પર્યાયોનું દ્રવ્ય અને દ્રવ્યોનું સાદૃશ્ય એક જ છે. એક જ દ્રવ્યમાં અનંત ગુણો એક કાળે રહેલાં છે. અનેક ક્રમભાવી પર્યાયોમાં અનુસ્યૂત એક જ દ્રવ્ય તથા અનેક વ્યક્તિઓમાં સજાતીય તત્ત્વ એક જ રહેલું છે.

એ રીતે સજાતીયતા મધુરતા લાવે, અનુદ્ભૂતતા ગંભીરતા લાવે અને અનુ આધારતાનો વિચાર ધીરતા લાવે છે.

## સર્વરસનો નાયક - શાંતરસ

કમભાવ પદ્ધતિમાં અનુસ્યૂત અનુદ્ભૂતતાનો વિચાર એ ધીરતાને સમર્પે છે. સદ્ભાવ ગુણોમાં રહેલા એકતા લાવે ગંભીરતાને અને સજાતીય દ્રવ્યોમાં રહેલા સાદૃશ્યએકતા ઉદારતાને લાવે. ધીરતા-વીરતા-ગંભીરતા શાંતરસ જન્માવે.

શાંતરસના નાયકના લક્ષણ તરીકે
'ધીરોદાત્તતા|' એટલે કે ધીરતા અને ઉદારતા પ્રસિદ્ધ છે.

## આપણાને આધીન કાળ

આજે આપણે જે યુગમાં રહેવું હોય,
તે યુગમાં રહી શકીએ એમ છીએ.
યુગ આપણાને સ્વરૂપ આપે છે, એમ નહિ પણ
આપણે તે તે યુગને તે તે સ્વરૂપ આપવાવાળા છીએ.
કાળને આધીન આપણે છીએ, એમ નહિ પણ
આપણાને આધીન કાળ છે.
જે યુગમાં જે ગુણ પ્રધાનપણે હોય છે,
તે ગુણને જીવનમાં પ્રધાનતા આપવામાં આવે,
તો તે યુગનું સ્વરૂપ કાળને ધારણ કરવું પડે છે.
જેમ માટીમાં ઘટ બનવાની શક્તિ કુંભારને આધીન છે,

પણ પોતાને નહીં, તેમ કાળમાં ય કળિયુગ કે સત્યુગ જાણવાનું આવશ્યક કાળમાં નહિ પણ ભૂત-પ્રાણીમાં છે. જીવ જેવા પ્રકારના ગુણોને ધારણ કરે, તેવા પ્રકારે કાળને જાણનારે જાણવું પડે છે. કાળ અચેતન છે, જીવ સચેતન છે. અચેતન પરતંત્ર છે, સચેતન સ્વતંત્ર છે. 'સ્વતન્ત્રઃ કર્ત્તા।' અર્થાત્: જે સ્વતંત્ર હોય તે કર્તા છે.

યઃ અર્થશુચિઃ સઃ શુચિઃ। અર્થાત્ અર્થની પવિત્રતા

ધર્મના મૂળ સમા અહિંસા-સત્યનું રક્ષણ કરવા અર્થની શુચિતા આવશ્યક છે. તે જેના જીવનમાં છે, તે શુચિ છે. આર્થિક શુચિતાનો આધાર અસ્તેય તથા અપરિગ્રહ વ્રત છે. એ બેને ધારણ કર્યા વિના ધર્મની પૂર્ણ પ્રતિષ્ઠા ન થાય.

આત્મજ્ઞાનના અંકુશ વિનાનું વિજ્ઞાન શાપરૂપ છે.

અહિંસા આત્માનો ગુણ છે અને તે મૂળગુણ છે.

આત્માના ગુણ અહિંસાદિની ઉપેક્ષા કરીને

વિજ્ઞાન જગતનું હિત કરી શકે નહિ.

જેણે મન અને ઇંદ્રિયો ઉપર કાબૂ પ્રાપ્ત કર્યો નથી,

તે બાળકોને શિક્ષણ આપવાને અયોગ્ય છે.

પ્ર. ધન ક્યાં વસે છે? ઉ. તે સ્વપ્ન વસે છે. તેનો અર્થ પાપી, હિંસક, દુઃખી અને દરિદ્રી સ્વપ્નમાં ધન રહેતું છે.

## ભક્તિ - ધર્મ - અધર્મ - દાન - પ્રભુનામ

સાચી ભક્તિ માટે અધર્મને તો છોડવો જ પડે,
પણ સર્વ ધર્મને ય છોડવા જોઈએ. માટે જ કહ્યું છે કે:
સર્વ ધર્મોને ગૌણ બનાવવામાં આવે, તો જ ભક્તિમાં
નિષ્ઠા આવી શકે છે. અર્થાત્ ભક્તિમાં સર્વ ધર્મોનો
સંગ્રહ છે, જો એમ ન હોય તો આ વાત સંગત ન થાય.
અવિદ્યા = ભૂલવાની શક્તિ. વિદ્યા = યાદ રાખવાની શક્તિ.
બંને શક્તિઓ મળીને સાધનાનું અંગ બને છે.

### દાનધર્મનું પાલન કરવા માટે

ઉપકારીને યાદ રાખવા અને અપકારીને ભૂલી જવા.

श्रिया देयम् ह्रिया देयम् भिया देयम् संविदा देयम्
श्रद्धया देयम् अश्रद्धया अदेयम् । અર્થાત્:
લક્ષ્મી દ્વારા આપવું, લજ્જા દ્વારા આપવું, ભય દ્વારા આપવું,
જાણવા દ્વારા આપવું, શ્રદ્ધા દ્વારા આપવું, કિન્તુ
અશ્રદ્ધા દ્વારા કદાપિ (દાન) ન આપવું.

कलौ दानं च नाम च । અર્થાત્:
કલિકાલમાં દાન અને પ્રભુનું નામ બે વસ્તુ તારનારી છે.

'सत्यमेव जयते नाऽनृतम् ।'
અસત્યની અપેક્ષાએ સત્યનું બળ અધિક છે.

હિંસા, જૂઠ અને કલહના વિચાર કમજોર છે.
સત્ય, પરોપકાર અને પ્રેમના વિચાર બળવાન છે.
ધર્મસ્ય ત્વરિતા ગતિ: | સદુક્તિ: ધર્મની ગતિ ત્વરિત છે.
સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજતિ પંડિત: | સદુક્તિ:
સર્વનાશના કાળે જે અડધું છોડી દે છે, તે પંડિત છે.
ધર્મશાસ્ત્ર એમ કહે છે કે જો અડધું ન છોડી શકાય તો
બધું કે દશાંશ ભાગ તો છોડવો જ જોઈએ.

'તત્ત્વમસિ'

તું ઈન્દ્રિય, શરીર, મન, બુદ્ધિ નહિ પણ બ્રહ્મ છે.
'તું શુદ્ધ, પવિત્ર, મંગલ સનાતન છે'
એ વિચાર સૌથી મોટો છે અને
એને કહેવા માટેનું આ વાક્ય સૌથી નાનું છે.
આકારમાં આટલું નાનું અને અર્થમાં આટલું મોટું વાક્ય
દુનિયાની કોઈપણ ભાષામાં મળવું મુશ્કેલ છે.
આ વાક્યમાં અર્થ એટલો બધો તો વ્યાપક છે કે
આખું બ્રહ્માંડ તેમાં સમાઈ જાય છે.
o કોઈ કાર્યની સિદ્ધિ કરવા ઋતુને અનુકૂળ બનાવવાને
બદલે પોતે જ ઋતુને અનુકૂળ બનતાં શીખવું જોઈએ.
વિચારમાં શક્તિ છે. આખુંજોગ વિચારની જ નિપજ છે.

તેનો સદુપયોગ - દુરુપયોગ પણ વિચારની જ શક્તિ છે.
દુનિયામાં વિચારોનું જ રાજ્ય ચાલે છે.
અસદ્‌વિચાર કરતાં સદ્‌વિચારની શક્તિ વધુ છે, કેમકે
અસદ્‌વિચાર કુંઠિત છે.

o 'गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।' સદુક્તિ:
મૃત્યુ વડે કેશ પકડાયા છે માટે તું ધર્મનું આચરણ કર.

o दीर्घं पश्यत मा ह्रस्वम् । परं पश्यत माऽपरम् ।
સદુક્તિ: દીર્ઘદ્રષ્ટા બનો, ટૂંકી દૃષ્ટિવાળા નહીં.
ચૈતન્યને જો, જડને નહીં.

o 'पुण्यस्य कर्मणः दूरात् गंधो वाति ।'
સદુક્તિ: પુણ્યકર્મની સુગંધ દૂરથી જ પમાય છે.

o

Remember, your efforts to reach God are not one-sideded. He also wants to reach you and will be able to do so through your perfect surrender and receptivity to Him. Look upon the person that has wronged you as an ignorant child of God. Have faith in God and the supremacy of His law.

# માધ્યસ્થ્ય અથવા Positive neutrality

'માધ્યસ્થ્ય' એટલે અરાગદ્વેષ વૃત્તિ.
આ વૃત્તિ બધાં ગુણોની જનની છે.
માધ્યસ્થ્ય વૃત્તિ જીવને સ્વસુખ સ્વરૂપમાં
વિશ્રાંતિ આપનાર માતાની ઉપમાને પાત્ર છે.
સુખી, દુઃખી, પુણ્યવાન, પાપી,
ગુણી, નિર્ગુણી, સંસારી અથવા સિદ્ધ -
એમ સર્વ પ્રત્યે આત્મૌપમ્યવૃત્તિ એટલે માધ્યસ્થ્ય.

માધ્યસ્થ્યના વિષયો અનુક્રમે નીચે મુજબ છે:

(૧) સુખ - દુઃખાનુષંગિ છે.
(૨) દુઃખ - નિર્જરાનો હેતુ છે.
(૩) પુણ્ય - અપ્રકૃતિનું સૂચક છે.
(૪) પાપ - અજ્ઞાનૌત્સુક્ય છે.
(૫) સંસાર - કર્મનું ફળ છે.
(૬) મોક્ષ - આત્મસ્વરૂપ છે.
(૭) ગુણ - ક્ષયોપશમભાવ છે.
(૮) સર્વ - વસ્તુ અનંત ધર્માત્મક છે.
(૯) વચનો - એક દેશને કહે છે.
(૧૦) નયો - સાપેક્ષ વાણીનું કારણ છે.

## માધ્યસ્થ્ય ગુણ

अन्धं तमः प्रविशन्ति ये अविद्यामुपासते ।
ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ॥ (परिशिष्ट-८)

વિદ્યા અને અવિદ્યા બંને શાસ્ત્રો છે.
કેટલાંક વચન જાણવા જોઈએ, કેટલાંક ન જાણવા જોઈએ.
જાણવું તેનું નામ વિદ્યા, ન જાણવું તેનું નામ અવિદ્યા.

જિનભક્તિ - જીવમૈત્રી કઈ રીતે પરસ્પરાશ્રિત?

'જન' થી 'જૈન' જે બે ફકરાઓ જુદા પડે તે છે:
જિનભક્તિ - જીવમૈત્રી. તેની સાથે માધ્યસ્થ્ય જોડાયું છે.
માધ્યસ્થ્ય ગુણ ચિત્તશુદ્ધિની અપેક્ષા રાખે છે.
ચિત્તશુદ્ધિ ન્યાયબુદ્ધિની અપેક્ષા રાખે છે.
ન્યાયબુદ્ધિ યથાર્થજ્ઞાનની અપેક્ષા રાખે છે.
યથાર્થજ્ઞાન આપ્તવચનની અપેક્ષા રાખે છે.
આપ્તવચન આપ્તપુરુષની અપેક્ષા રાખે છે.
આપ્તપુરુષનો સમાગમ પુણ્યબળની અપેક્ષા રાખે છે.
પુણ્યબળ દેવગુરુભક્તિની અપેક્ષા રાખે છે,
દેવગુરુની ભક્તિ દીન-દુઃખીની દયાની અપેક્ષા રાખે છે,
દીન-દુઃખીની દયા દેવગુરુની ભક્તિની અપેક્ષા રાખે છે,
એમ જિનભક્તિ તથા જીવમૈત્રી પરસ્પરાશ્રિત છે.

'અણુસોઓ સંસારો પડિસોઓ તસ્સુત્તારો ।'

અનુકૂળતાની વૃત્તિ એ સંસાર કે ભવભ્રમણનો હેતુ છે.

પ્રતિકૂળતાની રુચિ એ જ્ઞાનીઓનું પરમ તપ છે.

અનુકૂળતા = સુખ. તેના ઉપર રાગ એ અજ્ઞાનજનિત છે,

કેમકે દેખાતું સુખ કર્મોદયજનિત છે.

કર્મ = બંધન. તેમાં રાચવું એ મિથ્યાત્વ મોહનીયનો ઉદય છે,

તેથી ૮ પ્રકારે કર્મ બંધાતા જીવનું ભવભ્રમણ વધે છે.

પરિણામે સુખ ઉપરનો રાગ ત્યાજ્ય છે.

એ જ રીતે દુઃખ ઉપરનો દ્વેષ પણ અજ્ઞાનજનિત છે,

કેમકે દુઃખ પણ અશુભ કર્મના ઉદયથી જ આવે છે.

સુખ-દુઃખને સમભાવે ભોગવી લેતાં જીવ કર્મમુક્ત બને.

'મુક્તિ અપાવનાર દુઃખ પ્રત્યે દ્વેષ અને બંધનમાં જકડી

રાખનાર સુખ પ્રત્યે રાગ બંને અનાદિ અવિદ્યાનો વિલાસ છે.'

આવી સમજણ થયા પછી

અનુસ્ત્રોતો વૃત્તિ વિલીન થઈ પ્રતિસ્ત્રોતો વૃત્તિ જાગ્રત થાય.

દરેકનું સુખશાતાપણું એ ભેડસંજ્ઞા છે.

આ સંજ્ઞા અજ્ઞાનજનિત છે.

સામે પૂરે ચાલવારૂપ વૃત્તિધર્મ એ સંજ્ઞામૂલક છે.

આ સંજ્ઞા જ્ઞાનપૂર્વકની છે.

આત્મદ્રવ્ય = ગુણોનો પિંડ. તેને જ્ઞાનદશામાં 'ગુણ' કહે છે.
અજ્ઞાન દશામાં તે બધાં જ ગુણ 'દુર્ગુણ' ગણાય છે.
દુર્ગુણ પણ એક પ્રકારના ગુણ જ છે, પરંતુ અજ્ઞાન
અને વિપર્યયના કારણે તે ભવભ્રમણના હેતુઓ બને છે.
મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય,
તપાદિ ગુણ હોય, કિન્તુ તેનો વિષય અપ્રશસ્ત હોય.

કંચન-કામિની પ્રત્યેનો રાગ પણ
જ્ઞાન-શ્રદ્ધા આદિ જીવના ચૈતન્યના કારણે છે.
અચેતનને રાગ કે દ્વેષ કે મોહ હોતા નથી. તે સર્વ તો
જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આત્મગુણોની અપેક્ષા રાખે છે.
જેમ કે શત્રુ પ્રત્યે દ્વેષ, સ્નેહી પ્રત્યે રાગ તથા તદનુરૂપ
વર્તન અને એ માટે કષ્ટ સહન, પરાક્રમનું સ્ફુરણ - એ બધાં
આત્મગુણ જ છે પણ વિકૃત હોવાથી આત્મઘાતક બને છે;
તેથી ચૈતન્યવાન જીવે પોતાના જ્ઞાનાદિ ગુણ વિપરીત માર્ગે
ચાલી ન જાય તે ખાતર ખૂબ કાળજીવાળા રહેવું જોઈએ.

સુદેવ - સુગુરુ - સત્શાસ્ત્રાદિના આલંબને
તે સર્વ આત્મગુણોને યોગ્ય માર્ગે વાળવા જોઈએ.

o

*Blessed are those, who have not seen Him and yet have believed.*

# ધર્મ અને અધર્મ

ધર્મકાર્ય તે જ ગણાય કે જે કોઈ સાથે વિરોધરૂપ ન હોય.
હા, તેનો વિરોધ હોય તો માત્ર અધર્મ કાર્ય હોય છે.
અધર્મ કાર્યોનો તે ઉગ્ર વિરોધ કરી ય મટી શકાશે નહિ.
સો હાથે કમાઓ અને હજાર હાથે આપો.
એક દાણો વાવવાથી સો ગણું અનાજ આજે ય મળે છે.
અહિંસા આત્માની શક્તિ છે, જ્યારે
હિંસા એ શરીરની શક્તિ છે.
શરીરથી આત્માની શક્તિ તો ઘણી મોટી છે.
શરીર હણી શકાય છે, આત્મા હણી શકાતો નથી.
શરીરની અંદર રહેલા આત્માને જોતાં આવડશે તો
બોલવા - ચાલવા - વિચારવાદિનો વ્યવહાર બદલાઈ જશે.
મનુષ્યને આઝાદી મળી છે.
તેનો ઉપયોગ તે પાપ-પુણ્ય બંનેમાં કરી શકે છે.
પણ તે આઝાદીનો ઉપયોગ કેવળ પાપમાં કરે છે.
'મનુષ્યને મળેલી સંપત્તિ અને સત્તા સેવા માટે છે,
પણ ભોગ માટે નહિ' એમ સમજે તો જ
મનુષ્ય તે સંપત્તિ અને સત્તા પુણ્યના માર્ગે વાપરી શકે,
અન્યથા તે પાપના માર્ગે જ જાય છે.

વિદ્યા એટલે જાણવું. એ એક શક્તિ છે, તેમ
અવિદ્યા એટલે ન જાણવું. તે પણ એક શક્તિ જ છે.

જે વસ્તુ ઉપયોગી છે તે જાણવા અને
જે વસ્તુ નિરૂપયોગી છે તેને ન જાણવા.
આમ વિદ્યા-અવિદ્યા ઉભયની ઉપાસના ઉપકારક છે.

સજ્જનતાનું લક્ષણ શું ?

બીજાના ગુણને અને પોતાના દોષો વધારીને જણાવવા તે.
તેનાથી જ ગુણોનો વિકાસ અને દોષોનો હ્રાસ થાય છે.

ધર્મનાં બે મુખ્ય અંગો : એક પ્રસન્નતા, બીજું નમ્રતા.
સંસ્કૃતિ : એક નિરાભિમાન, બીજું સ્વાભિમાન.

નિવૃત્તિ એટલે શારીરિક નહિ પણ માનસિક શાંતિ.
શરીરની શાંતિ તો મડદા કે પત્થરમાં પણ હોય છે, પરંતુ
તે શાંતિ નહિ પણ જડતા છે.
તમોગુણની અધિકતાને શાંતિ નહિ, જડતા માનવી જોઈએ.
શાંતિ માનસિક વસ્તુ છે, તે સત્ત્વગુણના વિકાસથી મળે.

o

Most powerful is he,
who has himself in his own power.
No person is free,
who cannot command himself.

त्रिमात्रामांथी अर्धमात्रामां जवानुं एटले...
व्यक्ति उत्कृष्ट जातिमां, प्रकृति उत्कृष्ट द्रव्यमां अने
गुरु उत्कृष्ट कूटस्थ अथवा गुफामां जवुं ते.
व्यष्टि = त्रिमात्रा, समष्टि = अर्धमात्रा, उत्कृष्ट पर = अमात्र.
अर्धमात्रामांथी अमात्रमां जवाय छे.
अर्धमात्र तुरीयस्वरूप, ज्यारे अमात्र तुरीयातीत छे.
अर्धमात्र विज्ञानरूप, ज्यारे अमात्र आनंदस्वरूप छे.
अर्धमात्र महर्लोक छे, अमात्र जन - तप - सत्यलोक छे.
त्रिमात्र भूः, भुवः, स्वःलोक छे.
त्रिमात्रामांथी अमात्रमां जवा माटे सेतु छे:
महर्लोक, विज्ञानमय कोष अथवा अर्धमात्रा.
नमः पद अर्धमात्रास्वरूप छे,
केमके ते त्रिमात्रस्वरूप आत्मानी
जघन्यावस्थामांथी अजघन्यावस्थामां जवा सेतु बनी जाय छे.
ते श्रुत सामायिकरूप अने सम्यक्त्व सामायिकरूप छे.
श्रुत ए देशविरतिमां जवानो पुल छे अने
सम्यक्त्व ए सर्वविरति सामायिकमां जवानो पुल छे.
सामायिकभाव पोते ज सेतुरूप छे.
ए अर्थमां नमः चारे प्रकारना सामायिकरूप छे, केमके

તે મમત્વમાંથી સમત્વ તરફ લઈ જાય છે અને
સમત્વ એ સ્વસ્વરૂપ તરફ જવામાં સેતુ બની જાય છે.
સર્વે પણ આત્માઓ તત્ત્વથી પરમાત્મા છે.
સામાયિકરૂપી શલાકાથી જીવ તથા કર્મનો સંબંધ છુટો કરાય છે.
સામાયિકરૂપી સૂર્ય વડે રાગાદિ અંધકાર વિલય પામે છે,
એટલે સામાયિક ધર્મ એ જ સેતુ છે.
નમઃ એ મમત્વનો ત્યાગ કરાવી સમત્વ તરફ દોરી જાય,
સમત્વ અર્ધમાત્રારૂપ બની અમાત્ર તરફ લઈ જાય.
અમાત્ર એ તુરીયાતીત રૂપ છે.
તુરીયાતીત પદને પમાડનાર તુરીય પદ છે,
જે ત્રિગુણાત્મક સંસારથી છોડાવનાર ઐચ્છિક સેતુ છે.
આત્માને પરમાત્મા બનાવનાર અથવા
પરમાત્મપદને પમાડનાર સમત્વ સામાયિક છે.
રાગ-દ્વેષના હેતુભૂત પદાર્થોમાં મધ્યસ્થ કે ઉદાસીન
રહેવાથી સમત્વ સામાયિક પ્રાપ્ત થાય છે.
ઉદાસીન રહેવા માટે વ્યષ્ટિભાવ છોડીને સમષ્ટિભાવમાં
જવું કે પર્યાયદૃષ્ટિમાંથી છુટી દ્રવ્યદૃષ્ટિમાં આવવું જોઈએ.
અવસ્થાઓને ગૌણ કરી અવસ્થાવાન તરફ લક્ષ આપવું.
અવસ્થાઓ એ અંશ છે અને અવસ્થાવાન એ અંશી છે.

અંશમાંથી પૂર્ણ, પર્યાયમાંથી દ્રવ્ય અને વ્યષ્ટિમાંથી સમષ્ટિ
તરફ જવું, એ જ સમતાસામાયિક પામવાનો માર્ગ છે.

## પંડ, પિંડ અને બ્રહ્માંડ

પિંડ વડે પંડનું દર્શન થવાનું હોય છે.
પિંડમાં બ્રહ્માંડનો સમવતાર સામાયિકભાવ વડે કરાય છે.
'નમો' પદ પંડને ભૂલાવી 'અરિહં'રૂપી બ્રહ્માંડને
'તાણં' પદ વડે પિંડમાં ભાવી આપે છે.
'નમો અરિહંતાણં'નો જાપ પંડનું વિસ્મરણ કરાવીને
બ્રહ્માંડનો જ્યારે પિંડમાં સમવતાર કરાવી આપે છે,
તે વખતે સમગ્ર ચિત્તતંત્રમાં
'અરિહંતભાવ', 'સમષ્ટિભાવ' તથા 'બ્રહ્માંડભાવ'
પોતાનું કાર્ય કરવા લાગી જાય છે.
તે સંપૂર્ણ સમત્વભાવસ્વરૂપ હોય છે અને
તેથી તે પરમાનંદભાવનું કારણ બને છે.
પરમાનંદભાવ તુરીયાતીતસ્વરૂપ છે.
સમત્વભાવ તુરીયસ્વરૂપ અને પિંડ એ ત્રિમાત્રારૂપ છે,
તેમાં પંડ તથા તેમાંથી નિપજતું સમગ્ર વિશ્વ સમાય છે.

o 'दुर्लभं भारते जन्म, मानुष्यं तत्र दुर्लभं ।'
ભારત ભૂમિ ઉપર પ્રેમ કરવા માટે આ વાક્ય બસ છે.

અહિંસા એટલે... હિંસાનો અભાવ અથવા
મનમાં ભાવ નહીં, વચન-કાયાથી હિંસાની ક્રિયા ન હોવી.
અહિંસા = હિંસા કરવી નહિ + જીવોની રક્ષા કરવી.
દ્રવ્યહિંસા એ પ્રાણઘાત સ્વરૂપ છે, જ્યારે
ભાવહિંસા એ દુર્ભાવનારૂપ છે.
એક દ્રવ્યપ્રાણની, બીજી ભાવપ્રાણની હિંસાસ્વરૂપ છે.
દ્રવ્યહિંસા એ આરંભરૂપ છે, જ્યારે
ભાવહિંસા એ પ્રમત્તભાવરૂપ છે.
પ્રમત્તભાવ કષાયસ્વરૂપ છે.

°

Anger begins in folly and
ends in repentance.
Anger blows out the lamp of mind.
When passion is on the throne,
reason is out of door.
All ungentlemanliness is violence.
Ahimsa or infinite love means
infinite capacity for suffering.
Let your own discretion be
your first and the best tutor.

સંરંભ, સમારંભ, આરંભ = 3.

એ 3 × ૪ કષાય × 3 યોગ × 3 કરણ = ૧૦૮.

સંકલ્પી, આરંભી, ઉદ્યોગી, વિરોધી - એ સૌ અનુક્રમે

અનાભોગ, સ્થાવર, સાપેક્ષ તથા નિરપરાધીના ભેદ છે.

વ્યક્તિની દુર્ભાવના અને દુષ્પ્રવૃત્તિ પ્રત્યે

વિરોધ રહેવા છતાં તે વ્યક્તિ પ્રત્યે પ્રેમ રહી શકે છે.

યતના, વિવેક અને જાગૃતિપૂર્વક

ચાલવું, બેસવું, સુવું, ખાવું, બોલવું - કર્મબંધનકર નથી.

## સત્ય

દરેક વસ્તુ અનંત ધર્માત્મક છે, પરન્તુ

એક સમયે એક જ ધર્મને વચનમાં કહી શકાય છે.

પુણ્ય અને પાપના સ્થાન પણ સાપેક્ષ છે.

आसवा ते परिसवा, परिसवा ते आसवा।

અપવાદથી સત્ય હોય તો પણ

સંક્લેશકારક વચન નિશ્ચયથી અસત્ય જ છે.

વિશુદ્ધ પરિણામથી અસત્ય વચન પણ સત્ય છે.

મહત્ત્વ વચનનું નહિ પણ ભાવનાનું છે.

સત્ય એ તો આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે.

સત્ય જ આત્માની શક્તિ અને સૌંદર્યને વિકસાવે છે.

સત્યની સાધના એ જ સિદ્ધત્વની સાધના છે.

સત્યનો સાક્ષાત્કાર જ પરમાત્માનો સાક્ષાત્કાર છે.
સત્યની સાધના એ જ આત્માની સાધના છે.
ક્ષમા-સહિષ્ણુતા-મનઃશાંતિનો આધાર પણ સત્ય છે.
સત્યનો વિજય એ સદ્‌ગુણોનો વિજય છે.
સત્ય સર્વોપરીશક્તિ, જગતનું સારભૂત તત્ત્વ,
સર્વશ્રેષ્ઠ જપ, તપ, ધર્મ, પરમાત્મા અને ભગવાન છે.

°

Beauty is truth. Truth is beauty.
Truth is immortal, error is mortal.
We Can only know the relative truth,
the absolute truth is known only
to the universal observer. - Einstien

## અચૌર્ય - અપરિગ્રહ

જૈનધર્મ આદર્શવાદી છે પણ તેની સાથે યથાર્થવાદી પણ છે.
ઇચ્છા પરિમાણ વ્રત છે, આવશ્યકતા પરિમાણ વ્રત નહિ.
પરિગ્રહ કેવળ વસ્તુમાં નહિ,
પણ તે વસ્તુની ઇચ્છા, મૂર્છા અને તૃષ્ણામાં છે.
જીવન અસીમ છે, ઇચ્છાઓ, આકાંક્ષાઓ અસીમ છે.
આપત્તિઓનું મૂળ સ્વાર્થ - તૃષ્ણા - અતૃપ્ત કામના છે.
સ્વાર્થની સાધના નરક છે, સ્વાર્થનો ત્યાગ એ સ્વર્ગ છે.

ધન એ પાપ પણ નહિ અને પુણ્ય પણ નહિ, પરન્તુ
ધનની આસક્તિ એ જ પાપ છે.

ઇચ્છાઓ જ્યારે આવશ્યકતાઓના રૂપમાં બદલાઈ જાય,
ત્યારે જીવ અપરિગ્રહ વ્રત તરફ પ્રયાણ કરતો હોય છે.
અનાસક્તિની સાધના એ અપરિગ્રહ વ્રતની સાધના છે.

o

Wealth Consists not in having great possessions but in having few wants. He who has truth in his heart, needs never fear. Riches are a blessing only to him who makes them a blessing to others. Money is a bottomless sea, in which honour, conscience and the truth may be drowned.

Silence is more eloquent than words. Still waters run deep. Be of a good cheer about death & know this of a truth that no evil can happen to a good man, either in life or after death. The noblest mind is the best contentment.

મનુષ્યની પ્રકૃતિ સંયમશક્તિ વડે છે.
સંયમશક્તિનું પ્રાગટ્ય યોગાભ્યાસ વડે થાય છે.
બહિરાત્મામાં સંકીર્ણ ચેતના છે, જ્યારે
અંતરાત્મામાં વિશિષ્ટ ચેતના છે.

સંકીર્ણ ચેતના એટલે...
સંસ્કારશક્તિની પ્રેરણાને વશીભૂત થઈને વર્તે તે.

વિશિષ્ટ ચેતના એટલે...
સંયમશક્તિની પ્રેરણાથી વિવેકને વશીભૂત થઈને વર્તે તે.

સમતાનો એક અર્થ
Let God take possession of you,
for God is infinite love.

દર્શન એ સત્ય અને પ્રેમનો સાક્ષાત્કાર છે.
જ્ઞાન એ સત્ય અને પ્રેમનો પરિચય છે.
ચારિત્ર એ સત્ય અને પ્રેમની સ્થિતિ છે.
શિષ્યનું લક્ષણ - સદ્વૃત્તિતા, ગુરુનું લક્ષણ - વૃત્તિરહિતતા.
પૃથ્વીનું પાથરણું, આકાશનું ઓઢણું, ભૂતમાત્રના સુખ
સાથેની તન્મયતારૂપી નિદ્રા એ ઊંઘવાનું ટીપું જોઈએ.
એ પછી ભૂતદયાને ક્રિયાના અને
જ્ઞાનને શબ્દના આલંબનની જરૂર નથી.

'શ્રુતિ' એમ કહે છે કે :
ઈશ્વર એક જ છે પણ
ઉપાસક એની બહુવિધ ઉપાસના કરે છે.
દરેકના દ્રવ્ય નથી ગુણ, વસ્તુ નથી આકાર અને
કારણ નથી કાર્ય ભિન્નાભિન્ન જ હોય છે.
પદાર્થના પ્રકાર - ભાવ, અભાવ.
ભાવના પ્રકાર - સગુણ, નિર્ગુણ.
સગુણના પ્રકાર - વ્યક્ત, અવ્યક્ત.
વ્યક્તના પ્રકાર - સ્થૂલ, સૂક્ષ્મ.

ઈશ્વર ભજનનો એક સાંકેતિક અર્થ

ઈશ્વર ભાવનાથી કરાતી પ્રાણીમાત્રની સેવા નથી
એકબાજુનું કલ્યાણ એકબાજુથી વિરુદ્ધ હોતું નથી.
બસ, આ વિચાર જ સમ્યગ્જ્ઞાનનો પાયો છે.

કયો ઉદ્દેશ શેની માટે?

(૧) દેશનું દર્શન દેશને જોવા માટે છે.
(૨) સગુણનો ઉદ્દેશ નિર્ગુણને પ્રકટ કરવાનો છે.
(3) કર્મયોગનો ઉદ્દેશ શાંતિનો અનુભવ કરવા માટે છે.
(૪) શબ્દનું ઉચ્ચારણ નિઃશબ્દમાં લીન થવા માટે છે.
(૫) પ્રેમની કોમળતા જ્ઞાનની પ્રખરતા પામવા માટે છે.

Sound, form, body, mind and heart:

શબ્દ - અશબ્દમાં લઈ જાય છે.

રૂપ - અરૂપમાં લઈ જાય છે.

દેહ - અદેહમાં લઈ જાય છે.

મન - અમનમાં લઈ જાય છે.

હૃદયનો પ્રેમ - રામમાં લઈ જાય છે.

મનુસ્મૃતિ ૬-૩૫માં કહ્યું છે કે:

ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।
अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥

તૈત્તિરીય સંહિતામાં તેનો અર્થ કહ્યો છે કે:

ઋષિઋણ, દેવઋણ અને પિતૃઋણ,
એ ત્રણ ઋણને ટાળીને મન મોક્ષમાં જોડવું.
એ ત્રણ ઋણને દૂર કર્યા વિના
મોક્ષને માટે પ્રયત્ન કરનાર અધોગતિને પામે છે.

The law of God is a law of love & cannot be utilised for selfish purposes. Live always as if you were under the very eye of the supreme.

\- more lights on Yoga

## તિર્યંચ પંચેન્દ્રિયની ગતિ

| ક્યો જીવ? | ક્યાં જાય? |
|---|---|
| તિર્યંચ પંચેન્દ્રિય સંમૂર્છિમ | પહેલી નરક સુધી જાય. |
| ભુજપરિસર્પ | બીજી નરક સુધી જાય. |
| (વાનર, ખીસકોલી, નોળીયો) | બીજી નરક સુધી જાય. |
| ખેચર | ત્રીજી નરક સુધી જાય. |
| સ્થલચર (ચતુષ્પદ - સિંહ, વાઘ) | ચોથી નરક સુધી જાય. |
| ઉરઃપરિસર્પ (સર્પ, અજગર) | પાંચમી નરક સુધી જાય. |
| સ્ત્રી | છઠ્ઠી નરક સુધી જાય. |
| મનુષ્ય, મત્સ્ય | સાતમી નરક સુધી જાય. |
| ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | આઠમા દેવલોક સુધી જાય. |

સાતમી નરકમાંથી નીકળેલ જીવ પંચેન્દ્રિય તિર્યંચ બને.

દેવ અને નારકના જીવો કરતાં
તિર્યંચ પંચેન્દ્રિયના જીવો અસંખ્ય ગણા અધિક હોય છે.
સંમૂર્છિમ મનુષ્ય મનુષ્યની અશુચિમાં ઉત્પન્ન થાય છે.
દેવતા - નરકના જીવોનું જઘન્ય આયુ = ૧૦૦૦૦ વર્ષ.
જઘન્યથી તિર્યંચ અને મનુષ્યનું આયુષ્ય = અંતર્મુહૂર્ત.
દેવતા - નરકના જીવોની સ્વકાય સ્થિતિ નથી, એટલે કે
દેવ મરીને દેવ ન થાય તથા નારક મરીને નારક ન થાય.

## સમુદ્રજલનું વર્ણન

| | |
|---|---|
| વિકલેન્દ્રિય માત્ર | તિર્છાલોકમાં હોય. |
| બાદર અગ્નિ માત્ર | મનુષ્યલોકમાં હોય. |
| દેવલોકમાં | પૃથ્વીકાયાદિ પાંચમાંથી પૃથ્વી-જલ-વનસ્પતિ ૩ જ હોય. |

| સમુદ્રનું નામ | મત્સ્યનું માપ | પાણીનો સ્વાદ |
|---|---|---|
| લવણસમુદ્રમાં | ૫૦૦ યોજનના મત્સ્ય | ખારું જલ |
| કાલોદધિમાં | ૭૦૦ યોજનના મત્સ્ય | ઉદકરસ(સાદું જલ) |
| સ્વયંભૂરમણમાં | ૧૦૦૦ યોજનના મત્સ્ય | ઉદકરસ(સાદું જલ) |
| પુષ્કરવરસમુદ્રમાં | | ઉદકરસ(સાદું જલ) |
| ક્ષીરવર | | દૂધ સમાન સ્વાદ |
| ઘૃતવર | | ઘી સમાન સ્વાદ |
| વારુણી | | મદિરા સમાન સ્વાદ |
| શેષ સમુદ્રમાં | | ઈક્ષુરસ સમાન સ્વાદ |

અન્ય સમુદ્રમાં જલચરોનું પ્રમાણ એ સંખ્યા અને પરિમાણ ઉત્કૃષ્ટથી અલ્પ હોય છે.

જલચર = તિર્યંચ પંચેન્દ્રિય = માછલા, મગર, કાચબા આદિ.

પંચેન્દ્રિય = જે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ તથા શ્રોત્રેન્દ્રિય - એટલે કે પાંચે ઇંદ્રિયો જન્મથી ધરાવે તેવા જીવો.

## કેટલાંક વિશિષ્ટ શબ્દાર્થો

યોગ - ગણિતશાસ્ત્ર = Addition.

યોગ - રસાયણશાસ્ત્ર = Combination.

યોગ સામર્થ્ય = Spiritual splendour.

અનુપ્રેક્ષા = Self - reflection,

વર્તુળ કુંડાળ = Circle, ફરતું વર્તુળ = Spiral.

કેન્દ્ર = Centre, ચક્રાકાર = Circumference.

યજ્ઞ હોમ = Fire offerings.

નાદબ્રહ્મ = Voice of the silence.

સમાધિ = Transcendental silence.

યોગ = Cosmic meditation.

યોગ = culture of soul.

યોગ = spiritual unfoldment of soul.

યોગ = The path of unification.

યોગ = A journey within.

મોક્ષનો માર્ગ = A road to salvation.

ધર્મ = The finger pointing of the moon.

સમર્પણ = Total surrender to God & guru.

માનવ ગુણસારિતા = Basic index of human virtues.

જ્ઞાનને નામરૂપ માનીને ઉપાસના કરી છે.
અરિહંતાદિ પંચપરમેષ્ઠિને પણ નામ કે જ્ઞાનરૂપ માનીને ઉપાસના કરાય તો ઉપાસક તેમાં જ તદ્રૂપ બની જાય. તેને જ સાચી અર્થભાવના કરી શકાય, તેમ તેના બધા કામનાઓ વિલીન થઈ જાય અથવા પૂર્ણ થઈ જાય.

એવું જ્ઞાન એ અભિમાનનું કારણ છે નહીં,
એવી ભક્તિ એ દીનતાનું કારણ છે.
જ્ઞાન અને ભક્તિ એમ બંને મળીને મોક્ષમાર્ગ બને છે.

આત્મા ન કેવળ ઉપદેશોથી, બુદ્ધિથી કે બહુ અધ્યયનથી પ્રાપ્ત થાય છે, એ તો તેને જ પ્રાપ્ત થાય છે કે જેના પર તેની કૃપા ઉતરે છે. તેને આત્મા એવી રીતે મળી જાય છે કે જેમ પોતે પોતાના શરીરને મળી જાય.
કૃપા = અનુગ્રહ, સામર્થ્ય, સામર્થ્યની ઓળખાણ થવી તે.

## સર્વસ્વરૂપ પરમાત્મા

શ્રી જિનેશ્વર દેવને દરેક જીવ પ્રત્યે સરખો જ વાત્સલ્યભાવ હોય છે, પછી તે જીવ શ્રી જિન પ્રત્યે શત્રુ, મિત્ર કે ઉપેક્ષાવાળો હોય. શ્રી જિનના ભક્તે પણ દરેક જીવને પોતાના હૃદયમાં ઉચ્ચ સ્થાન આપવું જ, ભલે તે જીવના હૃદયમાં આપણું સ્થાન હોય અથવા (આશાતનાદિના કારણે) ન પણ હોય.

વાત્સલ્ય = બધાને આપણા હૃદયમાં સ્થાન આપવું તે,

પરમાત્માની જેમ સર્વ જીવને પરમાત્મરૂપે વસાવવા તે.

'પોતાના હૃદયમાં બાળજીવોએ આપણને વસાવવા જ જોઈએ'

એવા આગ્રહના સ્થાને એવો આગ્રહ કર્તવ્ય છે કે:

'આપણે બાળજીવોને આપણા હૃદયમાં સ્થાન આપવું જોઈએ.'

V.V. Imp.

એવો કયો જીવ છે કે જે

પરમાત્મસ્વરૂપ ન હોય?

જીવ પોતે એ સ્વરૂપથી અજાણ હોવાથી

તેનું પરમાત્મસ્વરૂપ મટી જતું નથી.

તત્ત્વતઃ પ્રત્યેક જીવના હૃદયમાં સર્વસ્વરૂપ પરમાત્મા છે જ.

બધાં જીવો પરમાત્મસ્વરૂપ છે.

વળી પંચપરમેષ્ઠિ પરમ કલ્યાણકારી છે અને

માતાપિતા પરમ ઉપકારી છે.

એવો અનુભવ ચિન્તન પરિણામ વડે થાય છે.

પરમકલ્યાણકારી પંચપરમેષ્ઠિની ભક્તિમાં જોડનાર

અને જોડવામાં જરૂરી સામગ્રી પૂરી પાડનાર હોવાથી

માતાપિતા પરમ ઉપકારી છે.

જે ઉપકારી છે, તેનો દ્રોહ ન થવો જોઈએ.

ઉપકારીનો દ્રોહ કલ્યાણકારીના જોડાણમાં વિઘ્નકારક છે.

# જ્ઞાન અને કર્મની જુગલબંદી

સત્ય જ્ઞાનથી સત્ય કર્મનું અને
સત્ય કર્મથી ઉપાસનાનું અધિકારીપણું પ્રાપ્ત થાય છે.
તે જ જ્ઞાન સફળ છે કે જે શુભકર્મમાં કારણ બને.
તે જ કર્મ કલ્યાણકારી છે કે જે બુદ્ધિપૂર્વક કરવામાં આવે.
જ્ઞાન વિના કર્મ અંધ છે તથા કર્મ વિના જ્ઞાન પંગુ છે.
આથી ઉપાસનાની સફળતાનો આધાર જ
જ્ઞાન અને કર્મની સહભાગિતા ઉપર છે.
જ્યાં ઉપાસના મુક્તિદાયક નથી, ત્યાં
સત્યનું જ્ઞાન પણ નથી અને શુભકર્મ પણ નથી.
શાસ્ત્રાધ્યયન મનુષ્યને કર્તવ્યાકર્તવ્યનો બોધ કરાવે છે.
આત્માના આનંદ સુખની પ્રાપ્તિ માટે
અંતરાત્મા અને પરમાત્માનું જ્ઞાન આવશ્યક છે.
અપરાવિદ્યા = કર્મનું જ્ઞાન. પરાવિદ્યા = આત્માનું જ્ઞાન.
આત્મજ્ઞાની પુરુષને પરમાત્મા સ્વયં વરે છે

: શ્રુતિ :

તેની સામે પરમાત્મા મૂળ સ્વરૂપમાં પ્રગટ થાય છે.

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥१॥

(પરિશિષ્ટ-૯)

પરમાત્માને સાચી રીતે જાણવા માટે
કેવળ જિજ્ઞાસુ થવું પૂરતું નથી, કિન્તુ
શમ-દમ-તપ-સત્ય-તિતિક્ષાદિ સાધના પણ જરૂરી છે.

સત્યેન લભ્યસ્તપસા હ્યેષ આત્મા
સમ્યગ્જ્ઞાનેન બ્રહ્મચર્યેણ નિત્યમ્ ।
અન્તઃ શરીરે જ્યોતિર્મયો હિ શુભ્રો,
યં પશ્યન્તિ યતયઃ ક્ષીણદોષાઃ ॥
- મુણ્ડકોપનિષત્ (પરિશિષ્ટ-૧૦)

બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ તો દૂર છે, પરન્તુ
તેનાં અધિકારી બનવા પણ સત્ય-તપ-બ્રહ્મચર્ય આદિ
સાધનો દ્વારા આત્માને પરિકર્મિત કરવો જોઈએ.
અહિંસા, સત્યાદિ યમો અને શૌચ, સંતોષાદિ નિયમો છે.
તે બન્નેના જ્ઞાન તથા પાલન દ્વારા કુંદન બને,
તે જ બ્રહ્મજ્ઞાનરૂપ માણિક્યની સાથે ભળી શકે.
જીવાત્મા કે પરમાત્માનું જ્ઞાન એ તર્કનો વિષય નહિ
પણ સ્વયંની અનુભૂતિનો વિષય છે.
એ અનુભૂતિ બંને વચ્ચે રહેલી સમાનતાને જણાવે છે.
જીવાત્મા પ્રથમ તો પોતાના
અસલી આંશિક જ્ઞાનાનંદમય સ્વરૂપને જાણી,
તે પછી જ પરમાત્માને જાણી શકે.

શાસ્ત્રોમાં જ્ઞાનરહિત કર્મને ખરની ઉપમા છે અને
કર્મરહિત જ્ઞાનને શુકની ઉપમા આપાઈ છે.
ભારવાહી ખરને ચંદનનો ભાર છે પરંતુ સુગંધ નહિ.
શુકને રામનું નામ છે પરંતુ રામનું કામ નહિ.
જ્ઞાન અને કર્મ બન્ને સાપેક્ષ બને તો ઉપયોગી છે,
કિન્તુ બન્ને નિરપેક્ષપણે સાવ નિરુપયોગી છે.
જે પોતાના આત્માને મન - વચન - કાયા અને તેની
ક્રિયાઓથી ભિન્ન સમજતો હશે, તે જ
કર્મ કરવા છતાં કર્મ અને ફળથી અલિપ્ત રહી શકશે.
શરીરમાં રહેવા છતાં તે જ તેનાથી લિપ્ત નહિ રહે કે જે
પોતાને શરીરથી ભિન્ન તથા શરીરનો સ્વામી માનતો હશે.
આત્મજ્ઞાની તે જ કહેવાય છે કે જે
પોતાની શક્તિ અને અશક્તિ બન્નેને જાણે છે.
જે મન - વચન - કર્મથી સત્યનું પાલન ન કરે,
જે તપોમય જીવન ન જીવે તથા જે સદાચારી ન હોય,
તે બ્રહ્મને જાણી શકે નહિ.
અસત્ય વ્યવહાર, વિષયો અને તેના ભોગોમાં પ્રવૃત્તિ
તથા અજ્ઞાન અને દુરાચરણ - એ બ્રહ્મજ્ઞાનના આવરણ છે.
તે સર્વ આનન્દ સુખના વિરહમય આવરણો જ છે.

'પોતે શરીર અને ઇંદ્રિયોથી અલગ એવો તેનો સ્વામી છે. શરીર અને ઇંદ્રિયોના સુખથી પોતાનું સાચું સુખ ઘણું ઊંચુ - સ્વાધીન છે' એમ માને તે પોતાને જાણે છે.

ગુરૂ - શિષ્ય કેવા હોવા જોઇએ?

ગુરૂ શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ અને વિદ્વાન તથા
શિષ્ય આસક્તિરહિત કર્મ કરનાર,
શાંતચિત્ત અને સંયમી હોવો જોઇએ.

ઉત્કૃષ્ટ વાસના અને પ્રબળ ઇચ્છા તે મોહના લક્ષણ છે. તે ગયે જ 'નિષ્કામકર્મ જ સ્વધર્મ છે' એમ સમજાય. 'કર્તવ્ય કર્મ કરવું પણ તેમાં લિપ્ત ન થવું જોઇએ' એમ માનનારને કર્તવ્ય કર્મ જ ધર્મ બની જાય છે અને તેનું ફળ આનુષંગિક અથવા ગૌણ થઈ જાય છે. વાસના નષ્ટ થવાથી સકામ કર્મ જાય છે, જેના જવાથી મોહની સાથે શક્તિનો પણ શીઘ્ર વિલય થઈ જાય છે.

કેવળજ્ઞાન માટે મનુષ્યત્વ આવશ્યક છે,
પણ મનુષ્યત્વ તે કેવળજ્ઞાન નથી.

એક મહત્વનું વાક્ય

'ચરાચર પદાર્થ ઇશવ્યાપ્ત છે'
એ વાક્ય જ્ઞાનનો સાર અને સત્કર્મનો આધાર છે.

જો જ્ઞાનપૂર્વક કર્મ કરાય અને જ્ઞાન માટે જો
સત્કર્મો ઉપર આશ્રિત રહેવાય, તો લક્ષ્યસિદ્ધિ થાય.

अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ।
विनाशेन मृत्युं तीर्त्वा संभूत्याऽमृतमश्नुते ॥१॥

(પરિશિષ્ટ-૧૧)

જે જીવ ઇચ્છાપૂર્વક સત્કર્મ નથી કરતો,
તેને વિષયવાસના બળાત્કારે અસત્કર્મ કરાવે છે.
સત્કર્મથી મૃત્યુનો ભય પણ જતાય છે.
મૃત્યુનો ભય જવો તે જ મૃત્યુંજયતા છે.
દુર્ગતિનો ભય રહેતો નથી અને
સદ્ગતિની ખાત્રી થાય છે, તેથી
પવિત્ર પદ્ધિવાળા મંત્રને 'મૃત્યુંજય મંત્ર' કહેલ છે.
આત્મજ્ઞાનથી જ અમૃતને પ્રાપ્ત કરી શકાય છે.
જ્યાં દુઃખ વિનાનું સુખ છે, તે 'અમૃતપદ' કહેવાય છે.
यो वै भूमा तदमृतमथ यदल्पं तन्मर्त्यम् । (પરિશિષ્ટ-૧૨)

આત્મજ્ઞાનનું ફળ કે મૃત્યુંજયત્વ મળ્યા પછી જ્યારે
તેનો અનુભવ થાય, ત્યારે જ ફળજ્ઞાન કે અમૃતત્વના
અધિકારી થવાય છે. વેદ-વેદાંગાદિનું જ્ઞાન અપરાવિદ્યા
છે, તેનાથી નામમાત્રનો શાબ્દિક બોધમાત્ર થાય છે.

આત્માની બોધ અને અનુભવ કરાવે તે પરાવિદ્યા છે.
સમસ્ત શાસ્ત્ર અને બ્રહ્માંડ જેના સળામાં નિવાસ
કરે છે, તેને જે સાધક ન જાણે, તેને મંત્રો શું કરે?

કાયોત્સર્ગના ૨ પ્રકાર

ધ્યાન સહિતનો તેમ જ ધ્યાનશૂન્ય કાયોત્સર્ગ.
'આવશ્યક કાયોત્સર્ગ અધ્યયન'માં વર્ણવેલા
કાયોત્સર્ગના અલગ-અલગ અંદાજે ૯ પ્રકારો છે.
પૂર્વે કાયોત્સર્ગમાં મુખ્યત્વે આત્મચિન્તન જ થતું.
શ્વાસોચ્છ્વાસ ઉપર લક્ષ આપીને પણ કાયોત્સર્ગ કરાતો.
પાછળથી લોગસ્સ સૂત્ર આદિનું ચિંતવન પણ નિયત થયું.
કાયોત્સર્ગમાં ખાસ કરીને સ્થાન-મૌન-ધ્યાન વડે
કાયાને વોસિરાવવાનું તત્ત્વ મુખ્ય છે.
નિર્વિકલ્પ = દ્રવ્ય. વિકલ્પ = પર્યાય. જો વિકલ્પથી
આત્મા ભિન્ન હોય, તો તે શું સદા નિર્વિકલ્પ નથી?

વર્તમાન સાક્ષાત્કાર

આપણને જે દેખાય છે, તે પ્રભુનું ચૈતન્યમય મધુરરૂપ છે.
આપણું પ્રત્યક્ષ દર્શન તે એક પ્રકારનો સાક્ષાત્કાર જ છે.
આપણે વિશ્વનું રૂપ જોઈએ છીએ તે સાક્ષાત્કાર નથી,
એમ માનવું તે જ અનાદિ વિભ્રમ છે.

આપણે આપણી કલ્પના મુજબનું કાંઈક નવું જ જોવા -જાણવા- અનુભવવા સદા મથીએ છીએ, એથી વર્તમાન સાક્ષાત્કાર તિરોહિત થઈ જાય છે, કિન્તુ ખરેખર તો જે સામે છે તે જ જોવા, જાણવા અને અનુભવવાનું છે, આપણી સામે જે કાંઈ છે, તે જ વિશ્વ કે તેનો અંશ છે અને તે જ સત્ય, મધુર, રમ્ય, મનોહર, અકલ્પનીય છે.

આખું જગત જે કેવલિઓ સામે છે,
તે જ આપણી સામે છે.
કેવલિઓ જે છે, તેને જુએ છે.
તેમના માટે દેશભેદ કે કાલભેદ નથી.
દેશ - કાલભેદ આપણી કલ્પનામાત્ર છે.

સતત ચાલુ એવા સાક્ષાત્કારને આપણે જ્યારે સાક્ષાત્કારરૂપે સમજીએ છીએ, ત્યારે જે આર્દ્રતા અને સમત્વનો અદ્ભુત અનુભવ થાય છે, તે વાણીનો વિષય નથી, કિન્તુ તે અનિર્વચનીય આનંદની અનુભૂતિ કરાવે છે.

o

*What is Namo Arihantanam?*

Namo is circumference. Arihantanam is centre. The first is three dimensional and the second is four dimensional.

## પ્રકૃતિની અનુભૂતિ

દરેક વસ્તુમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો સત્સ્વરૂપે
જે સાક્ષાત્કાર થઈ રહ્યો છે, તે કેટલો બધો મધુર છે?
એથી કાંઈક જુદી વસ્તુ આપણે શા માટે ઝંખવી જોઈએ?
આવી ઝંખના જ અપ્રકૃતિ છે. વધુ ઊંડા ઉતરીએ તો એવી
ઝંખનારૂપ અપ્રકૃતિ પણ પૂર્ણ વસ્તુસ્વરૂપથી જુદી નથી.
તે પણ આત્મસ્વરૂપ જ છે.

જગતમાં એવી કઈ વસ્તુ છે કે જે
દ્રવ્યથી સંપૂર્ણ, પરિપૂર્ણ અને સાથે જ
પર્યાયથી અસંપૂર્ણ અને અપરિપૂર્ણ ન હોય?

જે જગત સમજે છે, તેને
તે સ્વરૂપે જ સ્વકાર્યે અને પરમમંગલરૂપે આરાધે
તેને પરમ મંગળમયતા અનુભવાય.

તેની પાછળ રહેલી સુવ્યવસ્થા, ન્યાયપ્રકૃતિ, ઉર્ધ્વગામિતા
તથા પરમતત્ત્વની અચિંત્યશક્તિયુક્તતા, દયાળુતા, પરમાર્થતા
વગેરેનો અનુભવ થાય છે. સત્ય, દયા, ન્યાય વગેરેની
અનુભૂતિ એજ પરમાર્થથી ઈશ્વરની અનુભૂતિ છે.
'ઈશ્વર સત્યસ્વરૂપ, દયામય અને ન્યાયસંપન્ન છે'
એવી પ્રતીતિ થવી તે જ પ્રકૃતિની અનુભૂતિ છે.

વર્તમાનનું બધું કારણ ભાવિપર્યાય જ છે.

આવતીકાલે જે પર્યાયો થવાના છે,
તે આજના પર્યાયોમાં કારણભૂત છે. આવતીકાલે જે જે
પર્યાયો થવાના છે, તે જ રીતે આપણે આજે વર્તીશું.
એ રીતે વર્તવા માટે જ વિશ્વનું આપણા ઉપર દબાણ રહેશે.
સમગ્ર વિશ્વ સુસ્થિત રીતે રહેતું હોય,
તો તેનો પ્રત્યેક પર્યાય નિયત હોવો જ ઘટે.
પ્રત્યેક પર્યાયને જો નિયત ન માનવામાં આવે,
તો કેવળજ્ઞાન ઘટે નહિ.

કેવળજ્ઞાન એટલે...

ક્રમબદ્ધ ઉત્પાદ-વ્યયથી યુક્ત એવા ધ્રુવવિશ્વનું જ્ઞાન.
'જગત કેવલીના જ્ઞાનને પરતંત્ર છે.'
એ અપેક્ષાએ કેવળીઓ જગતના અધિપતિ, ઈશ અને
ત્રિભુવનસ્વામી છે. આમ વર્તમાનનું કારણ ભાવિકાળ
તથા જીવના સર્વ સંસારીપર્યાયોનું કારણ સિદ્ધપર્યાય છે.

'કેવલીએ દીઠું હોય તે જ થાય.'
એ વાક્યમાં ઘણું ઊંડું રહસ્ય છે.

તેથી નિવૃત્તિરૂપ સમતા (નિશ્ચિંતતા) સંભવે છે.
જીવ સ્વતંત્ર છે એનું રહસ્ય પ્રવૃત્તિરૂપ સમતામાં છે.

## પ્રવૃત્તિ - નિવૃત્તિમાં સમત્વ

પ્રવૃત્તિમાં સમત્વ લાવનાર પુરુષકારનો વિચાર છે.
નિવૃત્તિમાં સમત્વ ટકાવી રાખનાર અનુગ્રહનો વિચાર છે.
કારણના આધારે કાર્ય એ વિચાર પ્રવૃત્તિનો પોષક છે.
કાર્યના આધારે કારણ એ વિચાર નિવૃત્તિનો પોષક છે.
પ્રથમ વિચારમાં સમત્વ પુરુષકારથી આવે છે,
બીજા વિચારમાં સમત્વ અનુગ્રહથી આવે છે.
અનુગ્રહ ન માનનાર અભિમાની બને છે,
પુરુષકાર ન માનનાર પ્રમાદી બને છે.
કારણમાં પ્રવૃત્તિ તે પુરુષકાર છે અને
તે પ્રમાદદોષનો નિગ્રાહક છે.
કાર્યની નિષ્ક્રિયતા તે સવિતાની શક્તિનો સ્વીકાર છે.
તે આપણા અભિમાનના દોષને દૂર કરી આપે છે.
સવિતા શક્તિનો સ્વીકાર જ ઈશાનુગ્રહનો વિચાર છે.
'સવિતાના તાલ મુજબ જ આ વિશ્વ નિયંત્રિત છે.'
એ વિચારથી જે સમજણ જાગે છે,
તે વિચાર જ નિવૃત્તિમાં સમત્વ લાવનાર છે.

o

*one moment of life is worth infinitely more than all the non-life in the world.*

## ભાવક - અભાવક દ્રવ્ય

વીતરાગ એ અભાવક દ્રવ્ય છે.

બીજાની અસર નીચે રહેલ રાગ-દ્વેષાદિ રહિત ન હોઈ શકે.
એ અસરરૂપ કાલકૂટને અમૃતરૂપે પરિણમાવવા માટે
વીતરાગતા નિતાન્ત આવશ્યક છે.

વીતરાગતા સિવાયના બધાં જ દ્રવ્યો ઓછાવત્તા અંશે
પરભાવોથી વાસિત થાય છે, કેમકે તે ભાવક દ્રવ્ય છે.

પર દ્રવ્યોથી ભાવિત થવું એ જ બંધન છે.

મોહનીયાદિ કાર્મિક દ્રવ્યોના બંધનમાં જીવ જ્યાં સુધી છે,
ત્યાં સુધી તે જગતના બધા ભાવોની અસર નીચે છે.
આ બધા ભાવોની અસર એટલે
કર્મના અણુઓમાંથી જાગતા નિરન્તર સ્પંદનો.
પ્રત્યેક જીવની કાર્મિક પ્રકૃતિમાંથી જ
સમગ્ર સંસાર થાય છે અને સંસ્કૃત થાય છે.

°

*Anger & fear are the worst enemies of human progress. Think of love and compassion as you do not want others to be angry with yourself nor do you wish others to feel your ugly anger.*

# જિનચૈત્ય અને વિશ્વ

જેમ એક જિનચૈત્યની પ્રત્યેક વસ્તુ પરમ મંગળ છે
તથા જિનચૈત્ય સ્વરૂપ જ છે, તેમ
વિશ્વની પ્રત્યેક વસ્તુ મંગળ અને વિશ્વસ્વરૂપ છે.
જેમ જિનચૈત્યમાં જિનબિંબ એ પ્રધાન સ્થાને છે,
તેમ વિશ્વની અંદર પ્રધાન સ્થાને આત્મા છે.
જેમ ચૈત્યની પ્રત્યેક વસ્તુ જિનપૂજા માટે છે,
તેમ વિશ્વની પ્રત્યેક વસ્તુ સ્વયં આત્મપૂજા રૂપ છે.
આ આત્મદેવ એવો છે કે જે
સદા સર્વ ચેષ્ટાઓથી પૂજાઈ રહ્યો છે,
સર્વ શબ્દોથી સદા સ્તવાઈ રહ્યો છે,
સર્વ ચિત્તપરિણામોથી સદા ધ્યેય થઈ રહ્યો છે,
સર્વ મુદ્રાઓથી સદા દંડવત્ પ્રણામ કરાઈ રહ્યો છે.
એવો કોઈપણ સમય નથી કે જ્યારે
એ પોતે પોતાની પૂજા ન કરતો હોય,
પોતાનું માહાત્મ્ય પોતે પ્રકટ કરતો ન હોય.
આંખો કે કાન બંધ કરીને યોગીઓ તેને પકડવા મથે છે,
પણ જે આંખ સદા ખુલ્લી છે,
જે કાન ક્યારે પણ બંધ થતા નથી,
તેના વડે ઉત્તમ યોગીઓને એ સદા સાક્ષાત્કાર્ય છે.

## કેવલ અને વિશ્વદર્શન

કેવલનો એક અર્થ કેવલ, સંપૂર્ણ, અખંડ અને એક છે.
ઇંદ્રિયજ્ઞ વસ્તુને બુદ્ધિ જુદી પાડીને ગ્રહણ કરે છે.
તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જુદાપણું પ્રવર્તાવે છે.
એકરૂપે ગ્રહણ તે નિશ્ચય છે, તેમાં ફિર વ્યવહાર પ્રવર્તે છે.
'આત્મા પોતે કેવળ (માત્ર) જ્ઞાનસ્વરૂપ છે'
એવો જે સાક્ષાત્ભાવ છે, તે પણ કેવળીપણું જ છે.
કેવલપણું = સામે રહેલા વિશ્વને જ્ઞાનરૂપે ગ્રહવું તે.
કેવલપણું = પ્રત્યેક વસ્તુને વિશ્વસ્વરૂપે જોવું તથા
વિશ્વને પ્રત્યેક વસ્તુસ્વરૂપે જોવું તે.
પ્રત્યેક વસ્તુમાં વિશ્વ જોવાથી જ
રાગ-દ્વેષરાહિત્યપણું તથા સમતા સંભવે છે.
વિશ્વદર્શન એ સમતાનો પર્યાય શબ્દ છે.
સમગ્રનું અખંડરૂપે દર્શન જ સમતાભાવને આણી આપે છે.

o

No man can fail if some one
person sees him successful.
Nothing ever happens without an onlooker.
man should always demand only that,
which is his by divine right.

ચૈત્ર સુદ ૧૩, શનિવાર, ચાર જન્મકલ્યાણક મહોત્સવ

એ જન્મદાતા માતા - પિતા, જન્મ આપ્યા પછી
જે કાંઈ મળે તેના માલિક ગણાય, તેમ
નિગોદમાંથી કાઢ્યા પછી જીવને
એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પર્યંતના ભવોમાં
જે કાંઈ સુખસામગ્રી મળે, તેના માલિક
નિગોદમાંથી કાઢનાર એક સિદ્ધ ભગવંત અને
પરંપરાથી ઉપકારી સર્વ સિદ્ધ ભગવંતો ગણાય.

ઉપાસનાના ૪ પ્રકાર

'ઉપાસના' એટલે પોતાના આત્માની સમીપ બેસવું તે.

(१) तन्मह इत्युपासीत । महान् भवति ।
'તન્મહ' આ પ્રમાણે ઉપાસના કરાય તો મહાન થાય.

(२) तन्मन इत्युपासीत । मानवान् भवति ।
'તન્મન' આ પ્રમાણે ઉપાસના કરાતા સન્માન પ્રાપ્ત થાય.

(३) तन्नम इत्युपासीत । नम्यन्तेऽस्मै कामाः ।
'તન્નમ' આ પ્રમાણે ઉપાસના કરાય તો ઇચ્છાઓ પૂર્ણ થાય.

(४) तद्ब्रह्म इत्युपासीत । ब्रह्मवान् भवति ।
'તદ્બ્રહ્મ' આ પ્રમાણે ઉપાસના કરાય તો બ્રહ્મવાન થાય
અર્થાત્ આત્માની અનુભૂતિ થાય.

## ૪ પ્રકારના ધર્મ

દાન, શીલ, તપ અને ભાવરૂપ ૪ પ્રકારના ધર્મ
અનુક્રમે કંચન, કામિની, કુટુંબ અને કાયાના
મોહ - માયા - મમતાને ભગાવનાર ઔષધિ મોક્ષમાર્ગ બને.
પરિગ્રહસંજ્ઞાને પોષનાર કંચનનો પ્રતિકાર દાનધર્મથી થાય.
મૈથુનસંજ્ઞાને પોષનાર કામિનીનો વિરોધ શીલધર્મથી થાય.
ભયસંજ્ઞાને પોષનાર કુટુંબનો વિરોધ તપધર્મથી થાય છે.
આહારસંજ્ઞાને પોષનાર કાયાનો વિરોધ ભાવધર્મથી થાય.

ભાવધર્મ વિશ્વને કુટુંબ બનાવે છે, તેથી
બધા તરફથી આવતો ભય નાશ પામે છે.
તપધર્મ સાધકની આહારની મૂર્છા ઉતારે છે,
તેથી સાધકની આહારસંજ્ઞા ભગાય છે.

આ રીતે ૪ સંજ્ઞાને ભગાવનાર અને ૪ સંબંધોનો મોહ છોડાવનાર - ઘટાડનાર ઔષધિ દાન, શીલ, તપ અને ભાવ આદિ ૪ પ્રકારના ધર્મ સર્વ જ્ઞાનીઓએ ઉપદેશ્યા છે.

(૧) ત્યાગધર્મની શરૂઆત જેનાથી થાય છે, તે દાનધર્મ.
(૨) શિયળની ૯ વાડ જેમાં જેમાં પળાય છે, તે શીલધર્મ.
(૩) જેનાથી શરીરની માયા છૂટે અને કર્મ તૂટે તે તપધર્મ.
(૪) જ્યાં આંતરવૃત્તિઓના શુભ અધ્યવસાય છે, તે ભાવધર્મ.

## સર્વ સમર્પણભાવની આરાધના

ભવક્ષય - વાસનાક્ષય માટે ધ્યાનાદિની પ્રબળ આવશ્યકતા છે.
ભવક્ષય, વાસનાક્ષય, સ્વાર્થવૃત્તિનો ક્ષય અનિવાર્ય છે.
જીવનમાં સદ્ગુણોની મોટી આવશ્યકતા છે,
તે વિના જીવન શુષ્ક - selfish બની જાય.
સદ્ગુણોથી સંતપણું પ્રગટે. સંતપણું એટલે કહે છે કે:
સંયમ + પરોપકાર + વિશાળ હૃદય + પ્રભુપરાયણ જીવન.
સંતપણું વિકસાવવા માટે સ્પષ્ટ લક્ષની જરૂરિયાત છે.
જીવનમાં સંજોગવશાત્, અજ્ઞાનવશાત્ યા વાસનાવશાત્
બાહ્યપ્રવૃત્તિઓ તો રહેવાની જ પણ
આત્મલક્ષ એ જીવનનું મુખ્ય લક્ષ્ય રહેવું જોઈએ.
આ જીવનમાં તે ન થયું તો પછી આવી તક ક્યારે મળશે?
આત્મલક્ષ માટે તો વ્યાકુળતા થવી જોઈએ.
તે વિના બાહ્યપ્રવૃત્તિઓ વચ્ચે નિર્લેપતા રહેવી મુશ્કેલ છે.
દેવ - ગુરુની કૃપા જ જીવનું સાચું શરણ છે.
તેને સમર્પિત થઈને ચાલવાથી આત્મવિકાસની સાધના
માટેની સઘળી સામગ્રી તે પોતે જ મેળવી આપે છે.
નિર્વિચાર દશામાં શાંતિ તો મળી શકે છે પણ આત્મામાં
પરમાત્માના તાદાત્મ્યનો અનુભવ તો સમર્પણભાવથી જ થાય.

પરમાત્માના સાન્નિધ્યના અનુભવમાં
શાંતિ, શક્તિ અને ભક્તિ ત્રણે વસ્તુ સમાઈ જાય છે.
'પરમાત્મા સર્વોત્તમ અને સર્વ સ્વરૂપ છે'
એમ માનીને તેમને જો સર્વ
સમર્પણભાવથી આરાધવામાં આવે, તો સફળતા મળે જ.
કાળ, સ્વભાવ, ભવિતવ્યતા... એ સઘળા ગુણ દાસો રે,
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજ સબળ વિશ્વાસો રે.

## સામાયિકરૂપી રત્નકણી

સામાયિક ધર્મ મોહવિષને હણે છે.
સામાયિક ધર્મ મોક્ષના ઉદ્દેશરૂપી રસાયણનું કામ કરે છે.
તે પવિત્રતાને ગુણકારક હોવાથી મંગળરૂપ છે.
તેમાં વિનયવાનપણું હોવાથી તે પરમ વિનીત છે.
મોક્ષમાર્ગ અથવા યોગમાર્ગને અનુસરવાપણું હોવાથી તે પ્રદક્ષિણાવર્ત છે અને અતિ ગંભીર હોવાથી ગહન છે.
ક્રોધરૂપી અગ્નિથી નહિ બળવાપણું હોવાથી અદાહ્ય છે.
તેમાં ઉત્તમ શબ્દસ્વભાવવાળાપણું હોવાથી અતુલ્ય છે અર્થાત્ કદાપિ કોહવાપણું ન હોવાથી તે અકુથ્ય છે.
વિશિષ્ટ શ્રદ્ધાયુક્ત હોવાથી કસોટીમાં ઉત્તીર્ણ થાય છે.
સત્કૃતપણું, અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવાપણું

તથા પ્રાણાંત આપત્તિમાં પણ ચિત્તનું નિશ્ચળપણું હોયછે
છેદ, તાપ અને તાડનમાં પણ જેનું ટકવાપણું છે.
આવા સદ્ગુણોએ સહિતપણું હોયછે
સામાયિક ધર્મ તે સાચા સોનારૂપ છે.
સમતા સામાયિક વિનાનો ધર્મ નકલી સોનાની જેમ જે
નામમાત્ર સુવર્ણની જેમ મોક્ષમાર્ગમાં તે નિરૂપયોગી છે.
ઉપર્યુક્ત ગુણોથી રહિત હોય તે અગુણત્વાત્ । અર્થાત્
ગુણરહિત સુવર્ણની જેમ જ 'સામાયિક' ન કહેવાય.
કુલ ૧૨ ગુણોયુક્ત સુવર્ણ એ સુવર્ણ છે.
સામાયિક સામાયિક છે, સાધુપણું સાધુપણું છે, ધર્મ ધર્મ છે.
તે ગુણોથી રહિત સુવર્ણ સુવર્ણ નથી, ધર્મ ધર્મ નથી
અને સાધુપણું એ સાચું સાધુપણું નથી.
સામાયિકના પરિણામથી ઉપર્યુક્ત સર્વે ગુણો આવે છે માટે
સર્વજીવો સાથે તુલ્યતાની ભાવનારૂપ સામાયિક ઉપાદેય છે.

o

One must assimilate divine
percepts into his inner experience:
they must become a part of his being,
for such assimilation,
much thought & meditation are required.

## અઢાર હજાર શીલાંગ

ધર્માદ્ ભૂમ્યાદીન્દ્રિયસંજ્ઞાભ્યઃ કરણતશ્ચ યોગાચ્ચ ।
શીલાંગસહસ્રાણામષ્ટાદશકસ્ય નિષ્પત્તિઃ ॥૧॥

અર્થાત્: ક્ષાન્ત્યાદિ ૧૦ ધર્મ, પૃથ્વ્યાદિ ૧૦ જીવ,
શ્રોત્રાદિ ૫ ઇંદ્રિય, આહારાદિ ૪ સંજ્ઞા,
અનુમોદનાદિ ૩ યોગ તથા મનાદિ ૩ કરણ -
૧૦ x ૧૦ x ૫ x ૪ x ૩ x ૩ = ૧૮૦૦૦ પ્રકારે આચાર.
૧૮૦૦૦ શીલાંગ સર્વ સાવદ્યયોગની વિરતિ સ્વરૂપ થાય.
તે વિરતિ તત્ત્વથી એક જ સ્વરૂપ હોય છે.
આ વાત વિરતિભાવની અપેક્ષાએ છે,
બાહ્યપ્રવૃત્તિની અપેક્ષાએ નહિ.
અપવાદે પ્રવૃત્તિ ભિન્ન હોઈ શકે છે, પરંતુ અપવાદની તે
પ્રવૃત્તિ વિરતિભાવને બાધક બનતી નથી, કિન્તુ સાધક બને છે.
એક પણ શીલાંગ શુદ્ધ ત્યારે જ હોય કે
બાકી બધા શીલાંગો સહિત હોય.
આત્માનો એક પ્રદેશ બાકી અસંખ્યાત પ્રદેશોથી
સહિત જ હોય અથવા એક પ્રદેશે ન્યૂન એવા
આત્માના સર્વ પ્રદેશોને 'જીવ' ન કહેવાય તેમ.
એ જ નિયમ શીલાંગોને પણ લાગુ પડે છે.

૧૮૦૦૦ શીલાંગ અને તે રૂપ સંયમનું આરાધન
એક તો ગીતાર્થને હોય અને
બીજા ગીતાર્થની નિશ્રાએ રહેનારને હોય.
એ સિવાય ત્રીજો સંયમરૂપ વિહાર ભગવાને બોધ્યો નથી.
એનું કારણ માત્ર એટલું જ છે કે
જે ગીતાર્થ હોય તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરે નહિ અને
પોતાની નિશ્રાવાળો અશુદ્ધ પ્રવૃત્તિ કરતો હોય,
તો ગીતાર્થ તેને રોક્યા સિવાય રહે નહિ.
અગીતાર્થ શુદ્ધાશુદ્ધને જાણે નહિ અને
અજ્ઞાનના કારણે શુદ્ધનો ત્યાગ અને
અશુદ્ધનું સેવન કર્યા સિવાય રહે નહિ.
गीयत्थो य विहारो बीओ तन्नीसीओ भणिओ |
<u>અર્થ</u>: એક ગીતાર્થ અને બીજો તન્નિશ્રિત,
એ બે ના વિહારને જ 'સંયમ' કહ્યો છે, ત્રીજાને નહિ.

°

*As lamp is the source of light, heat & energy, ourself is also source of light of concious understanding, the warmth of universal love and the energy of divine creativeness.*

## આગમ તથા નોઆગમથી ભાવનિક્ષેપ

શ્રી નવપદજી આરાધનામાં જ્ઞાનપદના દુહામાં આવે છે:

આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે,
આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે.
બાર જિનેસર ઉપદિશે તુમે, સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.

આગમથી ભાવનિક્ષેપે અરિહંત તે છે કે જે
અરિહંતનો જ્ઞાતા અને ઉપયુક્ત છે.
અરિહંતનું જ્ઞાન અને તેનો ઉપયોગ તે
આગમથી ભાવનિક્ષેપે અરિહંત છે.

નોઆગમથી ભાવનિક્ષેપે અરિહંત તે છે કે જે
સમવસરણસ્થ જિનેશ્વર છે.

જ્ઞાન + ક્રિયા = નોઆગમ ભાવનિક્ષેપ.
બન્ને નિક્ષેપનું ધ્યાન આત્મભાવમાં સ્થિર કરે છે.
સમવસરણસ્થ જિનના ધ્યાનથી 'મયિ તદ્રૂપં |'
અર્થાત્
અરિહંતથી પોતાના આત્માનું સ્વરૂપપણાનું ભાન થાય છે.
અરિહંતાકાર ઉપયોગ વડે 'સ એવાઽહં |' અર્થાત્ કે
ધ્યાતા પોતે જ અરિહંતસ્વરૂપ બની જાય છે.

## પ્રકૃતિનું મહાશાસન

પ્રાણીમાત્ર કે પ્રત્યેક જીવના કલ્યાણ માટે
વિશ્વનું વિધાન સતત ચાલી રહ્યું છે.
જેનું સમ્યગ્દર્શન મળવાથી જીવ રત્નત્રયના સાધન વડે
ભયાનક સંસારસાગરને તરી જાય છે.
સમ્યગ્દર્શનના બળે જીવ આ સંસારમાં પણ
આરોગ્ય - બોધિલાભ - સમાધિની સિદ્ધિ મેળવી શકે છે.
વિરાટવિશ્વનું રાજ વીતરાગતાથી પ્રાપ્ત કરી શકાય છે.
વીતરાગતા પ્રાપ્ત કરવાનું સાધન
અહિંસા, સંયમ અને તપની સાધના છે.
સંકલ્પ - વિકલ્પના તરંગો શાંત થવાથી
આત્મામાં સમસ્ત વિશ્વ સ્વયં પ્રતિબિંબિત થાય છે.
એ વિદ્યાનું નામ ચિત્રકારી નહિ વિચિત્રકારી વિદ્યા છે.
સાધનાથી પ્રફુલ્લિતા કે વિકાસ પ્રાપ્ત થતું નથી, કિન્તુ
તે શાંતતા અને શુદ્ધતાના અભ્યાસથી પ્રાપ્ત થાય છે.
અગ્નિને ઠારવાની શક્તિ જળમાં છે,
અહો બોધ ઘડાના પાણીથી થઈ શકે છે, પરંતુ
પર્વતના દાવાનળને શમાવવાની શક્તિ ઘડાના જળમાં નહિ
પણ મેઘની ધારામાં છે અહો બોધ અનુભૂતિ જ આપે.

## અહિંસા, સંયમ અને તપની સાધના

સકામભાવ કે અકામભાવથી પરોપકારપ્રધાન જીવનારને
અચૂક સિદ્ધિ થાય છે, તેથી પરોપકારપરાયણતા જ
સંસારદાવાનળને શમાવવામાં મેઘધારાનું કાર્ય કરે છે.

પરોપકારપરાયણતા = ધર્મ મહાસત્તાનું આરાધન.

ધર્મમહાસત્તાને આધીન રહેનારને જ પરમાનંદ મળી શકે.

સ્વની અને સર્વની હિતચિંતા એટલે
ધર્મમહાસત્તાની શરણાગતિ છે.

ધર્મમહાસત્તા વિશ્વના પ્રાણીમાત્રનું હિત કરનારી છે,
તેથી જ પરોપકારપરાયણતાનો ધર્મ તે રત્નત્રયાત્મક છે.
પૂર્ણ વફાદારી વડે ધર્મમહાસત્તાનું પાલન કરીને જ
તીર્થંકરો ત્રિલોકનાથ તીર્થંકર પદની પ્રાપ્તિ કરીને તીર્થની
સ્થાપના કરે છે અને વિશ્વતંત્રના નિયમો અનુસાર
દેવેન્દ્ર, નરેન્દ્ર, મુનીન્દ્ર અને યોગીન્દ્રોના નાથ સદા
તેઓ સર્વ જીવને યોગક્ષેમકારક પરમપદને પામે છે.
વિશ્વપ્રકૃતિ તેમના જન્માદિ કલ્યાણકોને ઉજવે છે,
અતિશયો અને સમવસરણ આદિ સમૃદ્ધિને સમર્પે છે.

તીર્થંકરો ૪ નિક્ષેપો વડે ત્રણે કાળ પૂજાય છે.

શાશ્વત-અશાશ્વત ચૈત્યોમાં તેમની ભક્તિ પણ થાય છે.

સત્‌શાસ્ત્રોની રચના તીર્થંકરોના ઉપદેશથી થાય છે.
તેમના થકી સત્, શબ્દમંત્ર - યંત્ર - તંત્રાદિ પ્રકટે છે,
જેના દ્વારા વિશ્વકલ્યાણના કાર્યને
આ પ્રકૃતિનું મહાશાસન નિત્ય યોગબંધ કરી રહેલ છે.
તીર્થંકરોની ભક્તિ વગેરે તેના સહજ ક્રમાનુસારે થાય છે.

સુખ-દુઃખ મીમાંસા ૐ વૈ સુ ૫, રવિવાર

દુઃખ = જે ન ઇચ્છવા છતાં આવે તે.
સુખ = જે ઇચ્છવા છતાં ચાલ્યું જાય તે.
એ રીતે દુઃખનું આવવું અને સુખનું જવું એ
વૈધાનિક સત્ય છે, પ્રકૃતિનું નૈસર્ગિક વિધાન છે.
દુઃખ તથા સુખ એ વાસ્તવિક બંધન નથી.
દુઃખ સ્વભાવથી અસ્થિર છે માટે તથા
સુખમાં સ્થિરતા કે સ્થાયિત્વ નથી માટે
તે બન્ને વાસ્તવિક બંધન નથી.
વાસ્તવિક બંધન અનિવાર્ય એવા બંનેના સદુપયોગમાં
રહેલું છે. સુખનો સદુપયોગ દુઃખીઓની સેવામાં છે.
દુઃખનો સદુપયોગ સહન અને મમતાના નાશમાં છે.
સુખ-દુઃખમાં બંધનબુદ્ધિ સ્વીકારવી તે ભૂલ છે અને
સુખ-દુઃખનો સદુપયોગ એ વિકાસનું મૂળ છે.

દુઃખથી ભયભીત થવું અને સુખમાં આસક્ત થવું,
એ ખરેખર તો માનવમનનો પ્રમાદ જ છે.
દુઃખનો મહિમા તે જ સમજી શકે છે કે જેણે
દુઃખના પ્રભાવથી સુખની આસક્તિનો સર્વાંશ અંત કર્યો છે.
એકબાજુ સુખની ગુલામીને જ ભગવતી સાધના અને
બીજી બાજુએ દુઃખની ખૂબ નિન્દા કર્યા કરવી,
એ દુઃખ પ્રત્યેની મોટી કૃતઘ્નતા છે.
જે સુખ ઇચ્છવા છતાં ન રહે તેની ગુલામી કરવી અને
જે દુઃખ સર્વતોમુખી વિકાસ કરે તેનાથી ભયભીત રહેવું
તે સાધક માટે મોટામાં મોટો પ્રમાદ છે.
સુખાસક્તિ એ સમસ્ત વિકારોની ભૂમિ છે, જ્યારે
દુઃખનો પ્રભાવ એ આત્મવિકાસની ભૂમિ છે.
પ્રકૃતિના નિયમ મુજબ: જે આવે, તે અવશ્ય જાય છે.
રહે છે તે જ કે જેમાં આવવા-જવાની વાત હોતી નથી,
માટે જે આવે-જાય તેનો સદુપયોગ કરવો અને
જે કાયમ રહે તેના પર પ્રેમ કરવો એ કર્તવ્ય ઠરે છે.
વિશ્વભરમાં સુખ યા દુઃખ દેખાય છે.
તે બન્ને સ્થિર નથી, કિન્તુ સતત પરિવર્તનશીલ છે.
સુખનું પ્રલોભન છે ત્યાં સુધી દુઃખ અવશ્યંભાવી છે.

જે સાધકને સત્યરૂપે દુઃખનો અંત કરવો જ છે,
તેણે સુખની ઇચ્છાનો પણ અંત કરવો જરૂરી છે.

સુખની આસક્તિનો અંત
દુઃખની અપરિહાર્યતા અને ઉપયોગિતાના સ્વીકારમાં છે.

દુઃખની આવશ્યકતાને ન સ્વીકારવા અને
તેનાથી ભયભીત રહેવું, તે ભયંકર ભૂલ છે.

સુખના પ્રલોભનમાંથી જ દુઃખનો ભય જન્મે છે,
તેથી દુઃખની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો.

માનવજીવનનું સર્વોચ્ચ ધ્યેય છે કે:
સુખ - દુઃખથી અતીત જીવનની સાથે અભિન્ન થવું.
સુખની લોલુપતાનો નાશ કરવામાં દુઃખની ઉપયોગિતા છે.
દુઃખ સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવામાં પરમ હેતુ બને છે.

માનવમાત્રનું કર્તવ્ય છે કે:
અનિચ્છાએ ય દુઃખાનુભૂતિ કરાવનાર તત્ત્વ પ્રત્યે કૃતજ્ઞ રહેવું.

આસ્તિકવાદની દૃષ્ટિથી જોઈએ તો:
અદૃષ્ટતત્ત્વની શરણાગતિ સર્વતોમુખી વિકાસનું સાધન છે.

°

In real sense, We live only when
we touch our sacred source:
Otherwise we merely escist.

## પાંચ વ્યવહાર એટલે...

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત વ્યવહાર.

## ૧૦ પદ અને પદવીધારી

(૧) તીર્થંકરો આગમ કે પ્રત્યક્ષ વ્યવહારપૂર્ણ કેવલી હોય.
(૨) ગણધરો મનઃપર્યવ જ્ઞાની કે અવધિજ્ઞાની હોય છે.
(૩) આચાર્યો ૧૪ પૂર્વધર અથવા ૧૦ પૂર્વધર હોય છે.
(૪) ઉપાધ્યાયો ૯ પૂર્વધર, શ્રુત વ્યવહારપૂર્ણ હોય છે.
(૫) પ્રવર્તકો જીતકલ્પ વ્યવહારપૂર્વક ધર્મ પ્રવર્તન કરે.
(૬) સ્થવિરો (રત્નાધિક) નિશીથ-પીઠિકાદિ, આજ્ઞાવ્યવહાર.
(૭) ગણાવચ્છેદકો સાંકેતિક ભાષા દ્વારા પ્રાયશ્ચિત આપે.
(૮) ગણિભગવંતો આચાર્ય અને ઉપાધ્યાય ઉભયનું દરેક કાર્ય કરે, સાધુગણના નેતા હોય.
(૯) વૃષભઃ શરીરબળ, કૃતપરિશ્રમ, ગીતાર્થ, વસ્ત્ર અને પાત્રાદિની પ્રાપ્તિ, યોગ્ય ક્રિયાની પ્રતિલેખના કરવી તથા વયોવૃદ્ધ શ્રમણોને વિહારમાં સહાયક થવું.
(૧૦) પંન્યાસ ભગવંતોનું પદ પાંડિત્યસૂચક છે. તેઓનું એક કાર્ય પ્રાયશ્ચિત પ્રદાન કરવા માટેનું પણ છે.

'શબ્દબ્રહ્મ' એટલે બ્રહ્મનો શબ્દદેહ.

દરેક પદવીધારી આત્માઓ તેની ઉપાસના કરે છે.

ભાભર, વૈશાખ સુદી-૭, જ.શારીરી

0 બૃહત્કલ્પમાં પ્રાયશ્ચિતની કલ્પના અને વ્યવહાર સૂત્રમાં પ્રાયશ્ચિત આપવાનો અધિકાર છે.

0 સુધર્મા ગણધરથી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પર્યંતના ૨૭ શ્રુતધરોમાં ૯૮૦ વર્ષ પૂરા થાય છે.

0 જિનચૈત્ય, જિનપ્રતિમા, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાના ૭ ક્ષેત્ર ઉપરાંત મોક્ષાર્થીએ સાધારણખાતામાં, પૌષધશાળા તથા ઉપધાનમાં ધન વાવવું.

ભીરુતા, ધીરતા અને શૂરવીરતા

ભક્તિની પ્રથમ ઉત્પત્તિ ભીરુતામાંથી, તેનો વિકાસ ધીરતામાં અને ભક્તિની પરાકાષ્ઠા શૂરવીરતામાં છે. ભક્તિનું પ્રથમ પગથિયું દાસત્વ, બીજું સ્વામિત્વ તથા ત્રીજું પગથિયું એકત્વ છે.

હનુમાનજી રામને કહે છે કેઃ

દેહભાવથી હું તારો દાસ, જીવભાવથી તારો અંશ અને આત્મભાવથી હું તારાથી અભિન્ન છું.

દાસમાંથી દાસોऽहं પ્રકટે, અંશમાંથી સોऽहं અવસ્થા પ્રકટે તથા આત્મભાવમાંથી ૐ પ્રકટે છે.

ભક્તિની આ ઉત્તમ કક્ષા ૩ અવસ્થાઓ છે.

ભાવમાંથી પ્રીતિ પ્રકટે છે.
'મારે માટે સ્વામી છે' એ ભાવમાંથી ધૃતિ પ્રકટે છે.
'હું તું જ છું' એ ભાવમાંથી સર્વ સમર્પણ જાગે છે.

પ્રીતિ = I am yours.
ધૃતિ = You are mine.
સર્વ સમર્પણ ભાવ = I and You are one.

ભીરુતામાંથી નમ્રતા જન્મે છે,
ધીરતામાંથી નિર્ભયતા જન્મે છે અને
શૂરતામાંથી નિશ્ચિંતતા ઉત્પન્ન થાય છે.

ભીરુતાનો વિચાર = હું અસહાય છું.
ધીરતાનો વિચાર = મારે માટે સમર્થની સહાય છે.
શૂરવીરતાનો વિચાર = હું પોતે જ સર્વ સમર્થ છું.
પ્રથમ બે વિચાર ભેદોપાસનારૂપ છે તથા
ત્રીજો વિચાર અભેદોપાસનારૂપ છે.

પ્રાર્થના = વિકારોથી વિરુદ્ધ પ્રક્રિયા, આત્મશુદ્ધિનો નિશ્ચય.
ભાવપૂર્વક અને આત્મસાક્ષીએ
નિશ્ચય કરેલો એક ચિત્તવાળો વિચાર તે પ્રાર્થના છે.

o

Confession of our faults is the
next thing to innocence.

## શરીરમાં થતાં રોજના ફેરફારો

૯૦ દિવસમાં જ શરીરની માંસપેશીઓ બદલાઈ જાય છે.
તેને રોજ બગડતી અટકાવવા અને નિત્ય સુધારે, તે
માટે જપ, શબ્દોચ્ચાર, મંત્રોચ્ચારની પ્રક્રિયા ઉપયોગી છે.
ડૉ. સાયમન કહે છે તેમ ૯૦ દિવસની અંદર શરીરના
અણુ એ અણુ, રક્તપેશી, હાડકાં સુદ્ધાં બદલાઈ જાય છે.
૧ સેકંડમાં ૧૨।। ક્રોડ માંસપેશીઓ બદલાય છે.
પ્રાર્થનાની શુદ્ધ અવસ્થામાં
તે બધી માંસપેશીઓ સુસંસ્કારિત બને.
શ્વાસોચ્છ્વાસ ઉપર ધ્યાન આપવાના બદલે
હૃદયના ધબકારાનું અવલોકન કરવું વધારે ઉત્તમ છે.
તે પેપલેન્ડને કામ કરે છે, તેથી
શરીરનું બળ અને આત્મસામર્થ્ય વધે છે.
મનુષ્યના મનનો મોટો ભાગ જે વિચારોમાં નહિ પણ
વિકારોમાં પસાર થાય છે, તેને અટકાવવા તથા વિકારોમાંથી
શુભ વિચારોમાં જવા માટે સહાયકારક તત્ત્વ મંગળજાપ
ના અહોભાવની પ્રાર્થના છે. પ્રાર્થનામાં પ્રાર્થ્યને નહીં,
પણ પ્રાર્થકે સ્વયં બદલાવાનું છે.
વિકારમાંથી વિચારમાં જવા માટે મંગળજાપ સહાય કરે છે.

## સ્થાવર અને જંગમ તીર્થ

સ્થાવર અને જંગમપણાનું બધું ઐશ્વર્ય ભગવાનનું છે.
સ્થાવર તીર્થ આત્માના ધ્રૌવ્યસ્વરૂપને બતાવે છે.
જંગમ તીર્થ ઉત્પાદ - વ્યય સ્વરૂપને જણાવે છે.
સ્થાવર તીર્થની યાત્રા વખતે ચતુર્વિધ સંઘનું જે પ્રણિધાન કરવાનું કહ્યું છે, તેનો અર્થ ચતુર્વિધ સંઘના દર્શન વખતે સંઘસ્થિત સ્થિરપણા - ધ્રૌવ્યપણાનું સ્મરણ કરવાનું છે. 'દરેકનો આત્મા ધ્રૌવ્યરૂપે પરમાત્મા જ છે' એવું સ્મરણ કરવા માટેનું આલંબન સ્થાવર તીર્થો છે, તેથી તેની યાત્રા આપણા સમ્યગ્દર્શનને વિશિષ્ટ રીતિએ નિર્મળ કરે છે.

### સમ્યગ્દર્શનની નિર્મળતા

આત્મામાં રહેલ પરમાત્મપણાની બુદ્ધિને સ્થિર કરે છે. તે બુદ્ધિ સ્થિર થવાથી મરણનો ભય ચાલ્યો જાય છે. તે નિર્મળતા અમર એવા આત્મતત્ત્વની પ્રતીતિ કરાવે છે. પછી તેને જન્મ - મરણના ફેરા ફરવારૂપ રહેતું નથી. 'ત્રિસંધ્યાએ પૂજા કરનારી ત્રીજે ભવે નિર્વાણપદ પામે' એ શાસ્ત્રવાક્ય આ ઉપરથી ચરિતાર્થ થાય છે.
'જગત ઉપર પરમાત્માની દૃષ્ટિ છે' તે વાક્યનો અર્થ જગતના જીવો તત્ત્વથી પરમાત્મસ્વરૂપ છે, એવું દર્શન ભગવાન નિત્ય કરે છે.

# સૂક્ષ્મદેહ અને સ્થૂળદેહ

અસીમ અખંડાકાર સર્વશક્તિમાન પૂર્ણબ્રહ્મ સૂક્ષ્મ અને
સ્થૂળરૂપથી પુરુષ તથા પ્રકૃતિરૂપ બનીને સ્વતઃ વિરાજમાન છે.
સૂક્ષ્મદેહ ઈશ્વરસ્વરૂપ છે તથા તેનાથી કાંઈક ભિન્ન પણ છે.
સ્થૂળદેહ સૂક્ષ્મનો પડછાયો છે.
એક સ્વર તો બાકી વ્યંજન છે.
સ્વર વિના વ્યંજનોનું ઉચ્ચારણ અશક્ય છે.
સૂક્ષ્મદેહમાં જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે, ત્યારે
ભક્ત ભગવાનથી પોતાને અભિન્ન માને છે.
તે કર્મો કરવા છતાં અકર્તાભાવે રહે છે,
જ્ઞાની હોવા છતાં પોતાને નિર્ગુણ-અજ્ઞાની માને છે
અને તેને પરિણામે નિર્ગુણ, નિષ્ક્રિય, અનંત,
સર્વશક્તિમાનને પ્રાપ્ત કરી શકે છે.
આમ જ્ઞાન, ભક્તિ, કર્મયોગ દ્વારા સૂક્ષ્મદેહ અંધકારથી
પ્રકાશમાં પહોંચે છે અને આવરણોથી મુક્ત થાય છે.
સ્થૂળદેહ ભીંત સમાન છે, સૂક્ષ્મદેહ કાચ સમાન છે.
પ્રત્યેક પ્રાણી સાથે અનુભવાતો આત્મતુલ્યભાવ
આત્મામાં ભગવદ્ પ્રેમનો ઉદય કરે છે.
વિશ્વમય અહં તે અહં છે.

મન - ઇચ્છા, વાસના, તૃષ્ણાદિ નિવૃત્ત થઈ અંતર્મુખ બને,
ત્યારે શરીરમાં વાજાં-ઝંકાર જેવી એક ધ્વનિ સંભળાય છે.
મન જ્યારે તે ધ્વનિમાં નિવિષ્ટ થાય છે, ત્યારે
એક પરમ જ્યોતિનું સ્પષ્ટ દર્શન થાય છે.
જ્યોતિના દર્શન બાદ સાધકના ગુરુદેવ
યોગ અને વિરાટ ચૈતન્યની સાક્ષાત્ અનુભૂતિ કરાવે છે,
ત્યારબાદ મુક્તિની પ્રાપ્તિનો આનંદ અનુભવાય છે.
ગુરુ થવું કઠિન છે, તો શિષ્ય થવું તેથી પણ કઠિન છે.
સુશિષ્ય થવા માટે મનને તૃષ્ણારહિત, નિર્લોભી બનાવવું.
શિષ્યના સહાયક ગુણો: ત્યાગ, વૈરાગ્ય, વિવેક, નીતિ, સત્યાદિ.
શક્તિનો આરંભ અને અશક્તિની ભાવના કૃપાથી શક્ય છે.
તદર્થ કૃપા યાચના। પરમકૃપાળુની કૃપા વિના મુક્તિમાં
પ્રવેશ કરવાનો અધિકાર કોઈને પણ મળતો નથી.
સાધના કરવા રોજ તેણે મનને ધ્યાનસ્થ રાખતાં શીખવું.
ધ્યાનનું મુખ્ય સ્થાન હૃદય છે.
ગુરુ ઉપદેશાનુસાર શબ્દ, જ્યોતિ અને રૂપનો
અનુભવ લેવા શિષ્યએ પ્રયત્ન કરવો જોઈએ.
અંત્ય શબ્દને 'શબ્દબ્રહ્મ' અને
અંત્ય જ્યોતિને 'પરબ્રહ્મ' કહેવાય છે.

## અહિંસાનું સ્વરૂપ

અહિંસાની પ્રતિષ્ઠા આત્મૌપમ્યદૃષ્ટિમાંથી થઈ છે.
પ્રમાદ એ મોટો માનસિક દોષ છે. પ્રમાદરહિતપણે
થતી હિંસા એ નિર્દોષ અને નિર્જરા (ગુણ) વર્ધક પણ છે.

હિંસા = પ્રમાદ, અયતના, અસંયમ.

અહિંસા = અપ્રમાદ, યતના, સંયમ.

હિંસામાં દુઃખ અને ભય જન્મે છે.

અહિંસાનો બાહ્યપ્રવૃત્તિઓ સાથે નિયત સંબંધ નથી.
એનો નિયત સંબંધ માનસિક પ્રવૃત્તિઓ સાથે છે.
જેમ કાયિક અહિંસાર્થે વ્યક્તિગત સમ્યગ્આચાર જરૂરી
તેમ વાચિક અને માનસિક અહિંસા માટે
અનેકાન્તદૃષ્ટિ વિશેષરૂપથી ઉપાસનીય છે.

માનસિક અહિંસા વિના કેવળ બાહ્ય અહિંસા
યાચિતમંડનરૂપ છે. અનંતધર્મા વસ્તુ અનિર્વચનીય તથા
અખંડ છે. વચનથી તેનું દિક્સૂચન કરાય પણ પૂર્ણરૂપથી
કથન ન થઈ શકે. એકાંત વસ્તુગત નથી પણ બુદ્ધિગત છે.
બુદ્ધિ શુદ્ધ થવાથી એકાન્તનો અંત આવે છે.
માનસ અહિંસાના સંવર્ધન અને પરિપોષણાર્થે
અનેકાન્તદૃષ્ટિરૂપ સંજીવની આવશ્યક છે.

આ વૈરાગ્યપ્રદ ઉપદેશ તૃષ્ણા ત્યાગાર્થે અપરિહાર્ય છે:
'દૃશ્ય જગત અનાત્મરૂપ છે, મિથ્યા પરિવર્તનશીલ છે.
તે સ્વપ્નની જેમ વિભ્રમરૂપ અને શૂન્ય છે,
અવયવ ભ્રાન્તિ છે, અવયવી પરમાણુપુંજરૂપ છે.
એમાં રાગ-દ્વેષ કરવા તે વ્યર્થ છે!'

## ગીતાર્થત્વ અને કૃતયોગિત્વ

ગીતાર્થત્વ = પરિણત શાસ્ત્રજ્ઞાન.
કૃતયોગિત્વ = ચિત્તસામ્ય, સ્થિતપ્રજ્ઞત્વ.

## કૈવલ્યની ઉત્પત્તિમાં કારણ ૩ બીજ:

(૧) ભાવના-નિદિધ્યાસન (૨) યોગજ અદૃષ્ટ (૩) શબ્દ.
આ ત્રણે બીજ કર્મક્ષય દ્વારા કૈવલ્યને પ્રકટાવે છે.
૦ રાગ કફજન્ય હોવાથી પૃથ્વી તથા જલતત્ત્વની વૃદ્ધિ.
દ્વેષ પિત્તજન્ય છે, તેથી તેજ તથા વાયુતત્ત્વની વૃદ્ધિ.
મોહ વાતજન્ય છે, તેથી જલ તથા વાયુતત્ત્વની વૃદ્ધિ.
રાગાદિ નાશનો ઉપાય જ્ઞાન-ધ્યાન દ્વારા આત્મશુદ્ધિ છે.

## ભાવનાના ૩ પ્રકાર

(૧) નૈરાત્મ્યભાવના - પર્યાયવાદી - તૃષ્ણાજનક છે.
(૨) બ્રહ્મભાવના - દ્રવ્યવાદી - અજ્ઞાનજનક છે.
(૩) વિવેકભાવના - ભેદભાવના - અવિવેકજનક છે.

० कामतोऽकामतो वाऽपि यत्करोमि शुभाशुभम् ।
तत्सर्वं त्वयि विन्यस्तं त्वत्प्रयुक्तः करोम्यहम् ॥ <u>અર્થાત્</u>:
ઈચ્છાથી કે અનિચ્છાથી જે કાંઈ પણ શુભ કે અશુભ હું કરું છું, તે બધું તમારા ભરોસે તમારાથી પ્રેરાયેલો હું કરું છું.

० વસ્તુમાત્ર સ્વરૂપતઃ અનિર્વચનીય અને અનંત ધર્મોના એક અખંડપિંડરૂપ છે.

'નિર્વિકલ્પક બોધ' એટલે શુદ્ધ દ્રવ્યનયાદેશ, પર્યાય વિનિર્મુક્ત વિચાર સહકૃત મનથી થનારો બોધ. તે બોધ શબ્દજન્ય નહિ પણ મનોજન્ય, ઈહાત્મક વિચાર-જન્ય અપાયરૂપ છે અને નામજાત્યાદિ કલ્પનાથી રહિત હોવાથી નિર્વિકલ્પ છે. વૃત્ત્યારૂઢ ચૈતન્ય મોક્ષનો માર્ગ છે.

<u>વિચારવ્યવહાર 3 પ્રકારે થાય</u>:

જ્ઞાનાશ્રિત, અર્થાશ્રિત અને શબ્દાશ્રિત.

લિંગકાળ, કારક, વચન, પર્યાય અને ક્રિયાવાચક શબ્દ એ સર્વ એક જ અર્થને કેવી રીતે કહી શકે?

નૈગમનય - જ્ઞાનાશ્રિત સંકલ્પ વિચારમાત્રને ગ્રહણ કરે.
સંગ્રહનય - તે એક અદ્વિતીય અર્થને ગ્રહણ કરે છે.
વ્યવહારનય - તે મધ્યવર્તી પદાર્થમાત્રને ગ્રહણ કરે છે.
ઋજુસૂત્રનય - પરમાણુરૂપતા તથા ક્ષણક્ષયિતા ગ્રહણ કરે.

# નિક્ષેપ વડે શું થાય?

નિક્ષેપ વડે અવ્યુત્પન્નને અપ્રસ્તુત અર્થનું નિરાકરણ
અને વ્યુત્પન્નને પ્રસ્તુત અર્થનું પ્રકટીકરણ થાય છે.
સંશય વિપર્યયરહિત જ્ઞાન કરાવે છે.
શબ્દાત્મક વ્યવહાર માટે નામનિક્ષેપ.
જ્ઞાનાત્મક વ્યવહાર માટે સ્થાપનાનિક્ષેપ.
અર્થાત્મક વ્યવહાર માટે દ્રવ્ય-ભાવનિક્ષેપ.
સપ્તભંગી = પ્રમાણ અવિરુદ્ધ - વિધિનિષેધની કલ્પના.
o શબ્દબ્રહ્મ એ નામ બ્રહ્મ અને જ્યોતિબ્રહ્મ એ રૂપ બ્રહ્મ
પણ નામરૂપથી પર એવું એક ચૈતન્યસ્વરૂપ છે.
અનાહત એ <u>આદિ</u> શબ્દ છે અને તે હરિયો છે.
તમે અભિંધ ઉગેલું વાદળ છો. એ વાદળ તરીકે વિલય
થયા વિના તમોને સાચા હરિયાનું દર્શન કેમ થાય?
સ્વયં પરમેષ્ઠિના 3 રૂપ: બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.
આમ ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય આમારા ગુરુ છે.
પોતાના શિષ્યના કલ્યાણને માટે ગુરુ
અનેક આકારે - પ્રકારે સતત કાર્ય કરી રહ્યા હોય છે.
ગુરુતત્ત્વ નિત્ય અને શાશ્વત છે.
તે યોગ્ય શિષ્યને નિરંતર શોધતા રહેતા હોય છે.

## ચૈતન્ય સમાધિ એટલે શું?

જ્યારે કોઈ વિષયને લઈ મન સ્થિર થાય છે,
ત્યારે તે ઊંડમાં જાય છે અને સ્થિરતા વધતી જાય છે,
જેમજેમ મનની સ્થિરતા વધતી જાય,
તેમ તેમ મન જિહ્વા તરફ આગળ વધે છે.
મન જિહ્વાગ્ર ઉપર જાય, ત્યારે જડ સમાધિ થાય છે.
નાસિકાગ્રમાં પણ સમાધિ થાય છે.
ભ્રૂમધ્યમાં જ્યોતિ અથવા રૂપદર્શન થાય છે.
ઉપાસ્ય વિષયની ચિન્તામાં અભિનિવિષ્ટ બને ત્યારે
મસ્તિષ્કમાં જાય. ત્યાં ચૈતન્યસમાધિનો લાભ થાય છે.
Imp. શબ્દશ્રવણ પછી રૂપદર્શન થાય છે.
અનાહત શબ્દ ભગવાનનું નામ છે.
જ્યોતિ દર્શન ભગવાનનું રૂપ છે.
જ્યોતિનો ઉદય અને શબ્દનું ઉત્થાન સમાનાન્તર છે.
રૂપ યા મૂર્તિદર્શન તે ભક્તિની ભૂમિકા છે.
મન દ્વારા આત્માનું મંથન તે જ્ઞાન છે.
આત્મા દ્વારા ઉપાસ્ય પરમાત્માનું મંથન તે ભક્તિ છે.
જ્ઞાન આત્માનું અને ભક્તિ પરમાત્માની નિષ્પત્તિ છે.
ભક્તિમાં ભેદ છે, જ્ઞાનમાં અભેદ છે.

પૂર્વ સંસ્કાર કે મોહને વશ જે કર્મ કરવામાં આવે છે,
તેમાં અહંકાર અને ફળાકાંક્ષા રહેલી હોવાથી
તે કર્મ બંધનકારક બને છે.

ધર્મ = જે કર્મ કરવાથી ગતિ સ્થિર તથા શાંત થાય તે.

અધર્મ = જે કર્મ કરવાથી શ્વાસ-પ્રશ્વાસની ગતિ વધે તે.

0 'તત્' શબ્દ બ્રહ્મનો વાચક, દ્યોતક, નિર્દેશક છે.

0 અહંકારનું બીજું નામ કર્તૃત્વબોધ છે.

મન જ્યારે સુષુમ્ણાપથમાં પ્રવેશ કરવા સમર્થ થતું નથી,
ત્યારે ઈડા અને પિંગળાના પથ ઉપર ભટકે છે,
તેને જ કાળચક્ર કે સંસાર કહે છે.

પ્રથમ મોહના બંધનથી મુક્તિ, પછી સાધના, છેવટે સિદ્ધિ.

## બિન્દુ અને વિસર્ગની એકતા

શ્વાસપ્રશ્વાસનું બીજું નામ હંસઃ છે. હંસઃ = સૃષ્ટિ-પ્રલય.
હં દ્વારા અસીમથી સસીમમાં જવાય છે અને
સઃ દ્વારા સસીમથી અસીમમાં અવાય છે.
હંનું બિંદુ અને સઃનો વિસર્ગ ગરુડપ્રદત્ત શક્તિ દ્વારા
દ્વિદળથી એક કરાય, ત્યાર પછી બ્રહ્મચર્ય સિદ્ધ થાય છે.
દ્વિદળમાં સમાધિ સવિકલ્પ છે.
સહસ્રારમાં નિર્વિકલ્પ છે.

મસ્તિષ્કના ક્ષિતિજમાં ભેદાભેદ અવસ્થા અને
સહસ્રારમાં અભેદ અવસ્થા રહે છે.

ભેદાભેદ અવસ્થા = સર્પમાં જળ - જળમાં સર્પ (ભૂત).

અભેદાવસ્થા = સર્પમાં જળ અને જળમાં સર્પનો ભેદ
જે ભાવ મટી જઈને માત્ર એક જળભાવ જ રહે તે.

હંસઃ એ વાસ્તવિક રીતે સોઽહં જ છે.

શ્રોતાના ભ્રમદોષથી હંસઃ એવી પ્રતીતિ થાય છે.

દ્વૈતભૂમિમાં દ્વિતીય બોધ છે, તેથી કામના દ્વૈત જ છે.

કામ - ક્રોધ આદિના કેન્દ્ર એ જ વાસ્તવમાં ષટ્ચક્રો છે.

કામ - ક્રોધ આદિ સ્વરૂપતઃ અશુભ નથી,
પરન્તુ તેના અસદુપયોગથી ખરાબ બને છે.

અગ્નિ અને તલવારની જેમ જ
ઉપયોગ કરનારના દોષથી તે પણ દોષરૂપ બને છે.

કામ ભગવત્પ્રાપ્તિની ઇચ્છા રૂપે જ્યારે પ્રગટ થાય છે,
ત્યારે વિતર્કદલન, સંશયનિરાસ આદિ રૂપે ક્રોધ પ્રકટે છે.

ભગવત્સ્વરૂપમાં આસક્તિ લોભ રૂપે પ્રકટે છે,
તે જ રીતે આત્મવિસ્મૃતિરૂપ મોહ પ્રકટે છે.

આનંદ કે નિર્મળ ભાવાવેશના આકારે મદ અને પ્રણય
તથા અહંની પ્રતિષ્ઠાસ્વરૂપ માત્સર્ય પ્રકટે છે.

## જીવની નિત્યદાસતા

પ્ર. જીવ કોનો નિત્યપણે દાસ છે? ઉ. કર્મનો.
સૌનો જીવ કર્મ પરવશ દાસ થઈને જ ઉત્પન્ન થાય.
આપણો જીવ અત્યારે વિષયોનો દાસ છે.
વિષયો છૂટી જાય પછીથી તે નિત્ય તત્ત્વનો દાસ છે.
પંચ બાહ્ય ચરિત પાંચ વિષયો.

## પુરુષ અને પ્રકૃતિ

પુરુષ = પ્રયત્ન યા પૌરુષ. પ્રકૃતિ = સ્વભાવ.
ભાવ અનિત્ય છે, સ્વભાવ નિત્ય છે.
પુરુષ = પૌરુષ યા ચેષ્ટા. ઉત્તમ ચેષ્ટા = પુરુષોત્તમ.
પ્રયત્નનું સ્વભાવમાં મળી જવું તે યુગલ મિલન છે.
પ્રહ્લાદ અને અનાહતનાદ એક જ છે.
મન ચંદ્રમા છે અને બુદ્ધિ સૂર્ય છે.
રામ = રતિ અથવા પ્રેમ. કૃષ્ણ = એકાગ્રતા.
રામકૃષ્ણ = એકાગ્ર બની પ્રેમપૂર્વક હરિનું નામ લ્યો.
શંકર = ત્રિતાપની ઉપર રહે તે ત્રિશૂલધારી.
શૂલનો અર્થ દુઃખ અથવા તાપ.

o

*Namo is to open consciousness to the inflow of 'પંચપરમેષ્ઠિ'*

## પંચસંગ્રહ વિશેષણવતી ગાથા

પંચસંગ્રહ પ્રથમ ભાગ, દ્વિતીય દ્વાર, ગા - ૪૮ની ટીકામાં મલયગિરિજી. વિશેષણવતીની ગાથા નીચે મુજબ ટાંકે છે:

સિજ્ઝંતિ જત્તિયા કિર ઇહ સંવવહારજીવરાસીઓ ।
ઇંતિ અણાઇવણસ્સઇરાસીઓ તત્તિયા તમ્મિ ॥ અર્થ:

આ સંવ્યવહાર રાશિમાંથી જેટલા જીવો સિદ્ધ થાય છે, તેટલા જીવો અનાદિનિગોદ (અવ્યવહાર રાશિમાંથી) તેમાં (વ્યવહાર રાશિમાં) આવે છે.

તદ્ભાવઃ પરિણામઃ । સોઽનાદિરાદિમાન્ ચ ।
રૂપિષુ આદિમાન્ । યોગોપયોગૌ જીવેષુ ।
- તત્ત્વ. અ. ૪૨-૪૪ (પરિશિષ્ટ-૧૩)

૦ વૈભવનો દુરુપયોગ શોષણ છે, શક્તિનો દુરુપયોગ ક્રૂરતા છે તથા પાંચે ઇંદ્રિયોનો દુરુપયોગ દુરાચાર છે.

સહાનુભૂતિ અને વિવેક એ
મનુષ્યોના શુદ્ધ અને ઉત્કૃષ્ટ ગુણ છે.
મનુષ્યજીવન સત્કર્મનું ફૂલ છે અને
સત્કર્મ કરવાનું સાધન પણ તે જ છે.
'સત્કર્મ' એટલે સારા કર્મ કે સારી વસ્તુ.
સારી વસ્તુ તે જ કહેવાય કે જેનું પરિણામ સારું હોય.

## પરોપકારથી ઋણાનુભૂતિ

ધર્મમાત્રનું ધ્યેય મૈત્રીભાવનો વિસ્તાર કરવાનો હોય છે, કિન્તુ તે માત્ર ભાવસ્વરૂપ જ ન રહે તે માટે શક્ય તેટલા પરોપકારની પ્રવૃત્તિ દ્વારા તેને સક્રિય બનાવવો. તેનો ય અહંકાર ન થાય તે માટે છેલ્લા પદમાં ઋણાનુભૂતિના અધ્યવસાય દ્વારા પ્રશમભાવને જ પુષ્ટ કરવો જોઇએ. પ્રશમભાવની પુષ્ટિ માટે જ મૈત્રીભાવને વિકસાવવાનો છે. મૈત્રીભાવના વિસ્તાર વડે જ પ્રશમભાવની પુષ્ટિ થાય છે.

તે બંનેનું સાધન ઋણાનુભૂતિનો અધ્યવસાય છે.

આપણને બે પ્રકારે ઋણ છે: બીજાને અપકાર કર્યો છે તથા બીજાનો ઉપકાર લીધો છે તે. તે બંનેને ફેડવા માટે થતો પરોપકાર જ આપણા પ્રશમભાવની પુષ્ટિ કરે છે.

સમ્યગ્દર્શનનું ફળ = મૈત્રીભાવનો વિસ્તાર.


સમ્યગ્જ્ઞાનનું ફળ = પરોપકારનું નિમિત્ત.

સમ્યક્ચારિત્રનું ફળ = ઉપશમભાવની પુષ્ટિ.


મૈત્રીભાવનો વિસ્તાર subjective હોવાથી અંતરંગ છે. પરોપકારનું નિમિત્ત objective હોવાથી બાહ્યબાજુ છે. આ બંને વડે ઉપશમભાવની ઉપાસના થાય છે, તેથી એ ત્રિકોણની appex બને છે.

મૌનાત્માનો સ્વભાવ એ positive અને પરોપકારનું નિમિત્ત એ negative છે. બંને ભલે પરસ્પરપૂરક છે. મૌનાત્મા સ્વભાવ, પરોપકાર નિમિત્ત, ઉપશમવૃત્તિની ઉપાસના - ત્રણેનું fourth dimension ધર્મ છે. દેવ-ગુરુ-ધર્મનું fourth dimension તત્ત્વ છે. ત્રિકોણની જમણી બાજુ એટલે દેવ, ડાબી બાજુ એટલે ગુરુ તથા ત્રિકોણની ટોચે ધર્મ બિરાજે છે = તત્ત્વત્રયી.


ઉપશમભાવની ઉપાસના





ધર્મજ્ઞઃ ધર્મકર્તા ચ સદા ધર્મપરાયણઃ ।
સત્ત્વેભ્યો ધર્મશાસ્ત્રાર્થ દેશકો ગુરુરુચ્યતે ॥૧॥




## તત્ત્વસંબંધી ત્રિકોણ નીચે મુજબ




## દેવતત્ત્વનો ત્રિકોણ નીચે મુજબ




## ગુરુસંબંધી ત્રિકોણ નીચે મુજબ




## સ્વાધ્યાયનું સ્વરૂપ

'સ્વાધ્યાયઃ સ્વસ્યાધ્યયનમ્ ।'

ધર્મશાસ્ત્રમાં, યોગશાસ્ત્રમાં, અધ્યાત્મશાસ્ત્રમાં જેમ સ્વાધ્યાય ગણાય છે, તેનું કારણ જેનું નામસ્મરણ કરવામાં આવે છે, તે દ્રવ્ય ગુણ પર્યાયથી પોતાના આત્માની સાથે સામ્ય ધરાવે છે અને નામસ્મરણમાં આત્મસ્મરણ રહેલું છે.

આત્મસ્મરણ એ સ્વનું સ્મરણ હોવાથી
સ્વાધ્યાયનો જ એક પ્રકાર છે.




વાચના, પૃચ્છના અને પરાવર્તના રૂપ ત્રિકોણનું ચોથું *dimension* અનુપ્રેક્ષા છે.

સમ્યગ્દર્શનના પ્રકાશમાં સમજાય છે કે આપણે પ્રત્યેક સાથે ભાવસંબંધથી સંકળાયેલા છીએ. *We are a united universe without physical limits.* એનો અર્થ કે પરસ્પરોપગ્રહો જીવાનામ્।

રાગ રોગનો હેતુ છે.

રાગ જતાવાથી આરોગ્ય મળે છે.

દ્વેષ અજ્ઞાન-અબોધિનો હેતુ છે.

દ્વેષ જતાવાથી બોધિની પ્રાપ્તિ થાય છે.

મોહ અસમાધિનું કારણ છે.

મોહ જતાવાથી સમાધિનો લાભ થાય છે.

રાગ-દ્વેષ-મોહ જતાવાથી ભાવઆરોગ્ય મુક્તિ મળે છે.

બોધિ અને સમાધિ સુલભ બને છે.

આરોગ્ય માટે રાગને, બોધિ માટે દ્વેષને, સમાધિ માટે મોહને જતાવો જોઈએ. એ ત્રણે ઉપર વિજય મેળવવા 'ૐ અર્હં સિદ્ધચક્રાય નમો નમઃ।' મંત્ર છે.

આ મંત્રમાં...

(૧) ૐ = રાગ-દ્વેષ-મોહ જતાવે.(2) અર્હં = આરોગ્ય, બોધિ, સમાધિ આપાવે.(3) સિદ્ધચક્રાય = દર્શન, જ્ઞાન અને ચારિત્ર લાભ આપે.(૪) નમો નમઃ = મોક્ષને આપાવે છે.

o

By deeper understanding, subtle meanings are more revealed and unfoldment of the transcendental consciousness becomes more possible.

योगः कर्मसु कौशलम्।
અર્થાત્: જ્ઞાનપૂર્વક કર્મ કરવું તે યોગ છે.
योगस्थः कुरु कर्माणि। અર્થાત્: યોગમાં રહેલો કર્મ કર.
ઇચ્છાપૂર્વક, જ્ઞાનપૂર્વક, શ્રદ્ધા ઉપરાંત સત્કારપૂર્વક
જે કર્મ કરાય, તે સર્વ શુભ અને ઉત્કૃષ્ટ ફલપ્રદ છે.
नाना तु विद्या चाऽविद्येति। यदेव विद्यया करोति
श्रद्धयोपनिषदा, तदेव वीर्यवत्तरं भवति।
नाविरतो दुश्चरितान्नाशान्तो नाऽसमाहितः।
नाशान्त-मानसो वाऽपि प्रज्ञानेनैनमाप्नुयात्॥
(परिशिष्ट-१४)

त्रयो धर्मस्कन्धाः यज्ञोऽध्ययनं दानमिति। અર્થાત્:
ધર્મના ૩ સ્કંધ છે: યજ્ઞ, અધ્યયન અને દાન.

ઝેન ધર્મ વિષે...

Buddhismના એક સંપ્રદાયવિશેષનું નામ Zen છે.
Japanese ભાષામાં પણ ધ્યાનને Zen કહે છે.
૧૫૭૩ થી ૧૬૯૪ મધ્યે Takuan તથા Basho નામે
બે સુવિખ્યાત સાધુઓ આ સંપ્રદાયમાં થઈ ગયા. તેઓ
સાધનાર્થે દેહદમન તથા તપ-ત્યાગનું કઠોર જીવન જીવતા
સાધુઓ હતા. ધ્યાનનો પર્યાયવાચી શબ્દ પણ Zen છે.

## આત્માની શાશ્વતતા વિષે...

न जायते म्रियते वा विपश्चित्
नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

અર્થ: આ આત્મા કોઈનાથી જન્મતો કે મરતો નથી. નહીં જન્મતો, નિત્ય, શાશ્વત એવો આ પુરાણ અથવા આત્મા શરીર હણાયે છતે હણાતો નથી.

0 મર્યાદિત ઉપકાર તે વ્યવહારનયનો વિષય છે.
સર્વોપકાર તે નિશ્ચયનયનો વિષય છે.
'દ્રવ્યગુણપર્યાયનો રાસ' ગ્રન્થના
પૃ. ૮૦-૮૨ ઉપર લોકોત્તર ભાવનાને
નિશ્ચયનયાર્થ અથવા નિશ્ચયનયનો વિષય કહ્યો છે.

0 એકની સાથે એક મળે ત્યારે ૧૧ થાય છે, એટલે સમૂહભાવ વખતે દૂણની શક્તિ દસગુણી વધે છે.

o

Self-centred thinking:
give me! I lack!
God centred thinking
use me! I have!

न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ॥१॥

અર્થ: સ્ફુરાયમાન કરૂણારૂપી અમૃતની વૃષ્ટિવાળા, તત્ત્વદૃષ્ટિવાન ઉત્તમ આત્માઓ વિકાર માટે નહિં પણ વિશ્વના ઉપકાર માટે જ બનાવાયેલા છે.

## જિનાલયે પ્રથમ વંદન કોના વતી?

ઉમાસ્વાતિ કૃત મૂળગ્રન્થ તથા હરિભદ્રસૂરિ કૃત ટીકાના 'સટીક શ્રાવક પ્રજ્ઞપ્તિ' પૃ-૨૦૦ ઉપર 'પ્રત્યેક સાધુ અને શ્રાવક ચૈત્યમાં પ્રથમ નમસ્કાર સંઘ વતી કરે' એવો વિષય છે, જે સૌ માટે બહુ જ મહત્ત્વનો છે. 'જગતના પાપ મારામાં આવો - મારા પુણ્યથી જગતને મુક્તિ મળો' એ લક્ષ વીતરાગદશામાં અપ્રામાણિક છે, સરાગદશામાં બોધ્યાદિ પ્રાર્થનાની જેમ શુભભાવવર્ધક છે.

## નાદ અને ગ્રાહ્ય - ગ્રાહકભાવ

શ્રી જિનમંડનગણિ વિરચિત 'કુમારપાળ પ્રતિબોધ'માં નાદનું અત્યંત સુંદર સ્વરૂપ વર્ણવ્યું છે. તેમાં વળી સુષુમ્ણાનું એક વિશિષ્ટ 'ગ્રાહ્ય-ગ્રાહકવર્જિતા' મળે છે,
જે બતાવે છે કે ઇડા - પિંગળા નાડી હોય,
ત્યારે જ ગ્રાહ્ય - ગ્રાહકભાવ હોય.
સુષુમ્ણામાં પ્રવેશતા જ 'ધ્યેયમાત્ર નિર્ભાસ' પ્રાપ્ત થાય.

## દોષ અને ગુણ

ગુણ એ પુરુષ અને દોષ એ પડછાયો છે.
પડછાયો પુરુષને ઓળખાવે તેટલી જ તેની કિંમત છે.
જ્યાં દોષરૂપી પડછાયો હોય, ત્યાં ગુણ હોય જ.
જ્યાં ગુણ હોય, ત્યાં પડછાયો હોય યા ન પણ હોય.
મધ્યાહ્ન સમયે પુરુષ હોય પણ તેનો પડછાયો હોતો નથી.
અન્ય હર સમયે પુરુષ અને પડછાયો બન્ને હોય છે.
ગૌરવર્ણવાળા પુરુષનો પણ પડછાયો તો શ્યામ જ હોય.
લોકની જેમ લોકોત્તરમાં પણ પડછાયા સમ દોષની કિંમત કોઈ ગણતું નથી. દોષને પકડવાથી દોષ જ આવે છે, કિન્તુ ગુણને પકડવાથી પુરુષ પકડાય છે. દોષને વજન ન આપતાં ગુણને જ વજન આપવા પર દૃષ્ટિપાત બને. છદ્મસ્થપણાને કારણે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પ્રમત્તાદિ ગુણસ્થાનકોએ પ્રમાદ, કષાય, નોકષાય આદિ દોષવાળા હોવા છતાં તેમના ગુણોને (૩૬-૨૫-૨૭) આગળ કરીને જ આરાધના થાય છે, તેમ જગતમાં રહેલા ગુણોને આગળ કરવાથી જ જીવરાશિ પ્રત્યે મૈત્રીભાવ સાધી શકાય છે.

મૈત્રી એ સ્નેહપરિણામરૂપ છે.

દ્વેષ તે સ્નેહપરિણામને શોષવા માંગે છે.

એ નિયમ છે કે: 'દ્વેષી ગુણાન્ ન પશ્યતિ ।'
ગુણને ન જોનાર અને દોષને જ જોનાર દ્વેષી બને છે.
દ્વેષીમાં મૈત્રીભાવ રહેતો નથી.
'મિત્તી મે સવ્વભૂએસુ' એ ભાવ તો જ રહે કે
જીવમાત્રમાં રહેલ ગુણને જોવામાં આવે.
વળી ગુણ એ વચનને સ્મરણ કરવાથી જોઈ શકાય કે:
'અક્ષરનો અનંતમો ભાગ જીવમાત્રમાં નિત્ય ઉઘાડો રહે છે.'
અને એ રીતે જોનાર સાધક જ
મૈત્રીભાવથી ગુણદૃષ્ટિ વડે જીવમાત્રનો આરાધક બને છે.
દોષ જોવાથી દોષ અને ગુણ જોવાથી ગુણ આવે છે.
જીવમાત્રમાં પ્રચ્છન્નપણે રહેલા કેવળજ્ઞાન આદિ ગુણોને
ભગવાન પોતાના જ્ઞાનના બળથી જોઈ શકે છે, તેથી જ
તેમનામાં રહેલો જીવો પ્રત્યેનો સ્નેહભાવ સુકાતો નથી.
સ્નેહભાવને શોષવનાર દ્વેષરૂપી દાવાનળને મૂળમાંથી
ડામવા દોષદૃષ્ટિને દૂર કરી ગુણદૃષ્ટિ કેળવવી જોઈએ.
આ જગતમાં કોઈપણ વસ્તુ
બીજી વસ્તુને ઉત્પન્ન કર્યા વિના નાશ પામતી નથી.
નિરન્વય નાશનું અસ્તિત્વ છે જ નહિ,
તેથી ગત વસ્તુના શોકનું કોઈ કારણ નથી.

સુખમાં અલીનપણું અને દુઃખમાં અદીનપણું દાખવવું.
માનવ પોતે જ જેટલું પોતાનું બુરું કરી શકે છે,
તેટલું ગળું કાપનાર તેનો દુશ્મન પણ નહિ કરી શકતો.
જીવનમાં સારું તો નસીબ જ હોય અને જે હોય છે
તે દેવ અને ગુરુના અનુગ્રહનું જ પરિણામ હોય છે.
આત્મામાં અશુભનો ભંડાર અનાદિકાળથી ચાલ્યો આવે છે.

સંસારના સર્વ બાહ્યસંયોગો પણ મોટે ભાગે
અશુભના જ સહાયક અને ઉત્તેજક હોય છે.
પરમાત્મા અને સદ્ગુરુના બળે જ એની સામે થઈ શકાય.
એ બળ જ્યારે મળે છે,
ત્યારે જીવન કેવું સ્વસ્થ અને શાંતિમય બની જાય છે!
અનુગ્રહના સામર્થ્યનું વર્ણન કરવું અશક્ય છે.

પરમાત્માએ આપેલ દેશનારૂપી આગમ વાંચનથી
વૈરાગ્યભાવના પરિપુષ્ટ બને છે તેમ જ સંયમની વિશુદ્ધિ
સાથે મોક્ષનો આદર્શ પણ સતત સ્ફુટ થતો જાય છે.
એ રમણતામાં આનંદ રહે છે, સાથે સદ્ગુરુનો પરિચય
અને વાસના આદિના ક્ષય માટે ઉપયોગી યોગમાર્ગ
તથા ધ્યાનમાર્ગ પણ પરમ સહાયક બની રહે છે.
સદ્ગુરુ પરિચય, સદાચાર નિષ્ઠા અને આત્મજ્ઞાન
એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે.

આત્મલાભ માટે ધ્યાનાદિનો અભ્યાસ અનિવાર્ય છે.
પિંડસ્થ આદિ ધ્યેયોના ધ્યાનથી માંડીને
ન કિંચિદપિ ચિન્તયેત્ । પર્યંત ધ્યાનનો વિકાસ
ક્રમિક અભ્યાસ વડે થવો જોઈએ, તેને જ શાસ્ત્રીય
પરિભાષામાં 'સાલંબન' અને 'નિરાલંબન'થી સંબોધેલ છે.
Internal Harmony = 4th Dimension.
આપણી અંદર જ harmony ન હોવાના કારણે
વિશ્વની harmony પણ ક્યારેય અનુભવાતી નથી.
આપણને પ્રકૃતિ પ્રાપ્ત થતાં વિશ્વ પણ પૂર્ણ લાગશે.
Harmonyનો અનુભવ = 'સત્'નો અનુભવ.

છોટેરાં મહાવાક્યોના મહાન અર્થ

વેદનાં મહાવાક્યો શબ્દમાં સૌથી નાના છે છતાં અર્થમાં સૌથી
મોટા હોવાના કારણે 'મહાવાક્ય' કહેવાય છે. જેમ કે:
'अहं ब्रह्माऽस्मि ।', 'तत्त्वमसि ।'
'अयमात्मा ब्रह्म ।', 'प्रज्ञानं आनन्दं ब्रह्म ।'
તેમાં પણ સ્વનું સ્મરણ, ચિન્તન, ધ્યાન રહેલું હોવાથી
એ સર્વ એક પ્રકારનો સ્વાધ્યાય જ છે.
પરનું ચિન્તન, પરમનું સ્મરણ અને
પરમાત્માનું નામગ્રહણ - એ બધો સ્વાધ્યાય જ છે.

o I prescribe, He cures.

હું તો માત્ર ઔષધિ આપું છું,

સાજા અને સારા કરવાની શક્તિ 'તેની' છે.

સત્યમાં ઈશ્વરનો ભય રાખવો એ મહાન પુણ્ય છે.
ભયમાં વિષમતા રાખવી તે પાપ છે. પાપ તથા પુણ્યનો
આધાર ભય ઉપર છે, કેમકે આ સંસાર ભયમય છે.

સંસારમાં દુઃખરૂપી દાવાગ્નિ સર્વને બાળે છે.
મનથી સંસારનો સંબંધ છોડી દેવામાં આવે, તો જ
એ દાવાગ્નિથી બચાય અને શાંતિ અનુભવાય તેમ છે.
પ્રભુ સર્વત્ર છે, તેના બાળકો માગ્યા વિના શું ઈચ્છે છે,
તે જો તે ન જાણે, તો તે દેવ કેવા રીતે?

o નાના માણસોની મોટાઈથી સૌ સંભારે છે.
કીડી નાની છે, તેથી રોજ ખાંડ ખાય છે.
હાથી મોટો છે, તેથી તે રોજ ફટકા ખાય છે.

o

To love means to think of others,
to be kind, gentle, tolerant.
They are never alone that are
accompanied by noble thoughts.
Give and it shall be given unto you.

## આત્મા - પરમાત્મા અથવા જીવ - શિવ

પ્રત્યેક પ્રાણીમાં એક શક્તિ રહેલી છે, તે 'આત્મા' છે.
આત્માની અંદર વસે તે - આત્મીય.
તે શક્તિ સમસ્ત ચરાચર સૃષ્ટિમાં નિહિત છે, તેથી તેના
પ્રગટ - વ્યાપકરૂપને આત્મા નહિ પણ પરમાત્મા કહે છે.
તે વ્યાપકતાના કારણે જ જેમ માળામાં મણકા પરોવાયેલાં છે,
તેમ સમસ્ત પ્રાણી તેમાં પરોવાયેલ છે.
માળાનું સૂત્ર કે દોરી તે શક્તિ અને પ્રાણીગણ તે મણકા.
હું - મારું છે, ત્યાં સુધી અહંકાર છે. તે જીવનું લક્ષણ છે.
હું - મારાપણું ચાલ્યું જાય ત્યારે પ્રાણી પરમાત્મા બને છે.
જીવ જ્યારે શિવ થાય છે, ત્યારે
આત્મા અને પરમાત્મા વચ્ચેનું અંતર ભૂંસાઈ જાય છે.
જીવનો વિચાર કરવાનું સાધન મન છે.
અંતઃકરણની જેટલી પણ ઉથલપાથલ છે, તે મનની છે.
એ મન પોતાનું એક જુદું જ આંતરજગત રચે છે.
'એ આંતરજગત જ હું અને મારાપણાનું કારણ બની
જીવના અહંકારને સજીવન રાખે છે! આટલી સમજ આવી
જાય તો મન અને અહંકાર એક તમાશારૂપ લાગે છે.
શક્તિતત્ત્વ એ મન અને અહંકારથી ભિન્ન છે.

જે શક્તિની હયાતીમાં જીવ શિવ બને છે અને
જેના અભાવમાં શિવ શબ બને છે,
તે શક્તિમાં સુખ નહિ, દુઃખ નહિ, દર્દ નહિ, શોક નહિ.
તે શક્તિ પોતે મન - અહંકારના તમાશાથી અપ્રભાવિત
બનીને પોતાના અસ્તિત્વથી પોતાનું કાર્ય કર્યા કરે છે.
જ્યારે જીવ પોતે પોતાને મન અને અહંકારથી જુદો પાડવાનું
સામર્થ્ય મેળવી લે છે, ત્યારે તે તત્ત્વની નિકટ પહોંચે છે
કે જેને શક્તિ યા આત્મા તરીકે ઓળખાવવામાં આવે છે
અને જેના વ્યાપક સ્વરૂપને પરમાત્મા તરીકે કહેવાય છે.
મન અને અંતઃકરણની શુદ્ધિ એ જ શક્તિ છે.
તે શુદ્ધિ ત્રિકાળ - ત્રિસંધ્ય રાગ-દ્વેષ-મોહના પ્રતિકારસ્વરૂપ
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમનની ક્રિયાથી
પ્રાપ્ત થાય છે. મન - વચનની એકતા તે શક્તિ છે
અને મન - વચનની ભિન્નતા તે અશક્તિ - નિર્બળતા.
આસક્તિ અને સ્વાર્થબુદ્ધિ એકાર્થક છે.
મોક્ષમાં સ્થાયી સુખ છે. તેનું કેન્દ્ર લૌકિક સુખસામગ્રી
નહિ, પરંતુ સાધકની પોતાની આંતરિકશુદ્ધિમાં જ સુખ છે.
ત્યાગ, તપ, સંયમ અને આત્મભોગ શુદ્ધિના ઉપાય છે.
દમ - દાન - દયામાં પણ શુદ્ધિ અર્થે ઇંદ્રિયદમન મુખ્ય છે.

દમથી દાનની શુદ્ધિ અને દાનથી દયાની વૃદ્ધિ થાય છે.

ઈંદ્રિયદમન આત્મબળને વિકસાવે છે.

સાધકનો આત્મસંયમ પવિત્ર અને ઉત્તમ છે.

અસંયમ અપવિત્ર અને નિકૃષ્ટ છે.

ઈંદ્રિયો પ્રત્યે કઠોર બની શકનારો જ
બીજા પ્રત્યે ઉદાર બની શકે છે.

દયાહીન મહાપુરુષ રાક્ષસ છે.

જે કાંઈ દૈવત્વ, ઉન્નતતત્ત્વ કે મહત્તત્ત્વ વિશ્વમાં છે,
તે બધું અંતરાત્મામાં, મનુષ્યના ગુણાત્મામાં,
જીવના સહજ સ્વભાવમાં તો પહેલાંથી જ રહેલું છે.

મનુષ્ય મનુષ્ય નહિ પણ ઈશ્વરનું જ એક રૂપ છે.

પ્રેમ એ બીજાની સાથે જોડનાર હિતરસ છે.

પ્રેમ એ બીજાના ઘા રૂઝાવનાર હિતમલમ છે.

માનવજીવન વિશ્વહિતને માટે જીવવાનું છે.

સર્વને આત્મભાવ અને આત્મદૃષ્ટિએ જોવા તે
આપણા પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ઉત્તમ આદર્શ છે.
તેમાં જરાક ભેદું તે પણ એક પ્રકારની ચોરી જ છે.

आत्मोत्कर्षं न मार्गेत परेषां परनिन्दया ।
स्वगुणैरेव मार्गेत विप्रकर्षं पृथग् जनात् ॥१॥

(પરિશિષ્ટ-૧૫)

પ્રાણીમાત્રમાં આત્મા સમષ્ટિરૂપથી ફેલાયેલો છે.
અર્થાત્ સમસ્ત વિશ્વમાં પોતાનો પ્રભુ પથરાયેલો છે.
એ જ પ્રભુ સર્વ જીવોમાં વ્યાપીને રહેલો છે.
એ વિરાટ આત્માનો જ પ્રકાશ સર્વમાં રહેલો છે.
પોતાનો આત્મભાવ સર્વમાં વિસ્તારવો જોઈએ અને
સર્વથી પ્રેમનો દાયરો મોટામાં મોટો રાખવો જોઈએ.
'સહાનુભૂતિમાં સર્વ સાથે રહો પરંતુ વિચારમાં સર્વથી
સ્વતંત્ર રહો.' આ નિયમ સર્વ માનવોએ અનુસરવો.
તીર્થાનાં હૃદયં તીર્થં શુચીનાં હૃદયં શુચિઃ ॥ (પરિશિષ્ટ-૧૬)

## સંશય અને લાભ

જાણવા માટેનો સંશય જિજ્ઞાસારૂપ હોવાથી તારક તથા હિતકારક છે, કિન્તુ ન માનવા માટેનો સંશય નાશક છે. એક છે સત્યને ખોળવા, બીજો છે સત્યને ઇન્કારવા. સંશોધન માટેના તાર્કિક સંશયમાં નમ્રતા છે. અવિશ્વાસ-જનિત સંશય બૌદ્ધિક-તાર્કિક જિજ્ઞાસા બાળદાયા છે. બૌદ્ધિક અવિશ્વાસ અહિતકર - હાનિપ્રદ - મારક છે.

સર્વેષામેવ શૌચાનામર્થશૌચં પરં સ્મૃતમ્ ।
યોઽર્થે શુચિર્હિ સ શુચિર્ન મૃદ્વારિશુચિઃ શુચિઃ ॥
-મનુસ્મૃતિ-૫/૧૦૬ (પરિશિષ્ટ-૧૭)

## જ્ઞાનની પ્રાપ્તિનાં ૩ ઉપાયો

(૧) સદ્ગુરુયોગ (૨) ભગવાનની ભક્તિ (૩) બુદ્ધિપ્રતિભા.
જ્ઞાન લેવાની શિષ્યને જરૂરત હોય છે, તેથી અધિક
જ્ઞાની એવા ગુરુને જ્ઞાન આપવાની જરૂર હોય છે.
પાત્ર બનવાથી ગુરુ સ્વયંમેવ સામે ઉપસ્થિત થાય છે.
પાત્રતા વધારવા માટેનું સાધન સદ્ગુરુનો વિચાર છે.
નિરૂપાધિસ્થિતપ્રજ્ઞને મુક્તિ, સહજ સ્થિતિ સહજ મળે છે,
સ્થિતપ્રજ્ઞ થવું = મોટા થવું એ નહિં, લઘુતમ બનવું તે છે.

## સાધુ અને શ્રાવકમાં શું ફેર ?

સર્વને અભય દેવાની અભિલાષાવાળો શ્રાવક છે.
સર્વ જીવોને અભયને દેનારો સાધુ છે.
અભયદાન દેવાની અભિલાષા નથી, તેનામાં દેશવિરતિ
કે સમકીતના પરિણામ નથી. જે સર્વને અભયદાન દેતો
નથી, તે જીવ સર્વવિરતિ ગુણસ્થાનકને પામેલો નથી.

## રત્નત્રયનું ઝળહળ તેજ

જ્ઞાન મંગળ છે, દર્શન ઉત્તમ છે, ચારિત્ર શરણ છે.
જ્ઞાનથી રાગ જાય છે, તેથી સ્વદોષ દર્શન થાય છે.
દર્શનથી દ્વેષ જાય છે, તેથી સર્વમાં પરગુણદર્શન થાય છે.
ચારિત્રથી મોહ જાય, તેથી પ્રભુઆજ્ઞાનું પાલન થાય છે.

## અષ્ટાંગ યોગમાં...

(૧) આસન અને પ્રાણાયામની સિદ્ધિ
સ્મૃતિવૃત્તિનો નિરોધ, અન્નમયકોષની નિર્દોષતા આવે.
પ્રાણાયામનો પ્રભાવ જાગ્રત અવસ્થા ઉપર થાય.

(૨) પ્રત્યાહાર અને ધારણાના અભ્યાસથી
નિદ્રાવૃત્તિનો નિરોધ, પ્રાણમયકોષની નિરાબાધતા આવે.
પ્રત્યાહારનો પ્રભાવ સ્વપ્નાવસ્થા ઉપર થાય.
પ્રત્યાહાર = પાછું ખેંચી લેવું - વહી જવું, ઈંદ્રિયદમન કરવું.
ધારણાનો પ્રભાવ સુષુપ્તાવસ્થા ઉપર થાય.

(3) ધ્યાન કરવાથી વિકલ્પવૃત્તિનો નિરોધ થાય અને
મનોમયકોષની નિર્દોષતા બને.
ધ્યાનનો પ્રભાવ મૂર્છાવસ્થા ઉપર થાય.

(૪) સમાધિથી વિપર્યયવૃત્તિનો નિરોધ થાય અને
વિજ્ઞાનમયકોષની નિરાવરણતા બને.
સમાધિનો પ્રભાવ મૃત્યુ ઉપર થાય.

o બુદ્ધિ દ્વારા વિચાર અને જ્ઞાન થાય છે.
મન દ્વારા ઈંદ્રિયોનો વ્યાપાર ચાલે છે.
ચિત્ત દ્વારા ભાવ તથા વાસના પોષાય છે.
પ્રાણ દ્વારા સુખ-દુઃખોપભોગ થાય છે.

## શરીરમાં રહેલા ૭ ચક્રોના કાર્ય

(૧) મૂલાધારચક્રની ઉત્તેજનાથી વીર્યની સ્થિરતા અને ઊર્ધ્વરેતાપણું આવે. (૨) સ્વાધિષ્ઠાનચક્રની ઉત્તેજનાથી પ્રેમ-અહિંસાના લાભ જાગે તથા રોગ-પાપ દૂર થાય. (૩) મણિપૂરચક્રની ઉત્તેજનાથી શારીરિક-માનસિક દુઃખની અલ્પતા અનુભવાય અને ભેદજ્ઞાનની અનુભૂતિ થાય. (૪) અનાહત કે હૃદયચક્રની ઉત્તેજનાથી મનન શક્તિ કેળવાય તથા સક્રિયતાથી રોગપ્રતિકારક શક્તિ વધે. (૫) વિશુદ્ધ કે કંઠચક્રની ઉત્તેજનાથી વિષયોની વિસ્મૃતિ તથા અવાજની દરેક સમસ્યા દૂર રહે. (૬) આજ્ઞાચક્રની ઉત્તેજનાથી શરીર ઉપર પ્રભુત્વ આવે તથા નસ-નાડીની સ્વાધીનતા આવવાથી ચિન્તા-તાણ તથા સાંધાથી રહે. (૭) સહસ્રારચક્રની ઉત્તેજનાથી સમસ્ત શક્તિઓનું કેન્દ્ર સક્રિય બને તથા કંપવા-અલ્ઝાઈમર રોગો દૂર થાય.

ॐ

० सुख पर तो शिला पडो प्रभु गुन सुख सें जाय।
बलिहारी हो दुःख की पल पल प्रभु मन आय॥

પીપળ પાન ખરંતા હસતી કૂંપળિયાં,
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયાં.

- ડાહ્યાભાઈ ધોળશાજી

अक्षीणो वित्ततः क्षीणः वृत्ततस्तु हतो हतः । महर्षिः

વિત્તની ઉપાસના વૃત્તને ભોગે ન થવી જોઈએ.

વર્તવું તે વૃત્ત, એકઠું કરવું તે વિત્ત.

આખરે વિત્ત નહિ પણ વૃત્ત જ કામ આવે છે.

દુઃખ ભરેલા મહાસાગરનો અંત એનો પોતાનો દુઃખ લાવે છે.

વિચારસરણીઓ વર્તુળના પ્રદેશમાં રહે ત્યાં સુધી વ્યર્થ છે.

જે કાંઈ વાત કરો તે જીવનમાં જીવવાની કરો,

જેથી તમારું આખું ય જીવન સાર્થક થાય.

o

Willing is of greater use than will.
Will is personal, while
willing is impersonal.
It is a choice to the will of God.
Bit tract peace as I give peace.
my peace is part of world's peace.
God's will is always good.
As we pray to be forgiven and
to forgive, we pray to continue to
grow in love. When we love enough,
there will be nothing to forgive.

# સ્મૃતિ અને બુદ્ધિ

સ્મૃતિનો બુદ્ધિ સાથે ગાઢ સંબંધ છે.
સ્મૃતિની જેમ બુદ્ધિ જીવની સાથે જોડાયેલા રહે છે.
સ્મૃતિનો ઉત્તમ વ્યાપાર નામસ્મરણમાં અને
ઈશ્વર સાથે તન્મય થવામાં કરવો જોઈએ.
એ રીતે પુષ્ટ કરેલા સ્મૃતિ ત્રિકાળમાં સટેલાઈટ ફરી શકે
અને બુદ્ધિ પણ ઈંદ્રિયોથી પર રહીને અને ત્રિગુણોથી
અતીત બનીને જે શેષ છે, તેની સાથે એકાકાર બને.
આપણા જીવ જેવો જ જીવ બધા પ્રાણીઓમાં રહેલો
છે, તેવું જ સમજાય અને સૌ પ્રત્યે દયાભાવ જ થાય,
ત્યાં સુધી આપણો આત્મા શુદ્ધ સ્વભાવમાં આવ્યો નથી.

૦ કાચા કાયો કુંભ છે, જીવ મુસાફર પાસ,
તારી ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોચ્છવાસ.

૦ રામ ઝરૂખે બૈઠ કે, સબ કા મુજરા લેત...
જૈસી જિન કી ચાકરી, તૈસી તિન કો દેત.

૦ સંગત કીજે સંત કી, હરે મન કી વ્યાધિ...
સંગ ન કીજે નીચ કા, આઠો પ્રહર ઉપાધિ.

૦ મૈં અપરાધી જનમ કા નખ-શિખ ભરા વિકાર,
તુમ દાતા દુઃખભંજના મેરી કરો સંભાર.

## અહિંસા અને અનેકાંત

અહિંસાના વિચારને માનવના હૃદયના સ્પંદન સાથે તથા
અનેકાંતને માનવબુદ્ધિમાં પેદા થતાં તર્ક સાથે સંબંધ છે.
એકમાંથી પ્રેમ અને કરુણા નિર્ઝરિત થાય છે, જ્યારે
બીજામાંથી બૌદ્ધિક ઔદાર્ય - સત્યાગ્રહિતા અભિવ્યક્ત થાય.

જ્ઞાન = આંતરચેતનાની જાગૃતિ.

ક્રિયા = અહિંસા, સંયમ, તપ ઉપર આધારિત જીવનચર્યા.
બંનેની સાધના દ્વારા માનવ પરમ ઉત્કર્ષ સાધી શકે છે.
અહિંસા અને અનેકાંત હળીમળીને રહેવાનું શીખવે છે.
તે પરસ્પરના જીવન તથા વિચારોનો આદર કરવાનું કહે છે.

અહિંસા અને અનેકાંત વડે
ઉર્ધ્વચેતનાના આવિર્ભાવ દ્વારા
સૌ સાધકોને પરમતત્ત્વની અનુભૂતિ થાય છે.

## તપથી આધ્યાત્મિક ઉત્કર્ષ

ઉપવાસાદિ દ્વારા દેહદમન તે બાહ્ય તપ કહેવાય છે.
ધ્યાન, પ્રાયશ્ચિત, વિનય, સેવાસુશ્રૂષા અને સ્વાધ્યાય
દ્વારા ચિત્તનું સંશોધન તે આભ્યંતર તપ કહેવાય છે.
બંને તપની પ્રકૃષ્ટ આરાધના મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.
બાહ્યાભ્યંતરતપ વિના આધ્યાત્મિક ઉત્કર્ષ અશક્ય છે.

# વિજ્ઞાન અને અધ્યાત્મ

અધર્મ = જેનો કેવળ દુરુપયોગ છે તે.

ભક્તિ = જેનો કેવળ સદુપયોગ જ છે તે.

શક્તિ = જેનો સદુપયોગ અને દુરુપયોગ બંને થઈ શકે તે.

જ્ઞાન, ધ્યાન, ધર્મ કે વિજ્ઞાન કેવળ શક્તિરૂપ હોવાથી તે સર્વનો દુરુપયોગ અને સદુપયોગ બન્ને થઈ શકે છે.

સદુપયોગ - દુરુપયોગ બન્ને થાય તે વિજ્ઞાન છે.

કેવળ સદુપયોગ જ થાય તે અધ્યાત્મ છે.

શક્તિ કેવળ પરમાત્માની છે,

મનુષ્ય તો માત્ર ભક્તિ જ કરી શકે છે.

'ભક્તિ' એટલે પ્રભુકૃપાની ઉપભૂંજણા કે પ્રશંસા.

બાળક દ્વારા પોતાના સારાં કર્મ માટે થતી પ્રશંસા જેમ પોતાને પ્રેરણા આપે, તેમ બાળકના સત્કર્મની પોતાના દ્વારા પ્રશંસા થાય તો બાળકને પણ પ્રોત્સાહન મળી શકે. સમાજમાં પોતાની પ્રતિષ્ઠાર્થે પ્રશંસા જેટલી ત્યાજ્ય છે, તેટલી જ સત્કર્મના પ્રોત્સાહન માટે તે આવશ્યક છે.

0 જૈન ધર્મ પ્રમાણે નવકાર મંત્રના જપથી કર્મની નિર્જરા થઈ શકે છે અને હિન્દુ ધર્મ પ્રમાણે રામનામના જપથી આત્મા ઈશ્વરની સાથે એક થઈ જાય છે.

ॐ नमः

Let us make a joyful noise
to Him with songs of praise.

મૂર્ખ સજ્જનની પ્રાપ્તિની એમ દુર્જનતા જેને અંતરથી
પ્રિય છે, તેવો મૂર્ખ દુર્જન મનથી પણ દુર્બલ છે.
ચિત્તસમાધિનું કારણ પરિસ્થિતિ નહિ પણ પ્રસન્નતા છે.
પ્રસન્નચિત્ત સાધક દરેક પરિસ્થિતિમાં સહજ શાંત બને.

પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ।

મનુષ્યજન્મ કઠિન કાર્યને પાર પાડવાથી જ સફલ બને છે.

## શ્રદ્ધાદિ યોગનો ક્રમ

શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ, પ્રજ્ઞા અને યોગ એ ક્રમ છે.
સ્મૃતિ એટલે આત્મસ્મૃતિ તથા સમાધિ એક વૃત્તિ છે.

યોગ એ સહજ સ્થિતિ છે.

યોગ = વૃત્તિનિરોધ અથવા સ્વરૂપાવસ્થાન.

## ૪ એષણાને જીતવાના ૩ ઉપાય

પુત્રૈષણા તથા દારૈષણાને જીતવાનો પ્રથમ ઉપાય છે
માતૃવત્પરદારેષુની ભાવના, વિત્તૈષણાને જીતવાનો ઉપાય
છે પરદ્રવ્યેષુ લોષ્ઠવત્‌ની ભાવના અને લોકૈષણાને
જીતવાનો ઉપાય છે આત્મવત્ સર્વભૂતેષુની ભાવના.

એ રીતે ત્રણે એષણાનું આમૂલાગ્ર પરિવર્તન કે રૂપાંતર ઉપરોક્ત અહીં પ્રકારની ભાવનાની અપેક્ષા રાખે છે એ પછી તે એષણાઓ આપોઆપ જ ચાલી જાય છે. કામૈષણા જેટલી જુની છે, તેટલી પુત્રૈષણા જુની નથી. પરપીડા જેટલી વર્જ્ય છે, તેટલો પરોપકાર ઉપાદેય છે. કામવાસના, અર્થવાસના અને ભોગવાસના સંપૂર્ણ નષ્ટ ન થાય ત્યાં સુધી માનવજીવનવિકાસ માટે ન્યાયસંપન્ન વિવાહ, ન્યાયયુક્ત અર્થોપાર્જન, ન્યાયયુક્ત પરપ્રોત્સાહનની આવશ્યકતા રહેલી છે, પરન્તુ વાસનાઓ સંપૂર્ણ નષ્ટ થયા પછી તે ત્રણેની પણ આવશ્યકતા રહેતી હોતી નથી. વાસના ચિત્તને અશાંત કરે, પ્રેરણા શાંતિદાયક બને છે. વાસનાથી ચિત્ત ઉપર બોજ વધે, પરમાત્માની પ્રેરણા વડે સાધકના ચિત્ત ઉપરનો ભાર હલકો થઈ જાય છે. વાસનાને સુધારવી તે પ્રથમ ધ્યેય છે. વાસનાથી મુક્ત થવું તે અંતિમ ધ્યેય છે. વાસનાની મુક્તિ થવી એટલે દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિમાં મારાપણાની બુદ્ધિ છુટી જવી તે. વાસનાનું રૂપાંતર = દેહ, ઇંદ્રિયાદિ મારા છે એ વિચાર.

પહેલાં બધાના દેહાદિમાં મારાપણાની બુદ્ધિ આવી પછી મારા દેહાદિમાં પણ પરાયાપણાની બુદ્ધિ એ ક્રમ છે.

સમષ્ટિ બોધ = Universal consciousness.

વ્યક્તિત્વ બોધ = knowledge of personality.

આત્મબોધ = અહમસ્મિ ઇત્યાકારકા બુદ્ધિઃ | અહમ્ ઇતિ:

'હું છું' એવી બુદ્ધિ. ઉપરના ત્રણે ય બોધ પશુમાં નથી.

પરમાત્મા એ વિરાટ આત્માનું દર્શન તે અભેદદર્શન છે.

જગતનું દર્શન તે અભેદમાં ભેદનું દર્શન છે.

ભેદ કલ્પિત છે, અભેદ વાસ્તવ છે.

| જાગ્રત | સ્વપ્ન | સુષુપ્તિ | તુરીય |
| --- | --- | --- | --- |
| અ | ઉ | મ | અમાત્ર |

બધા પરિવર્તનોને જાણનારો સદા અપરિવર્તનીય છે.

જાણનારો પણ પરિવર્તનીય હોય, તો

'બધા વસ્તુ પરિવર્તનીય છે'

આવો અપરિવર્તનીય નિયમનો બોધ કોણ કરી શકે?

કપાળે ક્રોધ, ગળે માન, હૃદયે માયા જાણ,

આખા અંગે લોભ, એ કષાયવાસ પ્રમાણ.

To open means સાચી શ્રદ્ધા - સમર્પણપૂર્વક ભક્તિ,

શરણાગતિ, બહુમાન, આજ્ઞાપાલન, કૃતજ્ઞતા કેળવવા.

આયા ગુરવો સત્થં તિપક્ખયા વાદિણોઽવિય જિણસ્સ

સપક્ખવક્ખવત્તાણઓ સીસાણ ઉ તિપ્પયારીવિ || (૨૨૪૧)

(પરિશિષ્ટ-૧૮)

मनस्यन्यद् वचस्यन्यत् कार्येऽन्यद् दुरात्मनां ।
मनस्येकं वचस्येकं कार्येकं महात्मनां ॥ (परिशिष्ट-१९)

સત્ય એ ઈશ્વર છે, જૂઠ એ માયા છે.
ઈશ્વર નિરંતર છે, માયા અનિરંતર છે.
સત્યનું પ્રતિપાદન એ ઈશ્વરની સેવા છે.
અસત્યનું ઉચ્ચારણ એ માયાની ઉપાસના છે.
નિગ્રહ એ શક્તિઓનો સંગ્રહ છે.
મનોનિગ્રહથી મનની શક્તિનો સંગ્રહ થાય છે અને
ઇંદ્રિયનિગ્રહથી ઇંદ્રિયોની શક્તિનો સંગ્રહ થાય છે.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिं ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥

यस्तु सम्यग् बहुभाषते तत्र स वाग्मी ।
कुत्सित इति वाचालः । (परिशिष्ट-२०)

સત્ય વચન એટલે Promise, true advise and word of the omniscient.

न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति ॥
त्यागात् शांतिः ।

જ્યાં કર્મ છે પણ તેના ફળનો ત્યાગ છે, ત્યાં તો પછીથી પરમ શાંતિ છે. ફળાકાંક્ષાનો ત્યાગ તે શાંતિનું બીજ છે.

કર્મ કરનાર પોતાને કર્મથી અલગ માને,
તો જ શાંતિનો અનુભવ કરી શકે.
શુભ કર્મ કર્મ છે, અશુભ કર્મ એ વિકર્મ - કુકર્મ છે.
અશુભ કર્મ ફળાશંસા વિના થઈ શકતું જ નથી.
શુભ કર્મ જ નિરાશંસભાવવાળું બની શકે છે.

કલ્પવૃક્ષ, કામધેનુ, ચિન્તામણિ

આ વિશ્વ કલ્પવૃક્ષ - કામધેનુ - ચિન્તામણિ છે, કેમકે
મોક્ષ મેળવવાનો રસ્તો આ વિશ્વમાંથી જ પસાર થાય છે.
આ વિશ્વમાં જે પવિત્ર રહેશે, તે બચશે તથા બચાવશે,
તે જીવશે તથા જીવાડશે, તે જીતશે તથા જીતાડશે.

Every gland, organ and cell
is intelligent, quickly
responsive to your mind.
The closer one lives to God,
the purer one becomes in
mind, heart and environment.
The true fast symbolized by
noneating is the fast of the
mind from wrong thoughts.

o As personality decreases
God increases.
The breath of the Almighty is
never withdrawn from us.
It flows through us as
freely in one location
or climate as in another.
Thou wilt keep him in perfect
place whose mind is stayed on thee.
I can of my ownself do nothing
God that dwelleth in me,
doeth the works.
Cleanliness and Godliness
are inseperable. Cleanliness is
nearest to Godliness. શૌચં ધ્યાનસેતુઃ ।
નમો અરિહંતાણંના જાપ સાવધાનતાથી શરૂ કરવા.
Awareness - જાગૃતિ, સાવધાનતા.
Awareness is a tool to Celibacy.
સદ્ગુરુ: સાવધાનતા એ બ્રહ્મચર્યપાલનનું સાધન છે.

જેવું ચિન્તન થાય તેને પમાય, જેવું ચિન્તન તેવા બનાય.
જો સુખ ચાહતા હો તો દુઃખનું ચિન્તન છોડી દો.
વૈભવ પ્રાપ્ત કરવો હોય તો નિર્ધનતાના વિચારો છોડી દો.
તમે જે નહિ ચાહતા તેનો વિચાર પણ મનમાં ન લાવો.
તેનો વિચાર આવે તેવી ક્રિયા
મન, વચન અને કાયાથી કદી પણ ન કરો.
સંસારની પ્રત્યેક પરિસ્થિતિ પરિવર્તનશીલ જ છે,
ત્યારે જીવનમાં સમભાવ રાખવો એ જ ઉચિત છે.
કર્મરૂપી વનને બાળવા સમભાવરૂપી તપ દાવાનળ છે.
કામદેવરૂપી શત્રુનો નાશ કરવામાં ઇચ્છા અવરોધ છે.

तवेसु वा उत्तमं बंभचेरं ।

सवणे नाणे विन्नाणे पच्चक्खाणे य संजमे ।
आणाए य तवे चेव वोदाणे अकिरिया सिद्धि ॥

प्राप्तं प्रापणीयम् । क्षीणाः क्षेतव्याः क्लेशाः ।
छिन्नः श्लिष्टपर्वा भवसंक्रमः । (પરિશિષ્ટ-૨૧)

શ્રદ્ધાથી વિશ્વાસ અને વિશ્વાસથી આહ્લાદ આવે છે.
શ્રદ્ધા એટલે સત્યનો પ્રેમ, તીવ્રરુચિ, આચરણની ઉત્કંઠા.
૦ રાગથી થતાં સ્મરણમાં નિમિત્ત સુખ હોય, દ્વેષથી
થતાંમાં નિમિત્ત દુઃખ, મોહથી થતાંમાં નિમિત્ત અવિવેક છે.

મિત્ર = સમદર્શિતા | વરુણ = શ્રેષ્ઠતા | ૐ = રક્ષકતા |

અર્યમા = ન્યાયસંપન્નતા | સવિતા = સ્વચ્છતા |

ઈંદ્રિયોથી થનારૂં જ્ઞાન પ્રાક્ચૈતન્ય છે, જ્યારે

પ્રણિધાનથી થનારૂં જ્ઞાન પ્રત્યક્ચૈતન્ય છે.

જપની સંખ્યા જેટલી વધે, તેમ ધ્યાનની માત્રા વધે છે.

મૈત્ર્યાદિ ભાવોથી ચિત્તમાં ઉત્તમ શાંતિનો લાભ થાય.

મૈત્રીભાવથી ચિત્તમાં ક્રોધાદિ કષાયોનો અભાવ થાય છે.

## સ્થૂલ - સૂક્ષ્મ ક્લેશો તથા કામવિજય

સ્થૂલ ક્લેશોની નિવૃત્તિ શુદ્ધ વિચારથી થાય છે તથા

સૂક્ષ્મ ક્લેશોની નિવૃત્તિ ધ્યાન-ચિત્તની એકાગ્રતાથી સિદ્ધ થાય.

બહુ પુસ્તકો વાંચવાથી જ્ઞાન આવે- વૈરાગ્ય આવતો નથી,

માટે જ્ઞાનની ભક્તિ વડે વૈરાગ્યને દૃઢ કરવો જોઈએ.

ભક્તિ વિનાનો યોગ શરીરમાં રોગને ઉત્પન્ન કરે છે.

શરીરના ડાબા અંગમાં પાપ રહેલું છે,

માટે દાન આપવા કે લેવાનું કામ ડાબા હાથે થતું નથી.

જે મન-ઈંદ્રિયોને વિષયો તરફથી પાછા વાળી પરમાત્મા

તરફ લઈ જાય છે, તેને કદી કામનો ભય રહેતો નથી.

કામ ઉપર વિજય મેળવવા માટે

પાંચે ઈંદ્રિયો ઉપર વિજય મેળવવો આવશ્યક છે.

A mind that is free from the
bondage of beliefs, authority and
ambitions is creative. Let's Come
into his presence with thanksgiving.
If we are inclined to worry,
we can usually find
something to worry about.
We need never fear that
change in the outer can
in any way take away our good
or lessen the power of God,
who is unchanging good.
give & it shall be given unto you.
Every one of us needs to be needed.
what do you have to give?
The greatest gift in
the world is yourself.
This self is god in expression.
Silent meditation and prayer are

as necessary to our wellbeing as
air or food or sleep to our body.
one who is humble is receptive
to the love & wisdom of god and
of others. The Spirit of humility
or meekness opens the mind
to an inflow of cleansing and
enlightening truth ideas.
The greater love and service we
give to god & our fellowmen, the more
we will receive of love & service.
whatever you ask in prayer, believe
that you receive it, and you will.
you shall love the Lord with your
heart-Soul-mind. Subconscious
acceptance and conviction bring
peace of mind, power protection,
harmony in our affairs and
fulfillment of our every desire.

## ખરી ધર્મસાધના માટે જરૂરી છેઃ

બુદ્ધિ, સમજ, ધૃતિ, અભ્યાસ, એકાગ્રતા, ચિત્તપ્રસન્નતા.

પ્રસન્નચિત્તતા ઉપરાંત એકાગ્રતા સાથે સાવધાનતાની જરૂર ૨૪ કલાક હોય છે. પ્રભુનામની ઋદ્ધિ તે સર્વ સરળ બને છે. એકાગ્રતા અને મનેકાગ્રતા એ બન્ને શક્તિ છે, માટે જે પ્રકારે તેના ઉપયોગ છે. સાવધાનતા એ ભક્તિ છે, તેથી તેનો માત્ર સદુપયોગ જ કરાય છે.

## બદ્ધમન, સ્વૈરમન, મુક્તમન

મનના ઉપરોક્ત ૩ મુખ્ય પ્રકાર હોય છે, એમાં

બદ્ધમન એટલે એષણાઓ તથા કષાયોથી બંધાયેલું મન.

સ્વૈરમન એટલે કોઈપણ જાતના કાબુ વગરનું મન.

આકાશ બહારથી વ્યાપક છે અને અંદરથી શૂન્ય છે.

મુક્તમનની સ્થિતિ પણ આકાશ જેવી જ છે.

વર્ષાદ પડે, વાદળ આવે, ધૂળ ભરાય કે ભારે પવન વાય, સૌને આકાશમાં અવકાશ છે, આકાશને કોઈનો ય લેપ નથી.

મુક્તમનમાં પણ બધી વસ્તુ આવે ને જાય, કિન્તુ તેનો લેપ કે રાગ-દ્વેષ ન થાય, એ સ્થિતિ આદર્શ છે. બધાને તે સ્થિતિ એકદમ જ આવી જાય તેમ ન બને પણ બધાનો આદર્શ તે સ્થિતિ બને, તે જ ઇષ્ટ ગણાય.

ॐ नमः

## જૈનદર્શન પ્રમાણે યોગના ૫ અંગો

પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ તથા વિનિયોગ.

પ્રણિધાન = Definiteness of purpose.
પ્રવૃત્તિ = Concentration of efforts.
વિઘ્નજય = Persistence in efforts.
સિદ્ધિ = Success in all efforts.
વિનિયોગ = Inevitable appropriation.

By giving warmth & understanding to another, they will be reflected back to you. By being more loving, you will become more loveable.

Through the study of truth,
affirmative prayer, meditation and
consistent right thinking,
with God's almighty power,
we can gain conscious oneness.

## The secret

The secret about God's name is that it brings together self & God.

પાપના ૩ કારણો: તામસિક ચીજો, કષાયો તથા આકર્ષણ.

બધી તામસિક ચીજો રાત્રિસ્વરૂપ છે અને તે ચૈતન્ય, બોધ અને સક્રિયતાને નિશ્ચેષ્ટ કરી આનંદ આપે છે. કામવાસનાનો, મદ્યપાનનો નશો જુગાર ખેલવાનો આનંદ આળસ અને પ્રમાદજનિત છે, તેથી રાત્રિ છે અને તે આનંદ બધા જ પાપોના ઉદ્‌ગમ સ્થાનરૂપ ગણાય છે.

આવે કષાયો શેના ફળરૂપ ?

કામ એ વીર્યશક્તિના અભાવનું પરિણામ છે.

ક્રોધ એ સ્નેહશક્તિના અભાવનું ફળ છે.

લોભ એ સંતોષશક્તિના અભાવનું પરિણામ છે.

મોહ એ જ્ઞાનશક્તિના અભાવનું ફળ છે.

પાપનું ત્રીજુ ઉત્પત્તિ સ્થાન આકર્ષણ છે.

તે મરૂમરીચિકા રૂપે છે, એમાં તૃપ્તિનો સદંતર અભાવ છે. સંકલ્પ = ભાવાત્મક મનની શક્તિ. સંકલ્પશક્તિમાં જ પાપના ત્રણે ઉત્પત્તિ સ્થાનને દૂર કરવાનું બળ છે. ભેંસ અને હંસમાં ભેદ પાડનાર સંકલ્પશક્તિ છે. હંસ ધૂળનો એક કણ પણ તન ઉપર બેસવા દેતો નથી, જ્યારે ભેંસનો જીવ તો કીચડમાં જ આનંદ માને છે.

પાપ એ કીચડ સમાન છે, જ્યારે
તેને તજવાનો સંકલ્પ એ ભાવાત્મકશક્તિ છે.

यस्य चित्तं निर्विषयं हृदयं यस्य शीतलम् ।
तस्य मित्रं जगत् सर्वं तस्य मुक्तिः करे स्थिता ॥

<u>અર્થ</u>: જેનું ચિત્ત કામ તથા હૃદય ક્રોધ વિવર્જિત છે, જગત તેનું મિત્ર છે અને મુક્તિ તેની હથેળીમાં છે.

ક્રોધ જવાથી મૈત્રી અને કામ જવાથી મુક્તિ મળે છે. ક્રોધ સ્નેહાભાવનું તથા કામ એ વીર્યના અભાવનું ફળ છે. સત્ક્રિયાથી વીર્ય વધે છે અને સત્સંગથી સ્નેહ વધે છે. જ્ઞાનશક્તિ સત્ક્રિયા અને સત્સંગને પુષ્ટ કરે છે,

તેથી જ્ઞાન મેળવવા સતત પ્રયત્ન કરવો.

પાપમાત્રનું મૂળ અજ્ઞાનનો સદ્ભાવ છે.

ધર્મમાત્રનું મૂળ જ્ઞાનનો સદ્ભાવ છે.

<u>પ્રત્યેક વિચાર ક્રિયાના રૂપમાં પરિણમે છે.</u>

પ્રબળ <u>અશુભ વિચાર કરતાં</u>

<u>નિર્બળ પણ શુભ વિચારમાં અનંતગણું બળ રહેલું છે.</u>

આ એક સત્ય વિધાન છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારનો પણ આકાર રચાય છે અને તે મુજબ કાર્ય બને છે. વિચારોનું ઉત્પત્તિ સ્થાન મન-ચિત્ત-બુદ્ધિ-અહંકાર છે. તેને શુદ્ધ કરવાનું સોપાન જીવરાશિ પ્રત્યેનો ભાવ કે સ્નેહપરિણામ છે, જે શુદ્ધ અંતઃકરણની નિશાની છે.

પહેલાં સત્યગ્રાહી બનો પછી સત્યાગ્રહી બનો.

પ્રત્યેક જીવમાં ગુણ અને દોષ બન્ને હોય છે.
દોષ મારવાના છે, ગુણ જગાવવાના છે.
આંખને માયા તુરત દેખાય છે, કેમકે ઇંદ્રિયોનો સ્વભાવ
જ વિષયાભિમુખ છે. ઇંદ્રિયોથી મળતું જ્ઞાન સાચું નહિ,
તે માત્ર આકારનું જ છે, અંદર રહેલા આત્માનું નહિ.
આત્મ તત્વ મંગળમય, ગુણમય છે.
નામસ્મરણ એ ઈશ્વરનિષ્ઠાનું બીજું નામ છે.
નામસ્મરણ ક્રિયારૂપ હોય, ત્યાં સુધી તે તાત્વિક નહિ.
તાત્વિક નામસ્મરણ અક્રિયાત્મક સહજ ભાવસ્વરૂપ છે.
ક્રિયાત્મક અતાત્વિક નામસ્મરણનું તે તાત્વિક ફળ છે.
ચિંતામુક્તિ ગુણ છે, કિન્તુ ચિંતનશૂન્યતા એ ગુણ નહિ.
Like attracts likeના નિયમ મુજબ વિચારોમાં
સજાતીય વિચારોને આકર્ષવાનું ચુંબકત્વ રહેલું છે.
વિચારોમાં શુદ્ધતાની સાથે એકાગ્રતા - દૃઢતા ભળે ત્યારે
એ વિચારોનું બળ અસાધારણ રીતિએ વધી જાય છે.
mental force ઉપર બળવાન spiritual force છે.
આત્માનું નિશ્ચયબળ એ સૌથી ચઢીયાતું બળ છે.
બુદ્ધિપૂર્વકના નિશ્ચયને ડગાવવાની શક્તિ કોઈમાં નહિ.

શિરોહી, જેઠ સુદ-૨, સં. 2023, શુક્ર, 9-6-1967

હૃદય શુદ્ધ કરી આરસી ત્યાં પ્રકાશ પ્રકટશે.

માનવજીવનનું ધ્યેય ચિન્મય સાથેની એકતા છે.

જીવમાત્ર પ્રત્યેનો આદર એ
સમગ્ર નૈતિક આચરણનું મૂળભૂત સ્વરૂપ છે.

જીવમાત્ર પ્રત્યે રોજ ફરી અધિકાર સંવેદનશીલ બનો.

## અરિહંતાકાર ઉપયોગ

અરિહંત આકાર ઉપયોગમાં ઉપયોગના વિષયભૂત અરિહંત ધ્યેય છે, ઉપયોગવાન જીવ ધ્યાતા છે અને ઉપયોગ ક્રિયા એ ધ્યાન છે. ધ્યેયમાં ધ્યાતાનો ઉપયોગ એ ધ્યાન છે. ધ્યાન સમયે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણેની એકતા થાય છે. તેનું જ નામ 'સમાપત્તિ' છે. ઉપયોગ એ આગમ છે અને તેમાં વર્તવું તે ભાવ છે. અરિહંતના ઉપયોગમાં વર્તતો જીવ અરિહંતસ્વરૂપ બને છે.

આગમથી ભાવનિક્ષેપે અરિહંત તે
અરિહંતના ઉપયોગમાં વર્તતો જીવ છે, કેમકે તે વખતે પણ ધ્યાતા, ધ્યેય, ધ્યાન - એમ ત્રણેની એકતા થાય છે.

એકતા, સમાપત્તિ, સમરસાપત્તિ વગેરે
એક અર્થને કહેનારા શબ્દો છે.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા કરતા થકો તીક્ષ્ણ
ઉપયોગ અને તે ઉપયોગ કરતા થતાં સ્વરૂપ લક્ષમાં
પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણેની એકતા સધાય છે,
તેથી જીવ અરિહંતના ઉપયોગમાં જેટલીવાર રહે છે
તેટલીવાર તે અરિહંતસ્વરૂપ બને છે.
તે ઉપયોગ ભાવસંવરરૂપ હોવાથી અત્યંત ઉપાદેય છે.
<u>અરિહંતાકાર ઉપયોગ અભવ્યને પણ સંભવે</u> છે.
અભવ્ય પણ વિંશતિસ્થાનક તપની આરાધના કરે છે,
તે વખતે અરિહંતાદિ આકાર ઉપયોગરૂપે થાય જ છે,
છતાં તેમનો તે તપ મોક્ષહેતુક થતો નથી.
તેમાં કારણ તેનું જ્ઞાન ધ્યાનમાં પરિણત થતું નથી.
વિષયની જેમ પણ આત્માની સમાપત્તિ થતી નથી.
વિષયની સમાપત્તિ આગમથી ભાવનિક્ષેપરૂપ બને છે પણ
આત્માની સમાપત્તિ તો તાત્ત્વિક ભાવરૂપ જ હોય છે.
આત્મદ્રવ્યનું તે ભાવરૂપે પરિણમન સમાપત્તિ છે.
ભવ્યને જ દ્રવ્ય - ગુણ - પર્યાયથી સમરસાપત્તિરૂપી
સમાપત્તિ થાય, મિથ્યાદૃષ્ટિ અભવ્યને નહિ.
'તત્ત્વથી આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે'
એવી શ્રદ્ધા, એવું જ્ઞાન અને એવી પરિણતિ

અભવ્ય જીવને અસંભવિત છે, તેથી ભવ્યની સમાપત્તિ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા વડે એકત્વરૂપ બનીને આત્માની મુક્તિનું તે મુખ્ય કારણ થાય છે.

અરિહંતાકાર ઉપયોગ તાત્ત્વિક સમાપત્તિરૂપ બનીને ભવ્ય જીવોના આત્માને તે મુક્તિદાયક બને છે.

આગમથી દ્રવ્યનિક્ષેપ જ્ઞાતા અનુપયુક્ત તથા નોઆગમથી તે 'જ્ઞ' શરીર, 'ભવ્ય' શરીર અને 'જ્ઞ-ભવ્ય' વ્યતિરિક્ત એમ ત્રણ પ્રકારે હોય છે. મિથ્યાદૃષ્ટિનો ઉપયોગયુક્ત વ્યાપાર અને સમ્યગ્દૃષ્ટિનો અનુપયોગવાળો વ્યાપાર દ્રવ્યથી ગણાય છે. એકમાં અનુપયોગરૂપી દ્રવ્યત્વ છે તથા બીજામાં અન્યોપયોગ, અશુદ્ધોપયોગ યા વિરુદ્ધોપયોગ છે, તેથી તેમાં દ્રવ્યતા છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનયુક્ત છે તો પણ અરિહંતના ધ્યાનકાળે અનુપયુક્ત હોય, તો તે દ્રવ્ય-નમસ્કાર છે. મિથ્યાદૃષ્ટિ ઉપયોગયુક્ત હોય તો પણ તે ઉપયોગ અશુદ્ધ - મિથ્યાજ્ઞાનયુક્ત હોઈ દ્રવ્યસ્વરૂપ છે. સમ્યગ્દૃષ્ટિનો અરિહંતાકાર શુદ્ધ ઉપયોગ હોવાથી તે સમાપત્તિરૂપ બને છે, કિન્તુ મિથ્યાદૃષ્ટિનો અશુદ્ધ હોવાથી તે સમાપત્તિરૂપ ન બને. સમાપત્તિ એક જ્ઞાનરૂપ છે અને બાકી ધ્યાનરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિની બંને પ્રકારની સમાપત્તિ શુદ્ધ હોય છે.
મિથ્યાદૃષ્ટિની બંને પ્રકારની સમાપત્તિ અશુદ્ધ હોય છે.

<u>અશુદ્ધ સમાપત્તિ મુક્તિકારક હોતી નથી.</u>

અશુદ્ધ સમાપત્તિ = અજ્ઞાન તથા અશ્રદ્ધાના દોષવાળી.
'દ્રવ્ય' શબ્દ અનુપયોગવાચક તથા કારણતાવાચી છે.

અનુપયોગ, અશુદ્ધોપયોગ, વિપરીત ઉપયોગ,
વિરૂદ્ધોપયોગ, અન્યોપયોગ - એ બધા દ્રવ્યવાચક બને છે.
સમાપત્તિ એ ધ્યાતા, ધ્યેય, ધ્યાનની એકતાસ્વરૂપ હો યા
જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની એકતા બતાવનારી હો, પણ
જો તે ઉપયોગ શૂન્યપણે યા અન્યોપયોગપણે હોય તો
તે ભાવસમાપત્તિ બનતી નથી પણ દ્રવ્યસમાપત્તિ બને.

સમ્યગ્દૃષ્ટિની ઉપયોગયુક્તપણે હોય ત્યારે
ભાવસમાપત્તિ બને છે. તે આગમથી ભાવનિક્ષેપે હોય.

આગમથી દ્રવ્યનિક્ષેપે સમાપત્તિ મિથ્યાદૃષ્ટિને જ
ઉપયોગશૂન્ય સમ્યગ્દૃષ્ટિને હોય છે.

નોઆગમથી દ્રવ્યનિક્ષેપ કારણતાવાચક છે, તેથી
'જ્ઞ' શરીર અને 'ભવ્ય' શરીરને ઉપાદાન કારણતાવાચી છે
અને 'જ્ઞ - ભવ્ય' વ્યતિરિક્ત નોઆગમથી
દ્રવ્યનિક્ષેપ નિમિત્ત કારણતાવાચી છે.

જ્ઞાતાનું મૃત કલેવર પણ ભૂતપર્યાયનું કારણ છે અને
ભવિષ્યમાં જ્ઞાતા બનનારનું વર્તમાન શરીર
ભવિષ્યપર્યાયનું ઉપાદાન કારણ છે.
શરીર એ આત્માથી કથંચિત્ અભિન્ન ગણીને
અહીં ઉપાદાન કારણ કહેલ છે.
શરીર એ આત્માથી સર્વથા ભિન્ન હોય તો
શરીરના નાશથી હિંસાનું પાપ ન લાગે પણ
શરીરના નાશથી આત્માને પીડા અનુભવસિદ્ધ છે અને
શરીરાકાર પર્યાયનો નાશ પણ પ્રગટ છે,
તેથી સંસારીઅવસ્થામાં શરીર એ આત્માથી
સર્વથા ભિન્ન નથી, કિન્તુ કથંચિત્ અભિન્ન છે, તેથી
ભૂત અને ભાવિજ્ઞાતાપણાનું કારણ હોવાથી
દ્રવ્યનિક્ષેપથી અહીં ભૂતજ્ઞાતાને 'જ્ઞ' શરીર અને
ભવિષ્યજ્ઞાતાને ભવ્યશરીર ઓળખાવવામાં આવ્યું છે.
જ્ઞાતાપણામાં ઉપાદાનકારણ એમ અભ્યંતરકારણ છે,
તેમ બાહ્યકારણને નિમિત્તકારણ તરીકે ઓળખાવાય છે.
જ્ઞાતાપણામાં જેટલા નિમિત્તકારણો છે,
તે બધા કારણો દ્રવ્યનિક્ષેપમાં નોઆગમથી
'જ્ઞ - ભવ્ય' વ્યતિરિક્ત ગણવામાં આવ્યા છે.

અરિહંતાકાર ઉપયોગમાં નિમિત્તકારણ તરીકે
નામ-સ્થાપનાની જેમ દ્રવ્યને પણ નિમિત્ત માનેલ છે.
શરીર વિગેરેના જે દ્રવ્યના સંબંધથી
અરિહંતાકાર ઉપયોગ આત્માના તળમાં આવે,
તે બધા નિમિત્તકારણો 'જ્ઞ - ભવ્ય' વ્યતિરિક્ત
નોઆગમથી દ્રવ્યનિક્ષેપમાં ગણેલાં છે,
પછી તે નિમિત્તો અનુયોગીપણે અસર કરાવનારાં હોય
અથવા પ્રતિયોગીપણે અસર કરાવનારાં હોય,
પરન્તુ તે બધાં નિમિત્તકારણો માન્યાં છે.
કાર્યમાત્રની ઉત્પત્તિ ઉપાદાન અને નિમિત્ત-
આદિ ઉત્પાદકકારણોના સંયોગથી માનેલી છે.
અરિહંતાકાર ઉપયોગ પણ એક કાર્ય છે,
તેથી તે કાર્યમાં ઉપાદાનકારણ જેમ
આત્માથી કથંચિત્ અભિન્ન એવું
ભૂત અને ભાવિપર્યાયમાં કારણભૂત વર્તમાન શરીર છે,
તેમ નિમિત્તકારણ તરીકે નામ, સ્થાપના અને
અનુયોગી - પ્રતિયોગી આત્મા તથા
શરીરથી ભિન્ન એવાં કારણો સમાવેશ પામી જાય છે.
સમ્યગ્દૃષ્ટિ જીવ તે બધાં કારણોને કારણપણે સ્વીકારે છે.

તેથી તેને દ્રવ્ય - ભાવ સમાપત્તિનો લાભ થાય છે અને સમાપત્તિ જ તીર્થંકર નામકર્મના બંધરૂપ આપત્તિનું તથા તે નામકર્મના ઉદયરૂપી સંપત્તિનું પરમ કારણ બને છે. તીર્થંકરોના ધ્યાનમાં ધ્યાતાની એકતા જે જે નિમિત્તો અને આલંબન કારણોથી થતી હોય તે બધાં નિમિત્ત અને આલંબન કારણોને સમ્યગ્દૃષ્ટિ જીવ કારણપણે સદ્દહે છે, તેથી તેનું જ્ઞાન સમ્યક્ બને છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણસહિત સમ્યગ્દૃષ્ટિની પ્રવૃત્તિ અરિહંતાકાર ઉપયોગવાળી બનતી હોવાથી સમાપત્તિ સ્વરૂપ છે. એ સમાપત્તિ અમુક કાળે જ પ્રાપ્ત થાય અને અમુક કાળે પ્રાપ્ત ન થાય, એવું સમ્યગ્દૃષ્ટિ જીવ માટે બનતું નથી, કેમકે મન - વચન - કાયા વડે થતી તેની પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ અરિહંતપરમાત્માની આજ્ઞાનું પ્રણિધાન હોય. આવા પ્રત્યેક પ્રવૃત્તિમાં આજ્ઞાકારક અરિહંત પરમાત્માનું હૃદયમાં ધ્યાન વર્તતું હોય છે.

ધ્યાતા - ધ્યેયની એકતારૂપ હોવાથી
એ ધ્યાન સમાપત્તિરૂપ બને છે અને
એ સમાપત્તિ સકલ કલ્યાણનું કારણ બને છે.

શાસ્ત્રોમાં આજ્ઞાપાલનના અધ્યવસાયને જ નિરાશંસ

અને નિઃશલ્ય ધર્મપ્રવૃત્તિ તરીકે વખાણવામાં આવ્યા છે.

આજ્ઞાપાલનનો અધ્યવસાય એક બાજુ
પોતાની ભૂમિકાને અનુરૂપ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવે
અને આજ્ઞાપાલનનો અધ્યવસાય બીજી બાજુ
આજ્ઞાકારક પરમાત્માનું હૃદયમાં ધ્યાન ધરાવે છે.
ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન અશુભાસ્રવને રોકે
અને એ નિમિત્તે હૃદયમાં થતું પરમાત્માનું અનુસંધાન
શુભ આસ્રવરૂપી સંવર - નિર્જરાનું પરમ સાધન બને છે.
અશુભાસ્રવનો ત્યાગ,
શુભાસ્રવરૂપ સંવરનું સેવન અને
અનુક્રમે પરમાત્માના ધ્યાનથી થતી દ્રવ્ય - ભાવનિર્જરા
એ સાધક માટેનો સરળ મુક્તિમાર્ગ બને છે.
એ ત્રણેના એકત્ર મિલનથી જીવ
સકલ કર્મ નિર્મોક્ષરૂપ મોક્ષને અચિરાત્ પ્રાપ્ત કરે છે.
ધર્મના ઉભય લક્ષણ શુભાસ્રવ અને સંવર - નિર્જરા
તથા સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રનો સંયોગ
આજ્ઞાપાલનના શુભ અધ્યવસાયમાં રહેલો છે, તેથી
'આજ્ઞાપાલનનો શુભ અધ્યવસાય એ જ મોક્ષનો પરમ
હેતુ છે' એવું મોક્ષમાર્ગનું એક જ લક્ષણ કરી શકાય છે.

## નિક્ષેપની ટૂંકમાં સમજ

એકેન્દ્રિય, બેઇન્દ્રિય અને પંચેન્દ્રિય નામ - ગોત્રવાળો
દ્રવ્યનિક્ષેપ વ્યતિરિક્ત દ્રવ્યમાં છે.

(૧) 'આગમ'થી ભાવનિક્ષેપ

જ્ઞાતા અને ઉપયુક્ત અરિહંતને જાણનાર તથા
અરિહંતના જ્ઞાનમાં ઉપયોગવાળો.

(૨) 'નોઆગમ'થી ભાવનિક્ષેપ

જ્ઞાન - ક્રિયાયુક્ત કોઈ પદાર્થ - સમવસરણસ્થ અરિહંત.

(3) 'આગમ'થી દ્રવ્યનિક્ષેપ

જ્ઞાતા અને અનુપયુક્ત અશુદ્ધ ઉપયોગયુક્ત
મિથ્યાદૃષ્ટિ, અભવ્ય આદિ તથા ઉપયોગશૂન્ય અને
અન્યોપયોગવાળા સમ્યગ્દૃષ્ટિ અરિહંતના જાણકાર જીવ.
અહીં 'દ્રવ્ય' શબ્દ 'અનુપયોગ'નાં અર્થમાં છે.

(૪) 'નોઆગમ'થી દ્રવ્યનિક્ષેપ

'જ્ઞ' શરીર - જ્ઞાતાનું મૃતશરીર.
'ભવ્ય' શરીર - ભવિષ્યમાં જાણનારનું શરીર.
તદ્વ્યતિરિક્ત - નિમિત્તકારણ.
અહીં 'દ્રવ્ય' શબ્દ કારણતા અર્થમાં છે.
'જ્ઞ'-'ભવ્ય' શરીર ઉપાદાનકારણના અર્થમાં છે.
તદ્વ્યતિરિક્ત નિમિત્તકારણના અર્થમાં છે.

o याद रखो कोई भी व्यक्ति सर्वांश में या
सभी के लिये या सर्वदा बुरा नहीं होता।
लिहाजा किसी को बुरा मत कहो।
अपने दोष देखना हो तो microscope से देखो।
दूसरों के दोष देखना हो तो telescope काम में लो।
आज किसी का आचरण बिगड़ गया, तो क्या हुआ?
आत्मा तो पवित्र है। सोने के कटोरे में अगर आज
शराब है, तो कल गंगाजल भी भरा जा सकता है।
अमावस्या की घोर अंधेरी रात में भी
चमकते हुए तारे तो होते ही हैं।
काले हृदय में भी एक दिन प्रकाश चमक सकता है।

o

Never hate anyone as a sinner.
who knows he may
sincerly repent at the
last moment and God may
accept his repentance & exalt him.
Give up the habit of judging others.
who are we to judge?
There is only one judge in this world.

ગુણદૃષ્ટિ એ સમ્યક્ત્વ છે અને સમદૃષ્ટિ એ મોક્ષ છે.

સર્વના હિતની ભાવના સર્વ પાપની નાશક છે.

આત્મહિતની ભાવના સર્વ મંગળમાં શ્રેષ્ઠ છે.

તિર્યક્સામાન્ય એ સર્વ જીવોમાં રહેલ

જીવત્વરૂપી સમાન ધર્મને સ્પર્શ કરે છે.

તિર્યક્સામાન્યને મુખ્ય બનાવવાથી

સર્વના હિતનો ભાવ સ્પર્શે છે અને ઊર્ધ્વતા સામાન્યને

મુખ્ય બનાવવાથી આત્માનું હિત સધાય છે.

પ્રથમ ક્રિયા વસ્ત્રને ધોવાની જેમ છે તથા

બીજી ક્રિયા તે વસ્ત્રને રંગવાની જેમ છે.

તિર્યક્સામાન્યને આગળ કરીને સર્વના હિતનું ચિંતન

તે આત્મવસ્ત્રને સ્વચ્છ બનાવે છે.

ઊર્ધ્વતાસામાન્યને મુખ્ય કરીને ઉત્પન્ન થતી

આત્મદૃષ્ટિ સ્વચ્છ એવા આત્મવસ્ત્ર ઉપર

સમતાનો રંગ ચઢાવવાની ક્રિયા છે.

સર્વ જીવના મંગળની ભાવના સર્વ પાપનો નાશ કરે છે.

આત્મહિતની અભિલાષા સર્વ મંગળમાં પહેલું મંગળ છે.

આપણા આત્મભાવને પ્રગટાવનાર એવા

પરમેષ્ઠિ નમસ્કારનો ઉપકાર નિઃસીમ છે.

'નમામિ' અને 'ખમામિ'

આ બે શબ્દો જિનશાસનનું સર્વ છે.

જેમાં રહેલું શુદ્ધત્વ નમનીય - અશુદ્ધત્વ ક્ષમનીય છે.

જીવત્વ આદરણીય છે અને

કર્મના કારણે આવેલું જડત્વ ક્ષન્તવ્ય છે.

જીવરાશિના બે વિભાગઃ ધર્મ પામેલ, ધર્મ નહીં પામેલ.

ધર્મને પામેલ જીવો સાથે 'નમામિ' શબ્દપ્રયોગ સાર્થક છે.

ધર્મ નહીં પામેલ જીવો સાથે 'ખમામિ' શબ્દ સાર્થક છે.

'ખમામિ' શબ્દમાં શું શું આવી જાય?

કરેલા અપરાધોની ક્ષમાપના અને તે જીવોના પોતાના પ્રત્યે થયેલા સર્વ અપરાધોને પણ સહન કરવાની વૃત્તિ.

જીવમાત્ર પ્રત્યે એક 'નમામિ' અને બીજો 'ખમામિ' એ બે શબ્દોનો જ વ્યવહાર રાખવો જોઈએ, એથી ત્રીજા પ્રકારની ઉપેક્ષાદિ અન્ય વૃત્તિ અનાવશ્યક છે.

શાસ્ત્રોક્ત આરાધકભાવ નમામિ અને ખમામિમાં રહેલો છે.

નમામિ સવ્વજિણાણં । ખમામિ સવ્વજીવાણં ।

નમામિ શબ્દ સુકૃતાનુમોદના અર્થમાં છે અને

ખમામિ શબ્દ દુષ્કૃતગર્હા અર્થમાં છે.

ભવ્યત્વપરિપાકના પરમ સાધનો એટલે...

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાપૂર્વક ચતુઃશરણાગમન.

ઉપકારના બદલામાં નમામિ અને અપકારના બદલામાં
ખમામિનો પ્રયોગ જીવો સાથે ઔચિત્યપાલન કરાવે છે.
ઔચિત્યગુણના પાલનપૂર્વક આત્મકલ્યાણમાર્ગ સુલભ બને.

## નમામિ - ખમામિ સાથે ૬ આવશ્યકો

નમામિ પદમાં પ્રથમ 3 આવશ્યકો સમાયાં છે.
દર્શન, જ્ઞાન, ચારિત્રગુણનો વિકાસ કરનારાં
સામાયિક, ચઉવિસત્થો અને ગુરુવંદનનું આરાધન
એ 'નમામિ' પદમાં સમાઈ જાય છે.

'ખમામિ' પદમાં પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણ
એમ પછીના 3 આવશ્યકો સમાઈ જાય છે. દોષોનું
પ્રતિક્રમણ, પ્રતિક્રમણથી શુદ્ધ ન થયેલા દોષોની
શુદ્ધિ માટે કાયોત્સર્ગ અને એ બંનેથી શુદ્ધ ન થઈ શકે
તેવા દોષોની શુદ્ધિ માટે પચ્ચક્ખાણની આવશ્યકતા છે.
આ 3 આવશ્યકોથી પણ દર્શન, જ્ઞાન, ચારિત્રગુણની
આરાધના માટેના પાંચે આચારોનું સેવન થાય છે.

'નમામિ' પદમાં ઉપકારી તત્ત્વો પ્રત્યે
કૃતજ્ઞતા અથવા gratitude છે.
'ખમામિ' પદમાં અપકારી માત્રની પ્રત્યે
ક્ષમાપના અથવા forgiveness છે.

'નમામિ' અને 'ખમામિ' જે માનવના જીવનમાં નથી,
તેના જીવનમાં શુક્લ ધ્યાનનો અભાવ છે.
જેને કૃતજ્ઞતાના સ્થાને કૃતઘ્નતા અને
પરોપકારના સ્થાને પરાપકારનું સેવન ચાલુ છે,
તે બંને આર્તધ્યાનનાં જ નહિ, કિન્તુ
રૌદ્ર ધ્યાનના પણ ઉત્પાદક છે, તેથી
આર્ત તથા રૌદ્ર એમ બંને પ્રકારના અશુક્લધ્યાનને રોકી
ધર્મ તથા શુક્લ એમ બંને પ્રકારના શુક્લધ્યાનનું સેવન
કરાવનાર છ એ પ્રકારના આવશ્યક અને પાંચે ય
પ્રકારના આચારના સંગ્રહરૂપ 'નમામિ' અને 'ખમામિ'
એ બંને ગુણો જીવનમાં ઊંડા ઊંડા આરાધ્ય છે.

°

Gratitude & Foregiveness
are the two essentials for
the total purification and
sublimation of the entire system.
The secret of all super personal
help is surrender,
surrender of the personal power
to the central power within one self.

## રાગરહિત પ્રેમ એ અહિંસાની અનુભૂતિ.

'અહિંસા' શબ્દ નકારાત્મક છે, કિન્તુ
એની અનુભૂતિ હકારાત્મક - શુદ્ધ પ્રેમની છે.
પ્રેમરાગ અશુદ્ધ છે, રાગરહિત પ્રેમ શુદ્ધ છે.
રાગયુક્ત પ્રેમ કોઈ એક તરફ - રાગમુક્ત પ્રેમ સર્વ તરફ
અથવા તે કોઈની તરફ હોતો નથી, માત્ર તે હોય છે.
પ્રેમસંબંધ રાગ છે, જ્યારે પ્રેમસ્વભાવ એ સ્થિતિ છે.
સંબંધ પરથી સ્વભાવમાં જવું તે અહિંસાની સાધના છે.
ત્યાં હિંસાનો માત્ર ત્યાગ નથી પણ અનુભૂતિની સ્ફુરણા છે.
એ અનુભૂતિ પ્રેમમય છે.

પ્રેમમાં દુઃખનું વિસર્જન છે, વિસ્મરણ નહિ.
દુઃખનું વિસર્જન આનંદની અનુભૂતિમાં છે, તેનું વિસ્મરણ
નકારાત્મક ઉપરાંત માદક દ્રવ્યની જેમ મૂર્છાસ્વરૂપ છે,
જેમાં કેન્દ્ર તરીકે આનંદ અને પરિઘ તરીકે પ્રેમ છે.
તે પ્રેમ સંબંધરૂપ નહિ પણ સ્વભાવરૂપ છે. એમાં બાહ્ય
આકર્ષણ નથી, આંતરિક પ્રવાહ છે. એને બહારની કોઈ
અપેક્ષા નથી કે બહારના કોઈ સંબંધની પણ જરૂર નથી.

દુઃખનું ભૂલવું સંસારમાં લઈ જાય છે,
દુઃખનો સાક્ષાત્કાર આત્મામાં લઈ જાય છે.

દુઃખથી ભાગવા ઇચ્છે કે ભૂલવા માંગે, તે મૂર્છાને આમંત્રે છે.
ધન, યશ કે કામની માદકતામાં દુઃખને ભૂલી જે મનુષ્ય
જીવનની સફળતા ઇચ્છે છે, તે ખરી સફળતા નહિ. ખરી રીતે
તે જીવન મેળવવામાં નહિ પણ ગુમાવવામાં સફળ થયા છે.
દુઃખનું વિસ્મરણ = મૂર્છા. અજ્ઞાનનું વિસર્જન = જાગૃતિ.
દુઃખનો સાક્ષાત્કાર જાગૃતિ લાવે છે તથા નિદ્રા તોડે છે.

જે પોતાની અંદર ધબકતા અભૂતપૂર્વ
ચૈતન્યને જાગતું જોઈ શકે, તેનું જ જીવન સફળ છે.

દુઃખના સાક્ષાત્કારમાં જ આત્માનું જાગરણ થાય છે.
દુઃખ એ સ્વ અજ્ઞાન સિવાય બીજું કાંઈ જ નહિ.
પોતાને જાણતાં જ જીવ આનંદનો અધિકારી બની જાય છે.

જે દરેકની અંદર છે તે જ સચ્ચિદાનંદ છે.

બ્રહ્મને અથવા આત્માને જાણવું તે સત્યને જાણવું છે.
સત્યને જાણવું એ જ આનંદ પામવું છે.
અહિંસા એ સત્યાનુભૂતિનું પરિણામ છે.
જેના અંતરમાં આનંદ છે, તેના આચરણમાં અહિંસા છે.
સમાધિના છોડ ઉપર જ સત્યનાં ફૂલ ઉગે છે અને
અહિંસાની સુગંધ અવકાશમાં ફેલાઈ જાય છે.
દુઃખના સાક્ષાત્કારમાં જ આત્માનું જાગરણ થાય છે.

આંતરિક પીડાનું આંતરિક જાગરણનું જ

પરિતાપની ચરમ સીમામાં વિસ્ફોટ બની જાય છે.

જે આ સીમા સુધી દુઃખને સહન કરવા ખુશ રહે છે,

તે દુઃખની પેલે પાર પહોંચી જાય છે.

જે આ સાહસ ખેડવા તૈયાર થાય છે,

તેને માટે સત્યનું દ્વાર ખુલી જાય છે.

'હું કોણ છું' તે જાણી લેવું તે જ સત્યને જાણવા બરાબર છે.

આ જાગરણ સાથે દુઃખ વિસર્જિત થઈ જાય અને

સચ્ચિદાનંદ, બ્રહ્મ, આત્માની અનુભૂતિ સાક્ષાત્કાર થાય છે.

અહિંસા એ અનુભૂતિની જ એક સ્થિતિ છે.

## <u>સમત્વ યોગ</u>

સમત્વ = વિવિધતામાં અદ્વૈત, એકતા, ઐક્યને જોવું તે.

વિશ્વ બહુરૂપ છે, તેમાં એક સમાન તત્ત્વ જોવું.

(૧) રાજયોગનું સમત્વ = જીવ - બ્રહ્મનો એકતાનો ભાવ.

સુખ - દુઃખમાં સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ રાખવી તે.

(૨) ભક્તિયોગનું સમત્વ = સર્વ જીવો ઉપર મિત્રભાવ.

શત્રુ - મિત્રમાં સર્વત્ર સમદૃષ્ટિ રાખવી તે.

(3) કર્મયોગનું સમત્વ = નિષ્કામભાવે સ્વધર્મનું આચરણ.

સિદ્ધિ - અસિદ્ધિમાં સર્વત્ર સમભાવ રાખવો તે.

ઐક્ય કે એકતાથી દ્વંદ્વ અને ત્રિપુટીનો નાશ થાય છે.

દ્વન્દ્વ એટલે સુખ - દુઃખાદિ અને હર્ષ - શોકાદિ.

ત્રિપુટી એટલે ભક્ત, ભક્તિ અને ભગવાન.

'એ ૩ ભિન્ન છે' એવા ભાવનો અભાવ એટલે

ભક્ત, ભક્તિ અને ભગવાનની એકતાનો બોધ.

જે એક તત્ત્વ અવશેષ રહે છે તે સ્થિર, અવિકારી,

અવિનાશી, ચૈતન્યરૂપ, પ્રકાશરૂપ અને આનંદરૂપ છે.

તે તત્ત્વ સત્ - ચિત્ - આનંદ અને અંતર્યામીરૂપે

સર્વમાં સમાનભાવે રહેલું છે,

જે કર્મમાં કૌશલ લાવે,

જ્ઞાનમાં સમત્વ ઉપજાવે તથા ભક્તિમાં એકતા પ્રકટાવે.

<u>કયા યોગમાં કોની એકતા અનુભવાય?</u>

જ્ઞાનયોગમાં જ્ઞાતા, જ્ઞેય તથા જ્ઞાનની,

કર્મયોગમાં ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનની અને ભક્તિયોગમાં

ભક્ત, ભક્તિ તથા ભગવાનની એકતા અનુભવાય છે.

ત્રણે યોગના મૂળમાં સમત્વયોગ જ રહેલો છે.

સમત્વ એટલે સમાનરૂપે, સમભાવે રહેવું,

સમભાવે વર્તવું, સમભાવે જીવવું અને સમભાવે મરવું.

સમભાવ, સમ્યગ્જ્ઞાન, સમબુદ્ધિ એકાર્થક છે.

જ્ઞાનયોગમાં સર્વમાં સમબુદ્ધિ,
કર્મયોગમાં સિદ્ધિ - અસિદ્ધિમાં સમભાવ, ભક્તિયોગમાં
સર્વ સાથે મિત્રભાવ, દયાભાવ, અદ્વેષભાવ.

જ્ઞાનયોગમાં જીવાત્મા - પરમાત્મા બે સ્વતંત્ર વ્યક્તિઓ નહિ પણ એક અદ્વિતીય આત્મા છે. ઉપાધિના કારણે એક જ આત્મા 'જીવ' કહેવાય. ઉપાધિ એટલે માયા, અવિદ્યા, અજ્ઞાન. માયાથી મુક્ત જીવ બ્રહ્મસ્વરૂપ બને.
આવો જ્ઞાની જ્ઞાનનિષ્ઠાથી ગુણાતીત બને છે.
બ્રહ્માર્પણ બુદ્ધિથી કરેલું કર્મ પણ બ્રહ્મ છે.
બ્રહ્મપ્રાપ્તિ એનું ફળ છે. જ્ઞાનનિષ્ઠાવાળો જ્ઞાનયોગી જીવ આત્મરત, આત્મતૃપ્ત, આત્મસંતુષ્ટ અને આત્મક્રીડ છે.
કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ ત્રણેની સિદ્ધિ એક જ પ્રકારની છે. ત્રણેના મૂળમાં સમત્વભાવ રહેલો છે.
કર્મયોગમાં નિષ્કામતા અને કર્તૃત્વ બુદ્ધિનો અભાવ છે.
માત્ર પૂજા અર્થે કર્મ તથા આરાધનનો અધ્યવસાય છે.
સ્વધર્મપાલન પણ પરમાત્મઆરાધને આરાધવા માટે છે.
ભક્તિયોગમાં અદ્વેષભાવ, મિત્રભાવ, કરુણાભાવ મુખ્ય છે.
લોકો જેનાથી ઉદ્વેગ પામે નહિ અને
લોકોથી જે ઉદ્વેગ પામે નહિ, તે ભક્તિયોગ છે.

પ્રતિકૂળ વર્તતી વિશ્વની વર્તમાન પરિસ્થિતિ જેવી છે,
તેવી જ હવા યોગ્ય છે,
કોઈ જુદી સ્થિતિની કલ્પના ય કરવી તે
વિશ્વનિયમોનો માનસિક વિરોધ કરવારૂપ છે.

સ્યાદ્વાદ દૃષ્ટિ એટલે...

મૈત્રી, મુદિતા, કરુણા અને મધ્યસ્થતાના સહજ લાવે.
જ્યારે ધર્મ અંતરમાં પરિણમે છે, ત્યારે સ્યાદ્વાદદૃષ્ટિ
સહજપણે હોય. તે અને કરુણા સાથે જ ચાલે છે.
સૂક્ષ્મ સમજણ અને સહિષ્ણુતા એ સ્યાદ્વાદદૃષ્ટિના મૂળ
છે અને મૈત્રી - મુદિતાદિ ગુણો તેનાં મધુર ફળ છે.
રેડીયોથી કાનની - ટેલિવિઝન વડે આંખની શક્તિ વધી છે,
રેલ્વે - સ્ટીમર - એરોપ્લેન વડે પગની અને
યાંત્રિક કારખાનાઓ વડે હાથની શક્તિ વધી છે.
ઇન્દ્રિયોની શક્તિનો વધારો માનસિક સુખ આપી શકશે?
આકાશમાં ઊંચે જવાથી અથવા તો
સમુદ્રમાં ઊંડે જવાથી મૃત્યુનો ભય શું ટાળી શકાશે?
ગણિતના ભારે પ્રશ્નો ઉકેલનારા કોમ્પ્યુટર જેવા યંત્રો,
શું દુઃખ વિનાનું સુખ શોધી શકશે?
નબળાઈઓ અને ઉણપો પ્રત્યે આઘાત કરીને, તિરસ્કાર

કોને નહિ પણ સમસંવેદનપૂર્વક, એમ ડૉક્ટર બીમાર પ્રત્યે સદ્ભાવ રાખે પણ બીમારીઓ પ્રત્યે નહિ, તેમ આધ્યાત્મિક બીમારમાં રહેલા ખોટી માન્યતારૂપી દર્દો દૂર કરવાનો પ્રયત્ન દરેક સજ્જનોએ કરવો રહ્યો તથા એનું જ નામ મૈત્રી, મુદિતાદિ મનોવિજ્ઞાનિક અભિગમ છે.

## ૪ ભાવનાનું સ્વરૂપ

સામી વ્યક્તિના વિચારો = મારા મંતવ્યો = મૈત્રીભાવના,
તેમાં જે આચાર - વિચારનું ચઢીયાતાપણું હોય ત્યાં મુદિતા,
જ્યાં બે માનવ વચ્ચે ગેરસમજ છે ત્યાં કરુણા અને
જ્યાં વિચારની વિકૃતિ છે, ત્યાં માધ્યસ્થ્યભાવના રાખવી.

તે તે પરિસ્થિતિમાં આપણા જાતને મૂકવાથી
મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય ભાવો જાગે છે.
એ વિના પરિવર્તનની શક્યતા નથી.

પાત્ર વ્યક્તિમાં ફેરફાર લાવવા આ એક જ શક્ય માર્ગ છે. ઉપચાર કરતાં વધુ જાણનારની જવાબદારી વિશેષ છે. દરદી કરતાં ડૉક્ટરની જવાબદારી વધારે છે. ડૉક્ટર પૂરતી કાળજી દ્વારા દરદીમાં શ્રદ્ધા જગાડે છે અને દરદીની શ્રદ્ધા જ તેને responsive બનાવે છે, જ્યારે ટીકા અથવા તિરસ્કાર તેને repulsive બનાવે છે.

बोधयन्ति न याचन्ते भिक्षाद्वारा गृहे गृहे ।
दीयतां दीयतां नित्यं अदातुः फलमीदृशम् ॥

સમજૂતિ: યાચકો ભિક્ષા માંગતા નથી, પણ દરેક ઘરે ભિક્ષા દ્વારા બોધ પમાડે છે, કે હંમેશા દાન કરો. નહિં આપનારનું ફળ (ભીખ માંગવાપણું) છે.

સન્માર્ગે વાંચનનો મહિમા

તમે જેટલો વખત વાંચો તેથી બમણો વખત વિચારો.
વાંચવાનું નવા વિચારો મેળવવા માટે નહિ,
પણ વિચારશક્તિને પ્રબળ કરવા માટે છે.

વાંચનથી સમજાય છે કે જે થાય, તે કર્મના નિયમને અનુસરીને થાય છે અને તે સારા માટે જ થાય છે. પ્રત્યેક બનાવ નવો બોધપાઠ આપવા માટે આવે છે. તેમાંથી બોધપાઠ ગ્રહણ કરનારનો વિકાસ જ થાય છે. અશુભ લાગતો બનાવ પણ અશુભ માટે નહિ, કિન્તુ બોધપાઠ લેનારના વિકાસ માટે જ થાય છે. સ્વેચ્છાએ વિચારમાંથી વિરામ પામવું, તે પણ આત્મશક્તિ વધારે છે. વિચારથી વિરામ પામવાનો શ્રેષ્ઠ ઉપાય change of thoughts છે. જેમ રબારી બળદને લાકડીથી હાંકે, તેમ યોગી પોતાના મનને ધ્યેય તરફ વાળવાની કોશિશ કરે છે,

પરંતુ અજ્ઞાનવશે સાધક જગતને ધારણ કરવાને પ્રેરાય છે.
બધા મનુષ્યો સદા શોકરહિત સુખની ઇચ્છા રાખે છે,
જેનો નાશ ન થાય એવું સુખ મેળવવાની આકાંક્ષા છે.
સૌ મનુષ્યો પોતાની જ જાતને સૌથી વધારે ચાહે છે,
કેમકે સુખ આત્માનો સાચો સ્વભાવ છે.
સુખ માટેની મનુષ્યની શોધ આત્માની અજ્ઞાત શોધ જ છે.
સુખ અને આત્માનું સાચું સ્વરૂપ બન્ને એક જ છે.
આત્મા અવિનાશી છે, એની પ્રાપ્તિથી જ
જેનો નાશ ન થાય એવા સુખની પ્રાપ્તિ થઈ શકે છે.
પોતાના સાચા સ્વરૂપથી અજાણ હોવાથી જ
સર્વ મનુષ્યો સુખ માટે બહાર ભટકે છે.

ધર્મસાહિત્યનું તાત્પર્ય

'આત્માનું પરમાત્મસ્વરૂપમાં મળી જવું' એનો અર્થ છે કે:
આત્માએ પોતાના કર્માવૃત પરમાત્મભાવને
પ્રગટ કરીને પરમાત્મરૂપ થઈ જવું.
'જીવ પરમાત્માનો અંશ છે' એનો અર્થ એ છે કે
જીવમાં જેટલી જ્ઞાનકળા પ્રગટ છે, તે
પરિપૂર્ણ પણ અપ્રગટ ચૈતન્યચંદ્રિકાનો અંશમાત્ર છે.
કર્મનું આવરણ ટળી જવાથી ચૈતન્ય પરિપૂર્ણરૂપમાં પ્રગટે છે,

તેને ઈશ્વરત્વની અથવા ઈશ્વરભાવની પ્રાપ્તિ સમજવી.
શરીર - આત્માનો અભેદ ભ્રમ દૂર કરાવી ભેદજ્ઞાન જે
વિવેકખ્યાતિને પ્રકટ કરાવવી તે ધર્મશાસ્ત્રનો હેતુ છે.
વિવેકખ્યાતિથી અંતર્દૃષ્ટિ ખૂલે છે.
અંતર્દૃષ્ટિ દ્વારા પોતામાં વર્તમાન પરમાત્મભાવ દેખાય છે.
'જીવનું શિવ થવું' અથવા
'આત્માનો બ્રહ્મભાવ પ્રાપ્ત કરવો' એટલે...
પરમાત્મભાવને દેખી તેને પુરુષાર્થે અનુભવમાં લાવવો.
અભેદ ભ્રમથી છોડાવીને પ્રથમ ભેદજ્ઞાન કરાવવું અને
પછી સ્વાભાવિક અભેદધ્યાનની ઉચ્ચ ભૂમિકાની ઉપર
આત્માને લઈ જવો, તે ધર્મસાહિત્યનું કાર્યક્ષેત્ર છે.
ભાવકર્મ રાગદ્વેષાત્મક પરિણામરૂપ છે, જ્યારે
દ્રવ્યકર્મ કાર્મણ જાતિના પુદ્ગલવિશેષ છે,
જે ભાવકર્મના નિમિત્તે આત્માની સાથે ચોંટે છે.

<u>ષડ્દર્શનમાં 'કર્મ' શબ્દના પર્યાય શબ્દો</u>

માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, અદૃષ્ટ,
ધર્માધર્મ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે કર્મના પર્યાય છે.
વેદાંતમાન્ય માયા, અવિદ્યા, પ્રકૃતિ - એ ૩ ભાવકર્મ છે.
'અપૂર્વ' શબ્દ એ મીમાંસાદર્શનનો છે.

'વાસના' શબ્દ બૌદ્ધદર્શન અને યોગદર્શનમાં વપરાય છે.
'આશય' શબ્દ યોગદર્શન તથા સાંખ્યદર્શનનો છે.
ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર ન્યાય-વૈશેષિકદર્શનના શબ્દો છે.
દૈવ, પુણ્ય-પાપ, ભાગ્ય વગેરે સર્વસાધારણ શબ્દો છે.
બધા આત્મવાદી દર્શનકારો કર્મ દ્વારા જ
જન્માંતર અને પુનર્જન્મની સિદ્ધિ કરે છે.

'કર્મ' એટલે...

જીવ દ્વારા મિથ્યાત્વ-કષાયાદિ હેતુઓ વડે જે કરાય તે.
ભાવકર્મ જીવની વૈભાવિક ક્રિયા છે, તેથી તેના ઉપાદાન કર્તા તરીકે તથા દ્રવ્યકર્મ એ કાર્મણજાતિના અતિસૂક્ષ્મ પુદ્ગલો છે, તેથી તેના નિમિત્ત કર્તા તરીકે સૌનો જીવ છે.
ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને
દ્રવ્યકર્મમાં ભાવકર્મ નિમિત્ત છે.
એ રીતે બંનેને પરસ્પર કાર્ય-કારણભાવનો સંબંધ છે.
પુણ્ય-પાપની સાચી કસોટી કેવળ શુભાશુભ ક્રિયા નહિ, પણ ક્રિયા પાછળ કર્તાના શુભાશુભ આશય પર અવલંબે છે. સારા આશયથી જે કાર્ય થાય, તે પુણ્યનું નિમિત્ત તથા ખરાબ આશયથી જે કાર્ય થાય, તે પાપનું નિમિત્ત છે.
પુણ્ય-પાપની આ કસોટી સર્વમાન્ય છે.
યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી।

ચારે કષાયો એ કર્મ ઉદયનો ભેદ છે.

સાચી નિર્લેપતા કષાયમુક્તતા છે, ક્રિયામુક્તતા નહિ.

વીતરાગતા એ જ સાચી નિર્લેપતા છે.

છદ્મસ્થની પ્રવૃત્તિ રાગમૂલક યા દ્વેષમૂલક હોય છે.

મિથ્યાજ્ઞાન, દેહે અભેદબુદ્ધિ, અવિદ્યા યા મિથ્યાત્વ-

એ સર્વ રાગ-દ્વેષની જ ન્યૂનાધિકતા સૂચવે છે.

મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષને પરસ્પર સંબંધ છે.

જેમ કર્મો બંધાય છે = જેમ રાગ - દ્વેષો બંધાય છે.

કર્મો છુટવાનો ઉપાય જ્ઞાન - ક્રિયાનો સમુચ્ચય છે.

દર્શન એ જ્ઞાનમાં સમાઈ જાય છે અને

ચારિત્ર એ ક્રિયામાં સમાવેશ પામે છે.

મનોનિગ્રહ, ઇંદ્રિયજય આદિ સાત્ત્વિક કર્મો-કર્મમાર્ગો છે.

ચિત્તશુદ્ધિ, સમભાવ આદિ યોગમાર્ગ છે.

આમ કર્મમાર્ગ અને યોગમાર્ગનું સંમિશ્રણ તે ચારિત્ર છે.

સમ્યગ્દર્શન એ ભક્તિમાર્ગ છે તેમ શ્રદ્ધારૂપ છે.

સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનમાર્ગ છે.

એ રીતે રત્નત્રયમાં બધા માર્ગો સમાઈ જાય છે.

રત્નત્રયનું સેવન રાગ - દ્વેષો પ્રતિપક્ષભૂત છે, તેમ

રત્નત્રયના પ્રકર્ષમાં રાગ - દ્વેષનો નિર્મૂળ ક્ષય રહેલો છે.

## ૯૮ અનુપમ વિચારરત્નો

(1) આ નિશ્ચયનું નામ સ્વસંવેદન પ્રમાણ છે: સર્વો હ્યાત્માSસ્તિત્વં પ્રત્યેતિ, ન નાહમસ્મીતિ। (પરિશિષ્ટ-૨૨)

(2) ભૌતિક સાધનથી આધ્યાત્મિક વસ્તુનો નિષેધ થઈ શકે નહિ. આત્માનો નિષેધ કરનાર છે, તે જ આત્મા છે.

य एव हि निराकर्ता तदेव तस्य स्वरूपम्।

(3) જડતત્ત્વ પ્રત્યક્ષ છે, તેથી તેનો વિરોધી કોઈ જ જોઈએ, જે ચૈતન્યતત્ત્વ છે. ચૈતન્ય અને જડત્વની વિરોધી શક્તિઓ એક જ તત્ત્વમાં રહી શકે નહિ.

(4) પુરાતન શાસ્ત્રો અને વર્તમાન અનુભવી પુરુષો આત્મતત્ત્વનો અનુભવ કરીને તેનું અસ્તિત્વ જણાવે છે.

(5) ચૈતન્યતત્ત્વના સ્વતંત્ર અસ્તિત્વ વિના જીવધારીઓના દેહની વિલક્ષણ રચના કોઈપણ રીતે બની શકે નહિ.

(6) અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ બંને આત્મમંદિરમાં વર્તમાન પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરવામાં સહાયક છે.

(7) વિશ્વની વ્યવસ્થામાં ઇચ્છાનું સ્થાન ઘણું ઊંચું છે.

પુનર્જન્મનો સ્વીકાર એ સૌના આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માનવા માટે પ્રબળ પ્રમાણ છે.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः। (પરિશિષ્ટ-૨૩)

(8) ઈશ્વર જ્યારે પ્રકૃતિ ક્ષણેક્ષણમાં રહેલા છે, તો
એમને પોતાની જાત પૂરતા સીમિત કેવી રીતે કરી શકાય?
એ જ તો સમસ્ત સૃષ્ટિને ટકાવી રહ્યા છે.

(9) સત્યનું અસ્તિત્વ છે, એનું દર્શન થઈ શકે છે.
નમ્રતા ધારણ કરી તો શોધો છો તે તમને જરૂર મળશે.
પોતાના સ્વરૂપનો ઊંડો વિચાર કરવાથી અને તેનું
સતત ધ્યાન ધરવાથી પ્રકાશની પ્રાપ્તિ કરી શકાય છે.

(10) જીવનની કઠોર વાસ્તવિકતાની વચ્ચે
એની અંદર કોઈ દયાળુ શક્તિ છુપાયેલી પડી છે.

(11) પોતાના અંતરના ઊંડાણમાં ડૂબકી મારનાર માનવ
સર્વોત્તમ શક્તિનો સ્વામી બની જાય છે.

(12) ધ્યાન કરતી વખતે પેદા થયેલા પ્રવાહને
ટેવ તથા અભ્યાસ દ્વારા કાયમ માટે રાખી શકાય છે.
પછી અખંડ જાગૃતિના એ પ્રવાહની અસર નીચે મનુષ્ય
પોતાનાં કામ તે જ પ્રવૃત્તિથી કરી શકે, એમાં ભંગ પડતો
નથી, ધ્યાન તથા વ્યવહારની પ્રવૃત્તિનો ભેદ મટી જાય છે.

(13) વિચાર કરવામાત્રથી નહિ, પરંતુ
વીજળીના જેવા પ્રકાશના અનુભવથી
શાંત અને સૂક્ષ્મ પુરસ્કારની પ્રાપ્તિ થતી રહે છે.

(14) મસ્તક એ જ્ઞાનનું ઉત્પાદન નહિ પણ જ્ઞાનના આવિર્ભાવનું એક સાધનમાત્ર છે.

(15) પરમાત્મા પોતાનામાં જ છે, તેને આંખો ઉલટાવીને જોઈ લેવા. ચક્ષુઓને જે રીતે સુલટા રાખીને જગતના સહુ પદાર્થો જોઈએ છીએ, તે ચક્ષુને તે કામમાંથી રોકી, બાહ્યદૃષ્ટિ બંધ કરી, આંતરદૃષ્ટિથી જોશો તો પોતાને, પોતાથી, પોતામાં જ પરમાત્મા જણાશે.

(16) ઈશ્વરનું પ્રત્યેક નામ દિવ્ય સદા અમૃતરસે ભરેલું અને અનંત દૈવી શક્તિથી પરિપૂર્ણ છે.

(17) પ્રભુને પ્રીતિપૂર્વક તથા નિત્ય ભજનાર ભક્તને તેઓ બુદ્ધિ અને યોગબળ આપે છે, જેના વડે ભક્ત પ્રભુને પ્રાપ્ત કરે છે. આવા ભક્તને નિત્ય, નિરતિશય, સંપૂર્ણ સુખ મળે છે, જે સુખથી અધિક સુખ જાણે નહિ. આ સુખમાં સ્થિતિ મળવાથી મોટા દુઃખથી પણ ચલિત થવાતું નહિ. આવી શ્રેષ્ઠ ગતિ એ ભગવાનની ભક્તિનું ફળ છે.

o

(18) God is good and good is god. godliness and goodness go hand in hand. goodness without godliness is a fiction & godliness without goodness is fraud.

## શ્રી નવકાર મંત્રનો છંદ

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જય જયકાર ...(૧)
અડસઠ અક્ષર અધિક ફળ, નવપદ નવે નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ઠિ પ્રધાન...(૨)
એક જ અક્ષર એક ચિત્ત, સમર્યાં સંપત્તિ થાય;
સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય ...(૩)
સકલ મંત્ર શિર મુકુટ મણિ, સદ્ગુરુ ભાષિત સાર;
સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય જપીએ નવકાર ...(૪)

## આનંદમાં રહેવું રે...

અનુભવીને એટલું આનંદમાં રહેવું રે,
ભજવા શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઈ ના બોલવું રે. -(૧)
વેદ જોયા કિતાબ જોઈ, સરવ જોઈને જોયું રે,
પણ પ્રભુના નામ વિના, સરવે ખોયું ખોયું રે. -(૨)
અવર કોઈના આત્માને, દુઃખ ન દેવું રે,
સુખ-દુઃખ જ્યારે આવી પડે, ત્યારે સહીને રહેવું રે. -(૩)
જાપ અજપાજાપ જપે, ઝીણા ભેદમાં તેવું રે,
મૂળદાસ કહે મટિ-મદ મૂકી, મહાપદમાં રહેવું રે. -(૪)
અનુભવીને એટલું આનંદમાં રહેવું રે.

## નિજરૂપ કી મહિમા કહું ભરપૂર...

સુખમય આતમ પિંડ હૈ સુખ મેં રહે સદૈવ;
નિર્મલતા નિજરૂપ કી નિરખે જિહાંજિહાં જીવ.
નિર્મલ જૈસે આકાશ કું લગે ન ત્રિહુંવિધ રંગ;
છેદ-ભેદ દુઃખ નહિં સદા રહે તે અભંગ.
તૈસે આતમદ્રવ્ય મેં ઇનકો કછુ ન નાશ;
આતમ જ્ઞાનાનંદમય જડભાવ આકાશ.
દર્પણ નિર્મલ કે વિષે સબ વસ્તુ પ્રતિભાસ;
તિમ નિર્મલ આતમ વિષે સબ વસ્તુ પરકાસ.
આતમજ્ઞાન કી મગનતા એહિ જ સાધન મૂલ;
અચલ ભાવ નિજરૂપ મેં કરૂં રમણ અનુકૂલ.
નિર્મલતા નિજરૂપ કી મહિમા કહી ન જાય;
તીન ભુવન કા ભાવ સબ ઝલકે જિસ મેં આય.
ઐસા મેરા સહજ રૂપ જિનવાણી અનુસાર;
આતમજ્ઞાને પાય કે અનુભવ મેં એકતાર.
આતમ અનુભવજ્ઞાન જો તેહી જ મોક્ષસ્વરૂપ;
તે છંડી પુદ્ગલ દશા કુણ ગ્રહે ભવકૂપ?
આતમ અનુભવજ્ઞાન તેં દુવિધા ગઈ સબ દૂર;
તબ ફિર થઈ નિજરૂપ કી મહિમા કહું ભરપૂર.

ॐ नमः

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૭)**
પ્રાજ્ઞ પુરુષના વાણી અને મન, જ્ઞાન આત્મામાં વિલીન થાય, જ્ઞાન - આત્મા મહાત્મામાં વિલીન કરે અને મહાત્મા શાન્તાત્મામાં વિલીન કરે છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૮)**
નાદની અંદર જ્યોતિ રહેલી છે, જ્યોતિની અંદર મન રહેલું છે. તે મન જ્યાં વિલય પામે, તે પરમાત્માનું શ્રેષ્ઠ સ્થાન છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૧)**
સારી રીતે નામગ્રહણ કરાયેલા તે જિનેન્દ્રો જય પામો (સાંન્નિધ્ય કરનાર થાઓ). સંપાદન કરી છે શુભલક્ષ્મી જેણે, એવું શાંતિનાથ પ્રભુનું નામગ્રહણ જયવંતુ વર્તે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૨)**
આ વિશ્વ ચારેબાજુ રાગ-દ્વેષાદિ દોષો વડે અત્યંત ભરેલું છે, તે દોષો જેના અત્યંત ક્ષીણ કે ક્ષય થઈ ગયા છે, તે વીતરાગ દેવ છે. - ૫૫૪

મન-વચન-કાયાથી શાંત તથા સર્વ જીવો ઉપર ઉપકાર કરનારા શ્રી વીતરાગ પરમાત્મા પ્રત્યે સજ્જનોના હૃદયમાં સંશય ક્યાંથી હોય? - ૫૫૫

રાગમાં દુઃખગર્ભિત સુખ છે અને નિરાગપણામાં નિરંતર સુખ છે. તે નિરાગીપણું વીતરાગ પરમાત્માની કૃપાથી મેળવાય છે. - ૫૫૬

- ભાવદેવસૂરીકૃત પાર્શ્વનાથચરિત્ર સર્ગ-૧

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૧)**
ગંગાનદીના તીરે, હિમગિરિની શિલા ઉપર, પદ્માસને બેઠેલ, વિધિપૂર્વક બ્રહ્મધ્યાનના અભ્યાસ કરતા યોગનિદ્રાને પામેલા યોગી વિચારે છે કે અહો! મારા એવા દિવસો ક્યારે આવશે જ્યારે હરણો (મારા સ્પર્શથી) પોતાના શીંગડાને ખણવાનો આનંદ નિઃશંકપણે મેળવશે? (૧)

ॐ नमः

### પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૪)

અ થી હ ઉપર રેફ અને રેફની વચ્ચે બિંદુ એવા આ 'અર્હં' પરમતત્ત્વને જે જાણે છે, તે સકલ તત્ત્વને જાણનાર છે. યોગી જ્યારે આ મહાતત્ત્વનું સ્થિર ધ્યાન કરે છે, ત્યારે જ આનંદરૂપી સંપત્તિની ભૂમિસ્વરૂપ મુક્તિરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

### પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૦)

આલંબનના આદરથી આવેલા વિઘ્નનો ક્ષય થતો હોવાથી ધ્યાનારૂઢ યોગીઓનો ધ્યાનભ્રંશ થતો નથી.

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૮૨)

જે મનુષ્યો અવિદ્યાની ઉપાસના કરે, તે ગાઢ અંધકારમાં પ્રવેશે છે. તેથી અવિદ્યામાં રક્ત એવો જીવ ફરીથી અંધકારરૂપ થાય છે.

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૦૨)

હે અર્જુન! સત્વ-રજસ્-તમસ્ આ ત્રણે ગુણોના વિષયને જાણવા વડે તું ત્રણે ગુણરહિત, દ્વન્દ્વ વગરનો, હંમેશા આત્મસ્થિત, યોગક્ષેમની જરૂર ન પડે એવા સ્વરૂપવાળો થા.

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૦૩)

હંમેશા સત્ય, તપ, સમ્યગ્જ્ઞાન અને બ્રહ્મચર્ય વડે આ આત્મા મેળવાય છે અને શરીરની અંદર જે ઉજ્જવળ જ્યોતિર્મય અનુભવાય છે, તેને દોષો ક્ષીણ થઈ ગયેલા યતિઓ જોઈ શકે છે. - મુણ્ડકોપનિષત્

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૦૬)

અવિદ્યા વડે મૃત્યુને તરીને વિદ્યા વડે અમૃતને પામે છે. વિનાશ વડે મૃત્યુને તરીને સંભૂતિ વડે અમૃતને પામે છે.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૦૬)

જે અનલ્પ છે - તે અમૃત (દિવ્ય) છે, જે અલ્પ છે - તે મર્ત્ય (માનવીય) છે.

ૐ નમઃ

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૪૩)**
વસ્તુનું તે સ્વરૂપે હોવું કે થવું એને 'પરિણામ' કહેવાય. તે બે પ્રકારે છેઃ અનાદિનો તથા આદિમાન કે નવો બનતો (પ્રારંભવાળો). રૂપી દ્રવ્યોમાં આદિમાન પરિણામ હોય છે. જીવમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ યોગ અને જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ આદિમાન હોય છે (કારણકે તે બદલાતા રહે છે). - તત્ત્વાર્થ અ.પૃ. ૪૧ થી ૪૪

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૪૯)**
વિવિધ પ્રકારનું જ્ઞાન (અસ્તવ્યસ્ત જ્ઞાન) તે અવિદ્યા છે પરંતુ જે કાર્ય શ્રદ્ધા અને રહસ્ય સમજીને કરાય, તે વધારે વીર્યવાળું કે પ્રભાવશાળી થાય છે. દુરાચરણથી અટકેલો નહીં, સમાધિ વગરનો અને અશાન્ત મનવાળો આત્મા જ્ઞાન વડે આને (પરમાત્માને) મેળવી શકતો નથી.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૫૯)**
બીજાની નિંદા વડે આત્માનો ઉત્કર્ષ ન શોધવો જોઈએ પણ લોકથી અલગ એવો વિપ્રકર્ષ પોતાના ગુણો વડે જ શોધવો.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૬૦)**
તીર્થંકરોનું હૃદય તીર્થ છે, પાવન લોકોનું હૃદય પવિત્ર છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૬૦)**
બધા શૌચમાં ધનનો શૌચ શ્રેષ્ઠ મનાયો છે. જેનું ધન પવિત્ર છે, તે જ ખરેખર પવિત્ર છે (પણ) માટી અને પાણીથી શુદ્ધિ કરવી તે પવિત્રતા નથી.

- મનુસ્મૃતિ ૫, ૧૦૬

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૭)**
આત્મપ્રત્યય, ગુરૂપ્રત્યય અને શાસ્ત્રપ્રત્યય - એમ ૩ પ્રકારે પ્રત્યય છે.

તેમાં પ્રથમ આત્મપ્રત્યય શ્રી જિનેશ્વરને સ્વપ્રત્યક્ષપણાથી હોય છે અને ગણધરાદિ શિષ્યોને એ ત્રણે પ્રકારના પ્રત્યયો હોય છે. - ૨૨૪૧

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૭૧)**
દુષ્ટાત્માઓના મન-વચન-આચરણ અલગ-અલગ હોય છે, જ્યારે મહાત્માઓના મન-વચન-કાર્યમાં એકતા હોય છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૭૧)**
જેની કૃપાથી મુંગો બોલતો થાય છે, પાંગળો પર્વત ઓળંગી શકે છે, તે પરમ આનંદસ્વરૂપ માધવને હું વંદન કરૂં છું.

જે ફોગટનું ઘણું બોલબોલ કરે, તે 'વાચાળ' કહેવાય.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૭૪)**
બધા તપમાં ઉત્તમ બ્રહ્મચર્ય છે.
શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પચ્ચક્ખાણ, સંયમ, આજ્ઞા, તપ અને અનશનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત કરવા યોગ્ય પ્રાપ્ત કર્યું, ક્ષય કરવા યોગ્ય કલેશો ક્ષય કર્યા, એક પછી એક ભવોથી સંકળાયેલો સંસાર છેદાયો.


**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૨૦૯)**
સર્વે જીવ આત્માના અસ્તિત્વને અનુભવે જ છે, 'હું નથી' એવો અનુભવ કોઈ કરતા નથી.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૨૦૯)**
અસત્ પદાર્થ હોતો નથી અને સત્ પદાર્થનો અભાવ હોતો નથી.




ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૭ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# પંચપરમેષ્ઠિ સાધના




સત્સંગત્વે નિઃસંગત્વમ્ નિઃસંગત્વે નિર્મોહિત્વમ્ ।
નિર્મોહિત્વે નિશ્ચલચિત્તમ્ નિશ્ચલચિત્તે જીવન્મુક્તઃ ॥

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in